(vii) ઉધારકર્તા(ઓ) આ દ્વારા સ્વીકારે છે કે તેઓ/તેણી/તે/તેઓ એ વાતથી વાકેફ છે કે વીમાની પ્રાપ્તિ માટે અરજી સબમિટ કર્યા પછી પરંતુ વીમા પૉલિસી ઇશ્યૂ થાય તે પહેલાં જો તેમની ઉંમરમાં ફેરફાર થાય, તો વીમાદાતા નવી ઉંમર મુજબ લાગુ પડતું પ્રીમિયમ લાગુ કરશે અથવા તે મુજબ વીમાની શરતોમાં જરૂરી ફેરફાર કરશે.

## 5. પૂર્વવર્તી શરતો

લોનની રકમ ધિરાણકર્તા દ્વારા ઉધારકર્તા(ઓ) આવી પૂર્વવર્તી શરતોની પરિપૂર્ણતા પર વિતરિત કરવામાં આવશે. ઉધારકર્તા(ઓ)/ગેરેન્ટર આ એગ્રીમેન્ટની તારીખ પહેલાં અથવા ધિરાણકર્તા દ્વારા લંબાવવામાં આવી શકે તેવી તારીખની અંદર નીચે જણાવેલ પૂર્વવર્તી શરતોનું પાલન કરશે. જો આવી તારીખ સુધીમાં પૂર્વવર્તી શરતો પૂરી કરવામાં નિષ્ફળતાના પરિણામે ધિરાણકર્તા લોનનું વિતરણ કરવાનો ઇનકાર કરી શકે છે અને જો કોઈ કારણોસર અથવા અપવાદરૂપ સંજોગોમાં, જે પહેલાથી જ વિતરિત કરવામાં આવ્યા છે, તે ધિરાણકર્તા દ્વારા રિકૉલ કરવામાં (પાછી માંગવામાં) આવશે. ઉધારકર્તા/ગેરેન્ટર દ્વારા પૂર્ણ કરવા માટે જરૂરી પૂર્વવર્તી શરતો નીચે મુજબ છે:

(a) આ એગ્રીમેન્ટમાં સમાવિષ્ટ ઉધારકર્તા/ગેરેન્ટર દ્વારા આપવામાં આવેલી રજૂઆતો અને વૉરંટી સાચી રહેશે (i) આ એગ્રીમેન્ટની તારીખે અને (ii) લોન હેઠળ ઇચ્છિત વિતરણની તારીખે (માનો કે તે જ તારીખે કરવામાં આવી હોય).

(b) જો ધિરાણકર્તા દ્વારા આવું જરૂરી હોય, તો ઉધારકર્તા/ગેરેન્ટરોએ લોનની રકમ માટે બેંક ગેરેન્ટી/ઓની વ્યવસ્થા કરી હશે અને/અથવા ધિરાણકર્તાની તરફેણમાં ડિમાન્ડ પ્રોમિસરી નોટનો અમલ કર્યો હશે.

(c) ધિરાણકર્તા દ્વારા જરૂરી પુનઃચુકવણી ચેક્સ/ECS/E-NACH મેન્ડેટનો અમલ કર્યો હશે અને ધિરાણકર્તાને ડિલિવર કરવામાં આવશે.

(d) ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટરે નીચે ક્લોઝ 8 ના સંદર્ભમાં સિક્યોરિટી પ્રદાન કરવા માટે સંમતિ દર્શાવી હશે અને ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટરે ધિરાણકર્તાના સંતોષ માટે આવી સિક્યોરિટીનું નિર્માણ કર્યું હશે. ઉધારકર્તા/ગેરેન્ટર પાસે સિક્યોરિટી પર સ્પષ્ટ અને વેચાણયોગ્ય ટાઇટલ (માલિકી હક) હશે, જે ટાઇટલમાં કોઈપણ બોજો, પૂર્વાધિકાર (લિયન) અને ખામીઓથી મુક્ત હશે. પરંતુ જ્યાં ઉધારકર્તા/ગેરેન્ટરને



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

સિક્યોરિટીના નિર્માણ માટે કોઈપણ સંમતિની જરૂર હોય, ત્યાં ઉધારકર્તા/ગેરન્ટરે લોન મેળવતા પહેલા આવી બધી સંમતિઓ પણ મેળવી હશે.

(e) કોઈપણ ડિફૉલ્ટની ઘટના ઘટિત થઇ નથી.

(f) કોઈ અસાધારણ અથવા અન્ય સંજોગો બન્યા હશે નહીં જે ઉધારકર્તા(ઓ) માટે આ એગ્રીમેન્ટ હેઠળ તેમની/તેણીની/તેની/તેમની જવાબદારીઓ પૂર્ણ કરવાનું અશક્ય બનાવે.

(g) ઉધારકર્તા/ગેરેન્ટર અને/અથવા ધિરાણકર્તા દ્વારા જરૂરી હોય તેવી વ્યક્તિએ ધિરાણકર્તા દ્વારા જરૂરી હોય તેવા અન્ય દસ્તાવેજો અથવા લખાણો અમલમાં મૂક્યા હશે અને ધિરાણકર્તા દ્વારા જરૂરી હોય તેવી અન્ય કાર્યવાહીઓનું પાલન કર્યું હશે અને આવું અન્ય દસ્તાવેજીકરણ અમલમાં મૂકયું હશે.

(h) જો ઉધારકર્તા કોઈ વ્યક્તિ ન હોય અને બેંકો અને નાણાંકીય સંસ્થાઓ પાસેથી લેવામાં આવેલ કુલ ધિરાણ ₹ 5,00,00,000 (₹ પાંચ કરોડ માત્ર) થી વધી જતું હોય, તો ઉધારકર્તાએ કાનૂની એન્ટિટી ઓળખકર્તા (લીગલ એન્ટિટી આઈડેન્ટીફાયર) કોડ મેળવવાનો રહેશે તેને ધિરાણકર્તાને ડિલિવર કરવાનો રહેશે.

**6. ભરપાઇ**

(a) કુલિંગ ઑફ સમયગાળા દરમિયાન લોનની રકમ સ્વૈચ્છિક રીતે પુનઃ ચુકવવાનો અધિકાર રહેશે, જેમાં, ઉધારકર્તા લોનની રકમ સાથે દિવસોની સંખ્યાને અનુરૂપ, વ્યાજ દર મુજબ ચૂકવવાપાત્ર વ્યાજ, અને આવી ચુકવણી/પુનઃચુકવણીની તારીખ સુધી ઉધારકર્તા દ્વારા દેય અને ચૂકવવાપાત્ર અન્ય તમામ રકમ પણ ચૂકવશે.

(b) ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને ચૂકવવાપાત્ર તમામ નાણાં કોઈપણ કપાત વિના ધિરાણકર્તાની રજિસ્ટર્ડ/બ્રાંચ ઑફિસમાં નિયત તારીખે અથવા તે પહેલાં ચૂકવવામાં આવશે. જો ઉધારકર્તા દ્વારા નિયત તારીખ પહેલાં ધિરાણકર્તાને કોઈપણ રકમ ચૂકવવામાં આવે છે, તો તે નિયત તારીખે અથવા ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને ઇશ્યૂ કરાયેલ સાધનની પ્રાપ્તિ પર જ ઉધારકર્તાના એકાઉન્ટમાં ક્રેડિટ કરવામાં આવશે.

(c) આ એગ્રીમેન્ટ હેઠળ, ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને ચૂકવવાપાત્ર થઈ શકે તેવા તમામ નાણાં, કોઈપણ વિલંબ અથવા ડિફૉલ્ટ વિના, ઉધારકર્તા ધિરાણકર્તાને ચૂકવશે. ઉધારકર્તા સ્વીકારે છે કે, આ એગ્રીમેન્ટ હેઠળ લોન આપવા માટે પુન:ચુકવણી શેડ્યૂલનું દ્રઢપણે પાલન એ આવશ્યક શરત છે.

(d) લોનની પુનઃચુકવણી વ્યાજ દર મુજબ વ્યાજ અને આવા અન્ય ચાર્જિસ અને રકમો સાથે, જેમાં દંડાત્મક ચાર્જિસ (*જો કોઈ* હોય તો)નો સમાવેશ થાય છે પરંતુ માત્ર તેના સુધી મર્યાદિત નથી, તે ઉધારકર્તા દ્વારા તેમના/તેણીના/તેના પોતાના બેંક એકાઉન્ટમાંથી, શેડ્યૂલમાં નિર્ધારિત શરતો અનુસાર હપ્તાઓમાં કરવામાં આવશે. ધિરાણકર્તા શેડ્યૂલમાં આપેલા હપ્તાની રકમની પુનઃ ગણતરી કરી શકે છે; જો કે, તે આ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તાના અધિકારોને અસર કરશે નહીં.

(e) ડીલરો/ઉત્પાદકો/વેચાણકર્તાઓ/સપ્લાયરો દ્વારા ઉધારકર્તાને અસ્કયામતની ડિલિવરી કરવામાં વિલંબ/બિન-ડિલિવરીને ધ્યાનમાં લીધા વિના અને ઉધારકર્તાને ડીલરો/ઉત્પાદકો/વેચાણકર્તાઓ/સપ્લાયરો સાથે અથવા તેની વિરુદ્ધ અથવા અસ્કયામતની ડિલિવરીના સંદર્ભમાં અથવા અસ્કયામતના સંદર્ભમાં કોઈપણ વિવાદો, વાંધા, વિરોધ, તકરારો અથવા ફરિયાદો હોવા છતાં, હપ્તાઓની ચુકવણી શરૂ અને ચાલુ રહેશે.

(f) ઉધારકર્તાને તેમની/તેણીની/તેની જવાબદારીને લગતી કોઈપણ નોટિસ, રિમાઇન્ડર અથવા સૂચના નિયત તારીખે નિયમિતપણે હપ્તો ચૂકવવાની અથવા કોઈપણ પુનઃચુકવણી ચેક્સ/ECS/E-NACHની પ્રસ્તુતિ અંગે આપવામાં આવશે નહીં.

(g) દંડાત્મક ચાર્જિસ (*જો કોઈ* હોય તો) વસૂલ કરવામાં આવે તે છતાં લોન આપવાની ફરજિયાત શરત તરીકે નિર્ધારિત થયેલ પુનઃચુકવણી શેડ્યૂલનું દ્રઢપણે પાલન કરવાની ઉધારકર્તાની જવાબદારીમાંથી ઉધારકર્તાને મુક્તિ મળશે નહીં.



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

(h) ઉધારકર્તા પુષ્ટિ કરે છે કે ધિરાણકર્તાની માસિક હપ્તાની ગણતરી કરવાની પદ્ધતિ વાંચી છે, સમજી છે અને તે માટે સંમત છે, તેમજ તે હપ્તામાં મુદ્દલ, અને વ્યાજ તરીકે કરવામાં આવેલ વિભાજનને પણ સ્વીકાર્યું છે.

(i) જો ચુકવણીની નિયત તારીખ રજાના દિવસે આવે તો ચુકવણી તેના તરત અગાઉ આવતા કામકાજના દિવસે જ કરવાની રહેશે.

(j) બાકી રકમ અંગે કોઈપણ વિવાદ ઉઠાવવામાં આવે તો તે ઉધારકર્તાને કોઈપણ હપ્તાની ચુકવણી રોકવાનો અધિકાર આપશે નહીં.

(k) આ એગ્રીમેન્ટ હેઠળ કરવાની તમામ ચુકવણીઓ:

(i) કાયદા દ્વારા કર કપાત જરૂરી ન હોય ત્યાં સુધી કોઈપણ કર માટે અથવા તેના કારણે કોઈ કપાત કે રોકાણ (**કર કપાત**) કર્યા વગર કરવામાં આવશે; અને

(ii) કોઈપણ સેવા કર, માલ અને સેવા કર, ઉપકર, મૂલ્ય વર્ધિત કર અથવા સમાન સ્વરૂપના કોઈપણ કર ("**પરોક્ષ કર**") થી અલગ રહેશે. જો કોઈપણ પરોક્ષ કર વસૂલ કરવાપાત્ર હોય, તો ઉધારકર્તા(ઓ) સંબંધિત ચુકવણીના પ્રાપ્તકર્તાને તે જ સમયે અને પરોક્ષ કરની રકમ જેટલી રકમ થાય તેટલી રકમ પણ સાથે જ ચૂકવશે.

**7. હપ્તાઓની ચુકવણી કરવાની પદ્ધતિ:**

(a) અહીં નિર્ધારિત નિયમો અને શરતોને આધિન, પુનઃચુકવણી, પુનઃચુકવણી ચેક્સ અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) દ્વારા અથવા સ્થાયી સૂચના (સ્ટેન્ડિંગ ઇન્સ્ટ્રક્શન) અથવા ECS અથવા E-NACH અથવા બેંકો દ્વારા સ્વીકૃત અન્ય પદ્ધતિ દ્વારા કરવામાં આવશે, જેથી ઉધારકર્તાના બેંક એકાઉન્ટમાંથી સીધા ડેબિટ દ્વારા બાકી હપ્તા એકત્રિત કરી શકાય. આ દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે કે ઉધારકર્તા ધિરાણકર્તા દ્વારા જણાવવામાં આવેલા નિર્ધારિત સમયમર્યાદામાં લોનની પુનઃચુકવણી માટે E-NACH રજીસ્ટર કરાવવા માટે બાધ્ય રહેશે; જો કે, જો E-NACH ઉપરોક્ત નિર્ધારિત સમયમર્યાદામાં રજીસ્ટર થઈ શકતી ન હોય, તો આવી સ્થિતિમાં ઉધારકર્તા પુનઃચુકવણી ચેક્સ સબમિટ કરવા માટે બાધ્ય રહેશે.

(b) કોઈપણ હપ્તાની વસૂલાત માટે કોઈપણ પુનઃચુકવણી ચેક્સ અથવા ECS અથવા E-NACH બેંકમાં પ્રસ્તુત કરવામાં આવે તે પહેલાં ઉધારકર્તાને કોઇ નોટિસ અથવા રિમાઇન્ડર આપવામાં આવશે નહીં. ઉધારકર્તા(ઓ) નિયત તારીખે પુનઃચુકવણી ચેક્સ/ECS/ E-NACH ની વસૂલાત શક્ય બને તે માટે પોતાના બેંક એકાઉન્ટમાં પર્યાપ્ત બેલેન્સ જાળવી રાખશે.

(c) ઉધારકર્તા દ્વારા સંમતિ આપવામાં આવે છે અને સમજાય છે કે કોઈ પણ કારણસર ધિરાણકર્તા દ્વારા કોઈપણ પુનઃચુકવણી ચેક્સની બિન-પ્રસ્તુતિ લોનની ચુકવણી કરવાની ઉધારકર્તાની જવાબદારીને અસર કરશે નહીં. ધિરાણકર્તા કોઈપણ કારણસર પુનઃચુકવણી ચેક્સ વટાવવામાં (એન્કેશમેન્ટ) થયેલ વિલંબ, ચૂક અથવા બેદરકારી, અથવા તે ચેક્સને થયેલ નુકસાન કે તેની હાનિ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.

(d) જો આ એગ્રીમેન્ટ મુજબ ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને આપવામાં આવેલા પુનઃચુકવણી ચેક્સ/ECS/E-NACH ધિરાણકર્તાની કસ્ટડી દરમિયાન ડિલિવર કરવામાં આવ્યો હોય/આવ્યા હોય અથવા ખોવાઈ જાય અથવા હસ્તાક્ષરકર્તા અથવા હસ્તાક્ષરકર્તાઓ(જો એક કરતાં વધુ હોય તો)ના મૃત્યુ, નાદારી, પાગલપણા, સત્તાની સમાપ્તિ અથવા અન્યથા અથવા ડ્રોઈ બેંકના ફડચામાં જવાના કારણે (લિક્વિડેશન) અથવા કોઈપણ મોરેટોરિયમને કારણે વટાવી ન શકાય તેવા(નોન-એનકેશેબલ) બને, તો આવી ઘટનામાં, ઉધારકર્તાને ધિરાણકર્તા તરફથી આવા નુકસાન, વિનાશ અથવા ગુમ થવાની (જે કેસ હોય તે) સૂચના પ્રાપ્ત થયા પછી અથવા ઉપરોક્ત ચેક પર અથવા ઉપરોક્ત કારણોસર વટાવી ન શકાય તેવા(નોન-એનકેશેબલ) ચેક અંગે જાણ થતા જ તરત જ, ધિરાણકર્તાને ગુમ થયેલા, નાશ પામેલા, ખોવાઈ ગયેલા અથવા વટાવી ન શકાય



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

તેવા(નોન-એનકેશેબલ) ચેકો બદલવા માટે પૂરતા હોય તેવા ચેક્સ પહોંચાડવા પડશે અથવા લોનની પુનઃચુકવણી માટે ધિરાણકર્તાને સ્વીકાર્ય હોય એવી અન્ય યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરશે.

(e) જો જરૂરી હોય તો, ઉધારકર્તા, ધિરાણકર્તાની પરવાનગીને આધિન, એક બેંક પર ઇશ્યૂ કરાયેલા અને ડ્રો કરાયેલા પુનઃચુકવણી ચેક્સને બીજી બેંકના ચેકમાં સ્વૉપ/બદલી કરી શકે છે, અને દરેક બદલાવ માટે શેડ્યૂલમાં નિર્ધારિત રકમ મુજબ સ્વૉપ ચાર્જિસ ધિરાણકર્તાને ચૂકવવા પડશે.

(f) આ એગ્રીમેન્ટ હેઠળ પોતાની તમામ જવાબદારીઓ સંપૂર્ણ રીતે ડિસ્ચાર્જ (ચૂકતે) ન થઈ જાય ત્યાં સુધી ઉધારકર્તા બેંક એકાઉન્ટ બંધ કરશે નહીં કે જેના પર પુન:ચુકવણીના ચેક્સ ડ્રો કરવામાં આવ્યા હોય / ઇશ્યૂ કરવામાં આવ્યા હોય. જો ઉધારકર્તા કોઈપણ કારણોસર બેંક એકાઉન્ટ બંધ કરવા માંગે, તો આવી સ્થિતિમાં, ઉધારકર્તા ધિરાણકર્તાના નામે ઇશ્યૂ કરાયેલા પુનઃચુકવણી ચેક્સને બદલી નાખશે, સાથે સાથે અહીં આપેલા શેડ્યૂલ મુજબ સ્વૉપ ચાર્જિસની ચુકવણી પણ કરશે.

(g) આ એગ્રીમેન્ટ હેઠળ અને/અથવા પ્રવર્તમાન કાયદા હેઠળ ધિરાણકર્તા પાસે રહેલા કોઈપણ અન્ય અધિકારો અથવા ઉપાયો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, ઉધારકર્તા દરેક પ્રસ્તુતિ માટે દરેક પુન:ચુકવણી ચેક્સ/ECS/E-NACH ના અસ્વીકાર માટે અહીં શેડ્યૂલમાં ઉલ્લેખિત દરે ચેક અસ્વીકાર ચાર્જિસ ચૂકવવા માટે જવાબદાર રહેશે. પુનઃચુકવણી ચેક્સ /ECS/E-NACH ના અસ્વીકાર પર ચાર્જ વસૂલ કરવામાં આવતા ચાર્જિસ, સમયાંતરે સુધારાઓ સાથે અમલમાં રહેલા નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, 1881 તથા અન્ય લાગુ પડતા કાયદાઓ હેઠળ ધિરાણકર્તાના અધિકારો પ્રત્યે પૂર્વગ્રહ વિના લાગુ પડશે. ઉધારકર્તા આવા અસ્વીકૃત પુનઃચુકવણી ચેક્સ/ECS/E-NACH ને ધિરાણકર્તાને સ્વીકાર્ય ચુકવણીના વૈકલ્પિક પદ્ધતિથી બદલશે.

(h) ઉધારકર્તા ચુકવણીમાં થયેલા વિલંબ માટે અને જો ચુકવણીઓ પુનઃચુકવણી ચેક્સ/ECS/E-NACH/DD દ્વારા કરવામાં ન આવે તો આ શેડ્યૂલમાં જણાવ્યા મુજબ કલેક્શન ચાર્જિસ તરીકે લાગુ પડતા ચાર્જિસ ચૂકવવા માટે પણ જવાબદાર રહેશે.

(i) જ્યાં રેમિટન્સ આઉટસ્ટેશન ચેક્સ દ્વારા કરવામાં આવે છે, ત્યાં ઉધારકર્તા આ એગ્રીમેન્ટના શેડ્યૂલમાં દર્શાવ્યા મુજબના ચેક કલેક્શન ચાર્જિસ ચૂકવવા માટે જવાબદાર રહેશે.

(j) જ્યાં સુધી લોન અથવા તેની હેઠળ ચૂકવવાપાત્ર કોઈપણ રકમ હોય ત્યાં સુધી ઉધારકર્તા પુનઃચુકવણી ચેક્સ/ ECS/ E-NACH રદ કરવા અથવા ચુકવણી રોકવા માટે સૂચના આપવાનો હકદાર રહેશે નહીં અને આવા કૃત્યને ધિરાણકર્તાને છેતરવાના ઇરાદાથી કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે, આવી પરિસ્થિતિઓમાં ધિરાણકર્તા ઉધારકર્તા સામે યોગ્ય ફોજદારી કાર્યવાહી શરૂ કરવા માટે હકદાર રહેશે.

(k) આ એગ્રીમેન્ટની જોગવાઈઓ અનુસાર ઉધારકર્તા દ્વારા સ્વૈચ્છિક ચુકવણીના કિસ્સામાં, ઉધારકર્તા 30 (ત્રીસ) દિવસની અંદર ધિરાણકર્તા પાસે રહેલા પુન:ચુકવણી ચેક્સ એકત્રિત કરશે, એવું ન કરવા પર, ધિરાણકર્તાને તે ચેક્સ નાશ કરવાનો અધિકાર રહેશે.

**8. સુરક્ષા**

(a) ધિરાણકર્તાએ અહીં ઉલ્લેખિત નિયમો અને શરતોને આધિન રહીને, ઉધારકર્તાને લોન સુવિધા આપવા માટે સંમતિ આપી છે, તે ધ્યાનમાં લેતા, ઉધારકર્તા આ દ્વારા આ એગ્રીમેન્ટ ("સિક્યોરિટી") હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ દર મુજબ ચૂકવવાપાત્ર નાણાં, દંડાત્મક ચાર્જિસ (*જો કોઈ* હોય તો) અને અન્ય તમામ ખર્ચ, ચાર્જિસ અને વ્યય લોન સુરક્ષિત કરવા માટે ધિરાણકર્તાનકી તરફેણમાં હાઈપોથિકેશન કરે છે/હાઈપોથિકેશન કરવાની સંમતિ આપે છે અને નીચે મુજબની સિક્યોરિટી હિતનું નિર્માણ કરશે:

(i) અસ્કયામતનો પ્રથમ વિશિષ્ટ ચાર્જ, ઉપરોક્ત અસ્કયામતમાં અથવા તેમાંના તમામ એક્સેસરીઝ, ઉમેરાઓ, પછી ભલે તે વર્તમાન હોય કે ભવિષ્યમાં અને અસ્કયામત પર કરવામાં આવેલા અથવા કરવાના સુધારા, નવીકરણ અને રિપ્લેસમેન્ટ સાથે;



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

(ii) ગેરેન્ટર તરફથી બિનશરતી અને અપરિવર્તનીય ગેરેન્ટી; અને

(iii) ધિરાણકર્તાની તરફેણમાં ડિમાન્ડ પ્રોમિસરી નોટ.

ઉધારકર્તા વધુમાં સંમત થાય છે અને વચન આપે છે કે કાયદા મુજબ અથવા ધિરાણકર્તા દ્વારા જરૂરી હોય તેમ અસ્કયામતો પર ધિરાણકર્તાનો ચાર્જ પૂર્ણ કરવા માટે જરૂરી એવા વધુ દસ્તાવેજોને અમલમાં મૂકશે અને/અથવા સત્તાધિકારીઓ પાસે તેને રજીસ્ટર કરશે.

(b) આ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર થતા જ અથવા ઉધારકર્તા દ્વારા અસ્કયામત/અસ્કયામતોની ડિલિવરી થતા જ, જે પહેલાં બને તે સમયથી જ, અસ્કયામતનું હાઈપોથિકેશન અમલમાં આવેલ માનવામાં આવશે.

(c) ઉધારકર્તા કાયદા મુજબમાં નિર્ધારિત સમયની અંદર અસ્કયામત/વાહનનું રજીસ્ટ્રેશન તેના નામે કરશે અને સુનિશ્ચિત કરશે કે ધિરાણકર્તા સાથેની અસ્કયામત/વાહનના હાઈપોથિકેશનનું યોગ્ય રીતે સમર્થન કરવામાં આવ્યું છે અને રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર બુક (R.C. બુક) અને વીમા પૉલિસીમાં રેકોર્ડ કરેલ છે. ધિરાણકર્તાની તરફેણમાં સિક્યોરિટી નિર્મિત કરવા માટેની ફી અને ખર્ચ ફક્ત ઉધારકર્તા દ્વારા જ વહન કરવામાં આવશે.

(d) ધિરાણકર્તા દ્વારા લેખિત રૂપે અસ્કયામતને હાઈપોથિકેશનમાંથી મુક્ત ન કરવામાં આવે ત્યાં સુધી, ઉધારકર્તા ધિરાણકર્તાની પૂર્વ મંજૂરી વિના કોઈપણ રીતે અસ્કયામત અથવા તેના કોઈપણ ભાગ પર કોઈપણ અન્ય હાઈપોથિકેશન, ચાર્જિસ, મોર્ટગેજ, પ્લેજ, લિયન અથવા અન્ય બોજા ટ્રાન્સફર કરશે નહીં અથવા તેનું નિર્માણ કરશે નહીં. ઉધારકર્તા અસ્કયામત અથવા તેના કોઈપણ ભાગનો કબજો અન્યને આપશે નહીં, તેને ભાડે આપશે નહીં, તેના પર લીઝ બનાવશે નહીં, લિવ એન્ડ લાઇસન્સ પર આપશે નહીં અથવા અન્ય કોઈ રીતે તેનો વ્યવહાર કરશે નહીં; તેમજ એવી કોઈપણ ક્રિયા, ડીડ, બાબત અથવા વસ્તુને મંજૂરી આપશે નહીં અથવા કરવા દેશે નહીં જે અસ્કયામત પર ધિરાણકર્તાના અધિકાર અને હિતને પ્રતિકૂળ અસર કરી શકે છે અથવા કોઈપણ રીતે પૂર્વગ્રહ કરી શકે છે.

(e) જો આ એગ્રીમેન્ટના અમલ સમયે ઉધારકર્તાને અસ્કયામત વિતરિત કરવામાં આવી ન હોય અથવા રજીસ્ટ્રેશન/હાઈપોથિકેશનને અસર ન થઈ હોય, તો રજીસ્ટ્રેશન સહિતની અસ્કયામતની વિગતો અને આવી વિગતો આ એગ્રીમેન્ટના અમલના સમયે જ સમાવિષ્ટ કરવામાં આવી હોય તેમ તેને નીચે દર્શાવેલ શેડ્યૂલમાં સમાવિષ્ટ કરવામાં આવશે. ઉધારકર્તા તેના પરિણામે એગ્રીમેન્ટમાં ફેરફાર થયો હોવાનો કોઈ દાવો કરવાનો અધિકાર રહેશે નહીં, અથવા તેના પરિણામે આ એગ્રીમેન્ટ પર પ્રશ્ન ઉઠાવવાનો અધિકાર રહેશે નહીં, અથવા અસ્કયામત પર ધિરાણકર્તાની તરફેણમાં બનાવેલ ચાર્જની માન્યતા અથવા અમલપાત્રતા પર પ્રશ્ન ઉઠાવવા માટે હકદાર રહેશે નહીં.

(f) આ એગ્રીમેન્ટ અથવા અન્ય કોઈપણ એગ્રીમેન્ટ હેઠળ ઉધારકર્તા દ્વારા બાકી રહેલી તમામ રકમની યોગ્ય ચુકવણી ન થાય ત્યાં સુધી, જેમાં વ્યાજ દર મુજબ ચૂકવવાપાત્ર નાણાં, દંડાત્મક ચાર્જિસ (*જો કોઈ* હોય તો), અને આ એગ્રીમેન્ટની શરતો અનુસાર ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને દેય અને ચૂકવવાપાત્ર અન્ય બધી રકમનો સમાવેશ થાય છે અને અને જ્યાં સુધી ધિરાણકર્તા દ્વારા અહીં બનાવેલ સિક્યોરિટીને મુક્ત (ડિસ્ચાર્જ) કરતું નો-ડ્યુઝ સર્ટિફિકેટ/પ્રમાણપત્ર ઇશ્યૂ ન કરવામાં આવે ત્યાં સુધી અસ્ક્યામતનું હાઈપોથિકેશન (ગીરો) અસરકારક અને પ્રભાવી રહેશે,

(g) મૃત્યુ, નાદારી, ક્રેડિટરો સાથેની ગોઠવણ, શારીરિક અને માનસિક વિકલાંગતા, સમાપનની પ્રક્રિયા (સ્વૈચ્છિક અથવા અન્યથા) અથવા કોઈપણ વિલીનીકરણ, અથવા જોડાણ, પુનર્નિર્માણ, પ્રબંધનનું ટેકઓવર, વિસર્જન અથવા રાષ્ટ્રીયકરણ (જેમ લાગુ પડે તે મુજબ) અથવા ઉધારકર્તાની સ્થિતિમાં અન્ય કોઈપણ ફેરફાર દ્વારા હાઈપોથિકેશન પ્રભાવિત થશે નહીં, ક્ષીણ થશે નહીં અથવા ડિસ્ચાર્જ થશે નહીં.

(h) ગેરેન્ટર/ગેરેન્ટરો આ એગ્રીમેન્ટ હેઠળ ઉધારકર્તા દ્વારા દેય અને ચૂકવવાપાત્ર તમામ રકમની યોગ્ય અને ઝડપી ચુકવણીની બિનશરતી ગેરેન્ટી આપે છે અને ઉધારકર્તા દ્વારા આ એગ્રીમેન્ટમાં ઉલ્લેખિત તમામ શરતો અને શરતોનું યોગ્ય પાલન અને અનુસરણ કરવામાં આવશે તેની કરવાની ગેરેન્ટી આપે છે. ગેરેન્ટર પુષ્ટિ



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

કરે છે કે, ધિરાણકર્તા દ્વારા ઉધારકર્તાને કોઈપણ રકમની ચુકવણી માટે સમય આપવામાં આવે અથવા અથવા અન્ય કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવે, અથવા હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી અસ્કયામત સામે ધિરાણકર્તાના પોતાના અધિકારનો અમલ કરવામાં નિષ્ફળતા, ચૂક અથવા અસમર્થતાના કારણે તેઓ/તેણી/તે ગેરેન્ટર દ્વારા પ્રદાન કરવામાં આવેલ ગેરેન્ટીની જવાબદારીમાંથી ડિસ્ચાર્જ(મુક્ત ) કરવામાં આવશે નહીં. ગેરેન્ટર સંમત થાય છે કે ગેરેન્ટર, ઉધારકર્તા સાથે સંયુક્ત રીતે મુખ્ય દેવાદાર છે અને તેથી ઇન્ડિયન કોન્ટ્રાક્ટ એક્ટ, 1872 ની ક્લોઝ 133, 134, 139 અને 141 હેઠળ જામીન પર આપવામાં આવેલ કોઈપણ અધિકાર અથવા તે હેઠળની કોઈપણ અન્ય જોગવાઈનો ત્યાગ કરે છે. ધિરાણકર્તાને તેની વિવેકબુદ્ધિથી કોઈપણ ક્રમમાં ઉધારકર્તા/ગેરેન્ટર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાનો અધિકાર છે અને ગેરેન્ટર આ દ્વારા સંમત થાય છે કે તે કોઈપણ કારણોસર ધિરાણકર્તા દ્વારા કરવામાં આવેલા દાવા સામે કોઈપણ આધારે પ્રશ્ન ઉઠાવશે નહીં.

(i) ધિરાણકર્તા કોઈપણ સમયે, ઉધારકર્તા પાસેથી કોઈપણ તૃતીય પક્ષ તરફથી ગેરેન્ટી/ઓ સહિત આવી વધારાની સિક્યોરિટીઝ પ્રદાન કરવાની માંગણી કરી શકે છે, જે ધિરાણકર્તા તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી યોગ્ય માની શકે. આવી ઘટનામાં ઉધારકર્તા ધિરાણકર્તાના સંતોષ મુજબ વધારાની સિક્યોરિટી પૂરી પાડશે અને આ સંદર્ભમાં ધિરાણકર્તા દ્વારા જરૂરી હોય તેવા એગ્રીમેન્ટ્સ, વચનો, દસ્તાવેજો, પાવર ઓફ એટર્નીનો અમલ કરશે. જ્યાં સુધી આ એગ્રીમેન્ટ હેઠળ ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને દેય અને ચૂકવવાપાત્ર તમામ રકમ સંપૂર્ણ ચૂકવવામાં ન આવે અને ધિરાણકર્તા દ્વારા પ્રમાણિત કરવામાં ન આવે ત્યાં સુધી ઉધારકર્તા આવા કોઈપણ કરાર, એગ્રીમેન્ટ્સ, વચનો, દસ્તાવેજો વગેરેને રદબાતલ અથવા સમાપ્ત કરશે નહીં.

(j) ઉધારકર્તા તેમજ ગેરેન્ટર સંમત થાય છે અને વચન આપે છે કે હાઈપોથિકેશન, ગેરેન્ટી અથવા અન્ય કોઈપણ સિક્યોરિટી હોવા છતાં, તેઓ હંમેશા આ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તાને દેય તમામ રકમની ચુકવણી માટે વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે, ધિરાણકર્તા પાસે ઉપલબ્ધ અન્ય કોઈપણ અધિકારો અથવા ઉપાયોને ધ્યાનમાં લીધા વિના, આ રકમની વસૂલાત તેઓની વિરુદ્ધ, તેઓની એસ્ટેટ અને સંપત્તિઓ સામે અમલમાં મૂકી શકાય છે.

(k) ઉપરોક્ત કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, કોઈપણ ડિફૉલ્ટની ઘટના ઘટિત થવા ઉધારકર્તા, તમામ અથવા કોઈપણ રકમની બાકી ચુકવણી અને ડિસ્ચાર્જ માટે કે જે કોઈપણ સમયે ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને ચૂકવવાપાત્ર હોઈ શકે છે, ઉધારકર્તા ધિરાણકર્તાને સ્વીકાર્ય હોય તેવી વધારાની સિક્યોરિટી પ્રદાન કરવા અને આવી સંપત્તિ પર મોર્ટગેજ/ચાર્જનું નિર્માણ કરવા માટે સંમત થાય છે.

(l) જ્યાં ઉધારકર્તા એક કંપની હોય, ત્યાં ઉધારકર્તા અને ગેરેન્ટર ધિરાણકર્તાની તરફેણમાં અસ્કયામત પર ચાર્જ નિર્મિત કરવા માટે રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (“**ROC**”) સમક્ષ નિર્ધારિત ફોર્મ ફાઇલ કરવા માટે સંમત થાય છે અને વચન આપે છે.

(m) ઉધારકર્તા અને ગેરેન્ટર સંમત થાય છે અને વચન આપે છે કે અસ્કયામતો વાહન પોર્ટલ અથવા આવા અન્ય પોર્ટલ સાથે રજીસ્ટર છે, અને/અથવા વાહન પોર્ટલ અથવા આવા અન્ય પોર્ટલ પર અસ્કયામતની રજીસ્ટ્રેશનનું નવીકરણ કરે છે અથવા ઉધારકર્તા અને ગેરેન્ટર સંમત થાય છે અને તે સુનિશ્ચિત કરવા માટે વચન આપે છે કે ધિરાણકર્તાની તરફેણમાં અસ્કયામત પર ચાર્જનું નિર્માણ કરવા અને તે ચાર્જને સંપૂર્ણ કાયદેસર બનાવવા માટે સેન્ટ્રલ રજિસ્ટ્રી ઓફ સિક્યોરિટાઇઝેશન એસેટ રિકન્સ્ટ્રક્શન એન્ડ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ ઓફ ઇન્ડિયા (CERSAI) સમક્ષ નિર્ધારિત ફોર્મ ફાઇલ કરેલ છે.

(n) ઉધારકર્તા તેમજ ગેરેન્ટર સંમત થાય છે અને વચન આપે છે કે, જ્યાં સુધી ઉધારકર્તા સાથે કરવામાં આવેલ અન્ય કોઈપણ એગ્રીમેન્ટ હેઠળ ઉધારકર્તા અને ગેરેન્ટર કોઈ જવાબદારી ધરાવતા હોય ત્યાં સુધી ધિરાણકર્તા પાસે આવી સિક્યોરિટી/અસ્કયામત પર કબજો મેળવવાનો ચાર્જ અને અધિકાર ચાલુ રહેશે.



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

(o) અન્ય કોઈપણ દસ્તાવેજીકરણમાં ધિરાણકર્તાના અધિકારો પ્રત્યે પૂર્વગ્રહ વિના, આ એગ્રીમેન્ટ હેઠળ નિર્દિષ્ટ કરેલ ડિફૉલ્ટની કોઈપણ ઘટના ઘટિત થવા પર અથવા આ એગ્રીમેન્ટની કોઈપણ શરતોના કોઈપણ ઉલ્લંઘનના કિસ્સામાં, ધિરાણકર્તા પાસે સિક્યોરિટી લાગુ કરવાની સંપૂર્ણ વિવેકબુદ્ધિ હશે અને લોનની પતાવટ માટે ઉધારકર્તા દ્વારા ઑફર કરાયેલ કોઈપણ સિક્યોરિટીને યોગ્ય અને ઉચિત લાગે તે રીતે કોઈપણ ક્રમમાં પ્રાપ્ત કરવામાં આવશે.

(p) ધિરાણકર્તાની તરફેણમાં ચાર્જ / હાઈપોથિકેટ (ગીરો) કરવામાં આવેલી સિક્યોરિટીના અમલીકરણના કિસ્સામાં, ધિરાણકર્તા સિક્યોરિટીના મૂલ્યમાં થયેલા કોઈપણ ઘટાડાને લીધે અથવા પ્રાપ્ત થયેલી રકમમાં થતા કોઈ પણ નુકસાન માટે જવાબદાર રહેશે નહીં. આ પ્રકારનું વેચાણ ધિરાણકર્તા દ્વારા ઉધારકર્તાને પ્રત્યે કોઈ જવાબદારી રાખ્યા વિના કરવામાં આવશે અને ધિરાણકર્તા દ્વારા પોતાના અધિકારોના ઉપયોગને કારણે સિક્યોરિટીના મૂલ્યમાં કોઈપણ હાનિ/નુકસાન/ઘટાડા માટે ધિરાણકર્તા જવાબદાર રહેશે નહીં અને આ એગ્રીમેન્ટ હેઠળ બેલેન્સ (બાકી રહેલી) રકમ માટે વધુ મોટી રકમ પ્રાપ્ત થઈ શકતી હતી અથવા થવી જોઈએ હતી તેના આધારે ઉધારકર્તા અને ગેરેન્ટર, ધિરાણકર્તા સામે કોઈપણ દાવો ઉઠાવવા અથવા તેની જવાબદારી અંગે વિવાદ કરવા માટે હકદાર રહેશે નહીં.

(q) ઉધારકર્તાના કબજામાં રહેલી સિક્યોરિટી અથવા હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામતોના સંબંધમાં તમામ દસ્તાવેજો ધિરાણકર્તાના લાભ માટે ઉધારકર્તા દ્વારા ટ્રસ્ટમાં રાખવામાં આવશે.

(r) વધુમાં, આ સિક્યોરિટી અન્ય કોઈપણ સિક્યોરિટી ઉપરાંત હશે અને તેનાથી અલગ નહીં, જે ધિરાણકર્તા તે સમયે ઉધારકર્તાના બાકી લેણાંના સંદર્ભમાં રાખી શકે છે અને જ્યાં સુધી લોનના સંદર્ભમાં ધિરાણકર્તા અને ઉધારકર્તા વચ્ચેના તમામ એકાઉન્ટ્સનું આખરી સમાધાન ન થાય ત્યાં સુધી આ સિક્યોરિટી ધિરાણકર્તાને ઉપલબ્ધ રહેશે.

**9. હપ્તા ફરી શેડ્યૂલ કરવા(પુનઃનિર્ધારણ), તેની પુનઃરચના અને તેમાં ફેરફાર**

જો ધિરાણકર્તાને સંજોગો મુજબ યોગ્ય જણાય, તો ધિરાણકર્તા પોતાની એકમાત્ર વિવેકબુદ્ધિથી નક્કી કરે તે રીતે અને તે હદ સુધી, ઉધારકર્તાને ઉધારકર્તાને યોગ્ય નોટિસ આપી અને સંદેશાવ્યવહાર દ્વારા જાણ કરીને, હપ્તામાં ફેરફાર કરવા, ફરી શેડ્યુલ કરવા, અથવા તેની પુનઃરચના કરવા માટે હકદાર રહેશે. શેડ્યૂલમાં જણાવેલ કંઈપણ હોવા છતાં ઉધારકર્તા દ્વારા પુનઃચુકવણી ઉક્ત ફેરફાર/ફરી શેડ્યૂલ કરેલા મુજબ કરવામાં આવશે. ઉધારકર્તા અને ગેરેન્ટરને આના અનુસંધાનમાં ધિરાણકર્તા દ્વારા હપ્તાઓને ફરી શેડ્યૂલ કરવા પર પ્રશ્ન ઉઠાવવાનો અધિકાર રહેશે નહીં.

**10. ડિફૉલ્ટની ઘટના**

**A.** <u>નીચેની ઘટનાઓ "**ડિફૉલ્ટની ઘટના**"ની રચના કરશે:</u>

(a) ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર તેમની/તેણીની/તેની/તેમની લોનની પુનઃ ચુકવણી વ્યાજના દર મુજબ ચૂકવવાપાત્ર નાણાં, ફી, ચાર્જિસ, ખર્ચ, વ્યય અથવા ધિરાણકર્તાને ચૂકવવાપાત્ર અન્ય કોઈપણ રકમ, જે અહીં દર્શાવેલ રીત મુજબ જેમ અને જ્યારે તે દેય અને ચૂકવવાપાત્ર બને ત્યારે, તે રકમ ચૂકવવાની, પછી ભલે તે ધિરાણકર્તા દ્વારા માંગવામાં આવે કે ન આવે, પોતાની જવાબદારીઓને પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય.

(b) જો ઉધારકર્તાને મંજૂર કરવામાં આવેલી લોનના સંબંધમાં ધિરાણકર્તા દ્વારા માંગવામાં આવેલી કોઈપણ મહત્વપૂર્ણ માહિતી ઉધારકર્તા દ્વારા છુપાવવામાં આવી હોય.

(c) જો દેવાળિયાપણું, સમાપન (સ્વૈચ્છિક અથવા અન્યથા), બિઝનેસમાં નિષ્ફળતા, નાદારીનું કૃત્ય, ઉધારકર્તા/ગેરેન્ટરના ક્રેડિટરના લાભ માટે સામાન્ય સોંપણી, અથવા જો ઉધારકર્તા/ગેરેન્ટરે કોઈપણ ક્રેડિટરની ચુકવણી સ્થગિત કરી હોય અથવા આમ કરવા માટે ધમકી આપી હોય, અસ્કયામત પર



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

રીસીવર/ટ્રસ્ટી અથવા સમકક્ષ અધિકારીની નિમણૂક કરવી, ઉધારકર્તા/ગેરેન્ટર દ્વારા અથવા તેની વિરુદ્ધ નાદારીમાં કોઈપણ પિટિશન ફાઇલ કરવી અથવા ઉધારકર્તા/ગેરેન્ટરના સમાપન માટે કોઈપણ અરજી ફાઇલ કરવી અને સ્વીકાર્યાના 30 (ત્રીસ) દિવસની અંદર પાછી ખેંચી ન લેવી.

(d) જો ઉધારકર્તા/ગેરેન્ટર ધિરાણકર્તાની પૂર્વ લેખિત મંજૂરી સિવાય, જોડાણ (અમાલ્ગમેશન) અથવા પુનઃનિર્માણના હેતુસર ફડચામાં (લિક્વિડેશન)માં જાય છે.

(e) જો ઉધારકર્તા/ગેરેન્ટર તેમનો/તેણીનો/તેનો/તેમનો બિઝનેસ બંધ કરે અથવા બંધ કરવાની ધમકી આપે.

(f) જો ઉધારકર્તા એગ્રીમેન્ટમાં આપેલ અસ્કયામતની વિગતો ફાઇલ કરવામાં નિષ્ફળ જાય.

(g) જો ઉધારકર્તાની જવાબદારીઓ ઉધારકર્તાની અસ્કયામત કરતાં વધી જાય અથવા ઉધારકર્તા ખોટમાં બિઝનેસ ચલાવી રહ્યો હોય.

(h) જો ઉધારકર્તા ધિરાણકર્તાની સંમતિ વિના કોઈપણ રીતે હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામતોને વેચે, તેના પર બોજો ઉભો કરે અથવા અથવા ટ્રાન્સફર કરે અથવા વેચવા, ટ્રાન્સફર કરવા અને બોજો બનાવવા માંગે છે, અથવા ગીરો મૂકે.

(i) જો ઉધારકર્તા હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામત માટે વીમા પ્રીમિયમ ચૂકવવામાં નિષ્ફળ જાય.

(j) જો હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામત કોઈપણ સત્તા દ્વારા જપ્ત કરવામાં આવી રહી છે અથવા ટાંચમાં લેવામાં આવી રહી છે અથવા કોઈપણ અમલ કાર્યવાહીને આધિન હોય.

(k) જો ઉધારકર્તા હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામતના સંદર્ભમાં સમયાંતરે લાગુ પડતા કાયદા મુજબ પૂર્ણ કરવા માટે જરૂરી કોઈપણ કર, ડ્યૂટી અથવા અન્ય લાદવામાં આવેલ ચાર્જ/ખર્ચાઓ (આઉટગોઇંગ) ચૂકવવામાં નિષ્ફળ જાય અથવા કોઈપણ અન્ય કાયદા, નિયમન, ઔપચારિકતાઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય.

(l) જો હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામત કોઈપણ કારણોસર ચોરાઈ ગઈ હોય અથવા શોધી શકાતી ન હોય.

(m) જો અસ્કયામત જોખમમાં મુકાઈ ગઈ હોય અથવા કોઈપણ રીતે નુકસાન થયું હોય અથવા ઉપયોગ માટે અયોગ્ય બની ગઈ હોય અથવા અસ્કયામત સાથે અકસ્માતથી કોઈ તૃતીય પક્ષને શારીરિક ઈજા થઈ હોય અથવા જો અસ્કયામત વાહન હોવાને કારણે અકસ્માત થાય છે અથવા કર બાકી હોય અથવા તેની પાસે માન્ય પરમિટ ન હોય.

(n) જો ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર દ્વારા આ એગ્રીમેન્ટ ના નિયમો અંડે શરતો અનુસાર ધિરાણકર્તાને ડિલિવર કરાયેલ અથવા ડિલિવર કરવાના કોઈપણ પુનઃચુકવણી ચેક્સ/ECS/ E-NACH કોઈપણ કારણોસર પ્રસ્તુતિ પર સ્વીકાર્ય ન હોય.

(o) જો ઉધારકર્તા ધિરાણકર્તાને અસ્કયામતના રજિસ્ટ્રેશનના પ્રમાણપત્રની નકલ પૂરી પાડવામાં નિષ્ફળ જાય.

(p) ધિરાણકર્તા અને ઉધારકર્તા અને ગેરેન્ટર વચ્ચે થયેલા કોઈપણ અન્ય કરાર હેઠળ, જો ઉધારકર્તા અને ગેરેન્ટર દ્વારા કોઈપણ રીતે, તેમની જવાબદારીઓ પૂર્ણ કરવામાં કોઈ ડિફૉલ્ટ થાય.

(q) જો ઉધારકર્તા/ગેરેન્ટરની રહેણાંક સ્થિતિ નિવાસીમાંથી બિન-નિવાસીમાં બદલાઈ જાય.

(r) જો લોન અથવા તેના કોઈપણ ભાગનો ઉપયોગ ઉધારકર્તા દ્વારા અરજી કરાયેલ અને ધિરાણકર્તા દ્વારા મંજૂર કરાયેલ હેતુ સિવાયના કોઈપણ હેતુ માટે કરવામાં આવે છે.

(s) જો ઉધારકર્તા અને ગેરેન્ટર અહીં સમાવિષ્ટ કોઈપણ નિયમો, કરારો, વચનો અને શરતોનું ઉલ્લંઘન કરે છે અથવા આ એગ્રીમેન્ટ હેઠળ ગેરેન્ટર દ્વારા ધિરાણકર્તાને આપવામાં આવેલી કોઈપણ માહિતી અથવા રજૂઆત અથવા ઉધારકર્તા અને ગેરેન્ટર દ્વારા સબમિટ કરાયેલ કોઈપણ અન્ય દસ્તાવેજ ખોટો અથવા ગેરમાર્ગે દોરતો હોવાનું જણાય.



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

(t) જો લોન મંજૂર થયા પછી, ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર/રો (જો જીવનસાથી હોય) છૂટાછેડા લે છે/લેવામાં આવે છે અથવા તેના માટે કોઈપણ પારિવારિક અદાલત દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવે છે અથવા શરૂ કરવામાં આવે છે અથવા પ્રારંભ કરવામાં આવે.

(u) જો ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર આ એગ્રીમેન્ટ હેઠળ તેમની/તેણીની/તેની જવાબદારી પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય.

(v) કુદરતી આફતો/ફોર્સ મેજ્યોર (કુદરતી હોનારત) પરિસ્થિતિઓના કિસ્સામાં, જેવી પરિસ્થિતિઓ સર્જાય અને તેના કારણે અસ્કયામતના મૂલ્યમાં ઘટાડો થાય (આ બાબતે અંતિમ નિર્ણય લેવા માટે ધિરાણકર્તાને સંપૂર્ણ વિવેકાધિકાર રહેશે).

(w) ધિરાણકર્તાની લેખિત સંમતિ વિના ઉધારકર્તાના બંધારણ, ઉધારકર્તાના પ્રબંધન અથવા ઉધારકર્તાના સંગઠનમાં કોઈપણ નોંધપાત્ર ફેરફાર થવા પર અથવા ઉધારકર્તાના પ્રબંધન દ્વારા ઉધાર લેનારનો વિશ્વાસ ગુમાવવા પર.જ્યારે ઉધારકર્તાનું પ્રબંધન ધિરાણકર્તાનો વિશ્વાસ ગુમાવે.

(x) ઉધારકર્તા/ગેરેન્ટર ધિરાણકર્તા સાથેના કોઈપણ અન્ય એગ્રીમેન્ટનું ઉલ્લંઘન કરે અથવા તેમાં કોઈ ડિફૉલ્ટ કરે જેમાં ઉધારકર્તા/ગેરેન્ટર ઉધારકર્તા અથવા ગેરેન્ટર હોય.

(y) ઉધારકર્તા/ગેરેન્ટર અન્ય કોઈપણ ધિરાણકર્તા સાથેના કોઈપણ અન્ય લોન સુવિધા એગ્રીમેન્ટનું ઉલ્લંઘન કરે.

(z) જો ઉધારકર્તા દ્વારા કોઈપણ કારણોસર કોઈપણ પુનઃચુકવણી ચેક્સ/ECS/E-NACH મેન્ડેટની ચુકવણી રોકવા માટે કોઈ સૂચના આપવામાં આવી હોય અથવા જો ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને ઇશ્યૂ કરાયેલ કોઈપણ પુનઃચુકવણી ચેક્સ/ECS/E-NACH નો અસ્વીકાર થાય.

(aa) ઉધારકર્તા/ગેરેન્ટરને કોઈપણ ગુના માટે કાયદાની કોઈપણ અદાલત અથવા સરકારી સત્તા દ્વારા આરોપિત અથવા દોષિત ઠેરવવામાં આવે.

(bb) જો ઉધારકર્તા/ગેરેન્ટર ધિરાણકર્તાની પૂર્વ સંમતિ વિના પોતાનું રહેઠાણ બદલે છે અથવા બિઝનેસ બદલે.

(cc) જો ઉધારકર્તા/ગેરેન્ટર આ એગ્રીમેન્ટ હેઠળની કોઈપણ શરતો અંગે અથવા ધિરાણકર્તા અથવા તેના સહયોગીઓ સાથે કરવામાં આવેલા અન્ય એગ્રીમેન્ટ હેઠળની કોઈપણ શરતો અંગે વિવાદ ઊભો કરે.

(dd) જો એવી કોઈ પણ પરિસ્થિતિ ઉભી થાય કે જેમાં ધિરાણકર્તાના મતે એવા વાજબી કારણો હોય કે જેનાથી હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામત અથવા તેમાં ધિરાણકર્તાના હિતને અથવા આ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તાના હિતને નુકસાન પહોંચાડવાની અથવા જોખમમાં મૂકવાની શક્યતા હોય.

(ee) જો ડિફૉલ્ટની કોઈ ઘટના અથવા કોઈપણ ઘટના જે, નોટિસ અથવા સમય વીતી ગયા પછી અથવા બંને ડિફૉલ્ટની ઘટના બનાવે છે, તો ઉધારકર્તા તરત જ ધિરાણકર્તાને લેખિતમાં સૂચના આપશે જેમાં ડિફૉલ્ટની આવી ઘટના બની છે તેનો ઉલ્લેખ કરવામાં આવશે. જો કંપનીઝ એક્ટ, 2013 અથવા અન્ય કોઈપણ કાયદાની જોગવાઈઓ હેઠળ સમાપન થવાની કોઈ વૈધાનિક નોટિસ પ્રાપ્ત થાય ત્યારે, અથવા ઉધારકર્તા/ગેરેન્ટર સામે દાખલ/શરૂ કરવા માટેનો કોઈપણ દાવો અથવા કાનૂની પ્રક્રિયા નિર્ણાયક અને ઉધારકર્તા/ગેરેન્ટર માટે બંધનકર્તા હોય તો, ઉધારકર્તા/ગેરેન્ટર તાત્કાલિક ધિરાણકર્તાને જાણ કરશે.

(ff) જો લોન માટે સિક્યોરિટીનું નિર્માણ કરવામાં આવ્યું હોય તેવી હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામતનું મૂલ્ય એટલી હદે ઘટે છે કે ધિરાણકર્તાના મતે, વધુ સિક્યોરિટી પૂરી પાડવી જરૂરી બને.

(gg) જો ઉધારકર્તા અથવા કોઈપણ સિક્યોરિટી સામે કોઈ જપ્તી (અટેચમેન્ટ), ટાંચ (ડિસ્ટ્રેસ), અમલ અથવા અન્ય પ્રક્રિયા લાગુ કરવામાં આવે અથવા તેના પર લાદવામાં આવે.

(hh) ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટના કોઈપણ ડિરેક્ટર, પ્રમોટર, પાર્ટનર, માલિક, ટ્રસ્ટી અથવા સભ્યો *(લાગુ* પડતું હોય તે મુજબ) ને RBI અથવા અન્ય કોઈપણ સત્તાધિકારી દ્વારા વિલફુલ ડિફૉલ્ટર(બહુવિધ) તરીકે જાહેર કરવામાં આવે છે અને આવી વ્યક્તિને ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટમાંથી દૂર કરવામાં ન આવે.



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

**B. ડિફૉલ્ટની ઘટના બનવાની સૂચના**

જો ડિફૉલ્ટની કોઈ ઘટના અથવા કોઈપણ ઘટના જે, નોટિસ અથવા સમય વીતી ગયા પછી અથવા બંને ડિફૉલ્ટની ઘટના બનાવે છે, તો ઉધારકર્તા તરત જ ધિરાણકર્તાને લેખિતમાં સૂચના આપશે જેમાં ડિફૉલ્ટની આવી ડિફૉલ્ટની ઘટના અથવા આવી ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવશે.

**C. ડિફૉલ્ટના પરિણામો**

ઉપર જણાવ્યા મુજબ કોઈપણ ડિફૉલ્ટના કિસ્સામાં, ધિરાણકર્તાને નીચે મુજબના અધિકાર રહેશે: -

(a) લોનની સંપૂર્ણ બાકી રકમ વસૂલ કરવાનો.

(b) લોન એકાઉન્ટમાં કોઈપણ વિથડ્રોઅલને સ્થગિત કરવાનો.

(c) નીચે ક્લોઝ 11 માં વિગતવાર ઉલ્લેખિત મુજબ ધિરાણકર્તા દ્વારા જાતે અથવા ધિરાણકર્તા દ્વારા નિયુક્ત કરાયેલ કોઈપણ રિકવરી એજન્ટો અથવા વકીલો દ્વારા અસ્કયામત/વાહનનો કબજો લેવાનો.

(d) ઉધારકર્તા સંમત થાય છે અને વચન આપે છે કે ધિરાણકર્તાના મત મુજબ સિક્યોરિટી જોખમમાં મુકાય જવાની વાજબી આશંકા હોય તો, લોન રિકૉલ કરવામાં આવી હોય કે ન આવી હોય તે છતાં, વાહનનો કબજો લેતા ધિરાણકર્તાને ઉધારકર્તા અટકાવશે અથવા અવરોધ કરશે નહીં. આવી ઘટનામાં ધિરાણકર્તાના પ્રતિનિધિઓ કોઈપણ નુકસાન માટે જવાબદાર રહ્યા વિના, જાહેર અથવા ખાનગી હરાજી અથવા ખાનગી સંધિ દ્વારા વાહન વેચવા, ભાડા પર આપવા અથવા અન્યથા વ્યવહાર કરવા માટે અને આ પ્રસ્તુતિઓમાં ઉલ્લેખિત મુજબ તેની ચોખ્ખી (નેટ) મળતી રકમ લાગુ કરવા માટે હકદાર રહેશે, અને આવા અથવા સંભવિત સંજોગોમાં ઉપરોક્ત મુજબની નોટિસ આપવાની ફરજ માફ કરવામાં આવશે.

(e) ઉધારકર્તા કોઈપણ ઘટતી રકમ તાત્કાલિક ધિરાણકર્તાને ચૂકવશે. ધિરાણકર્તા આવી ઘટતી રકમની ચુકવણી માટે, ધિરાણકર્તા પાસેના કોઈપણ એકાઉન્ટમાં જમા રહેલા ઉધારકર્તાના તમામ નાણાંને લોન સાથે સમાયોજિત કરવાનો અને સેટ-ઑફ કરવાનો અધિકાર રહેશે.

(f) આ ક્લોઝમાં સમાવિષ્ટ કંઈપણ ઉધારકર્તાને વાહન વેચવા, ભાડે રાખવા અથવા તેની સાથે વ્યવહાર કરવા માટે ફરજ પાડશે નહીં અને ધિરાણકર્તાને આવી કોઈપણ અન્ય સિક્યોરિટીથી સ્વતંત્ર રીતે ઉધારકર્તા સામે કાર્યવાહી કરવાનો અધિકાર રહેશે. ઉધારકર્તા આવા વેચાણ, ભાડા, વ્યવહાર અથવા અન્યથા ઉધારકર્તા પાસેથી બાકી હોવાનો દાવો કરાયેલ કોઈપણ રકમની ચોકસાઈના આખરી અને નિર્ણાયક પુરાવા તરીકે ધિરાણકર્તાના હિસાબો સ્વીકારવા સંમત થાય છે. જો કોઈ ખાધ (ડેફિસિટ) રહેતી હોય, તો તે ખાધની રકમ લેણદાર દ્વારા ઉધારકર્તા પાસેથી વસૂલ કરવામાં આવશે.

(g) ધિરાણકર્તા, ઉધારકર્તાના જોખમ અને ખર્ચે, એક અથવા વધુ વ્યક્તિ(ઓ) ને ઉધારકર્તાની ચૂકવવાપાત્ર રકમ વસૂલ કરવા અને/અથવા સિક્યોરિટી લાગુ કરવા માટે રોકી શકે છે અને આવી વ્યક્તિને તેની સાથે સંકળાયેલા અથવા તેને આનુષંગિક તમામ કાર્યો, ડીડ, બાબતો અને વસ્તુઓનું પાલન કરવા અને અમલમાં મૂકવાનો અધિકાર અને સત્તા આપી શકે છે જેમ ધિરાણકર્તા યોગ્ય માને.

(h) ઉધારકર્તા આ દ્વારા સંમત છે કે ધિરાણકર્તા દ્વારા તેને આપવામાં આવેલી ઉક્ત લોન સુવિધાની પૂર્વશરત તરીકે, જો ઉધારકર્તા લોન સુવિધાની પુનઃચુકવણીમાં અથવા કોઈપણ સંમત હપ્તાની ચુકવણી નિયત તારીખ(ખો) પર કરવામાં ડિફૉલ્ટ કરે, તો તે કિસ્સામાં ધિરાણકર્તા અને/અથવા રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાને પૂર્ણ અધિકાર રહેશે કે ધિરાણકર્તા અથવા RBI પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિ અનુસાર, જે રીતે અને જે માધ્યમ દ્વારા યોગ્ય લાગે તે રીતે, ડિફૉલ્ટર તરીકે ઉધારકર્તાનું નામ અથવા ઉધારકર્તાની કંપની / ફર્મ / એકમ અને તેના ડિરેક્ટરો / પાર્ટનરો / માલિકોનું નામ જાહેર અથવા પ્રકાશિત કરી શકે.



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

(i) વધુમાં, ધિરાણકર્તા (લાગુ પડતું હોય તેમ), સંબંધિત RBI પરિપત્રોના સંદર્ભમાં, સંબંધિત ક્રેડિટ માહિતી કંપનીઓ, ક્રેડિટ રિપોઝીટરીઝ અથવા અન્ય સરકારી સત્તાને SMA *(નીચે વ્યાખ્યાયિત કર્યા મુજબ)* તરીકે એકાઉન્ટના વર્ગીકરણ સહિતની ક્રેડિટ માહિતી રિપોર્ટ કરી શકે છે.

**D. તણાવગ્રસ્ત સંપત્તિઓનું નિવારણ (SMA)**

(a) ઉધારકર્તા સંમત થાય છે કે 7 જૂન, 2019 ના રોજ RBI ના પરિપત્ર દ્વારા ઇશ્યૂ કરાયેલ ' પ્રુડેન્શિયલ ફ્રેમવર્ક ફોર સ્ટ્રેસ્ડ એસેટ્સ રિઝોલ્યુશન' સંબંધિત RBI ના પરિપત્રની જરૂરિયાતોનું પાલન કરવા માટે બેંકોને જરૂરી સહાયતા આપશે.

(b) ઉધારકર્તા દ્વારા ચુકવણીમાં કોઈપણ ડિફૉલ્ટને અનુસરીને, ધિરાણકર્તા નીચેની શ્રેણીઓ અનુસાર ઉધારકર્તાના લોન એકાઉન્ટમાં ઉદ્ભવતા પ્રારંભિક નાણાંકીય તણાવને ઓળખવા માટે, તણાવગ્રસ્ત અસ્કયામતને નીચે મુજબ સ્પેશિયલ મેન્શન એકાઉન્ટ્સ (**SMA**) તરીકે વર્ગીકૃત કરશે:

વર્ગીકરણ માટે SMA પેટા-શ્રેણીઓના આધારે - મુદ્દલ અથવા વ્યાજ ચુકવણી અથવા અન્ય કોઈપણ રકમ જે

SMA-0 1 - 30 દિવસ વચ્ચે સંપૂર્ણપણે અથવા આંશિક રીતે ઓવરડ્યૂ હોય
SMA-1 31 - 60 દિવસ વચ્ચે સંપૂર્ણપણે અથવા આંશિક રીતે ઓવરડ્યૂ હોય
SMA-2 61 - 90 દિવસ વચ્ચે સંપૂર્ણપણે અથવા આંશિક રીતે ઓવરડ્યૂ હોય

***ઉદાહરણ તરીકે:*** *જો લોન એકાઉન્ટની નિયત તારીખ 31 માર્ચ, 2021 હોય, અને ધિરાણ આપતી સંસ્થા આ તારીખ માટે 'દિવસના અંતની પ્રક્રિયા' (ડે-એન્ડ પ્રક્રિયા) ચલાવે તે પહેલાં સંપૂર્ણ દેય રકમ પ્રાપ્ત થઈ ન હોય, તો ઓવરડ્યૂ (મુદતવીતી)ની તારીખ 31 માર્ચ, 2021 હશે. જો તે ઓવરડ્યૂ (મુદતવીતી) રહેવાનું ચાલુ રહે છે, તો આ એકાઉન્ટ 30 એપ્રિલ, 2021 ના રોજ 'દિવસના અંતની પ્રક્રિયા' (ડે-એન્ડ પ્રક્રિયા) ચલાવવા પર એટલે કે સતત મુદતવીતી હોવાના 30 દિવસ પૂર્ણ થવા પર SMA-1 તરીકે ટૅગ કરવામાં આવશે. એ અનુસાર, તે ખાતાની SMA-1 વર્ગીકરણ તારીખ 30 એપ્રિલ 2021 હશે. તે જ રીતે, જો એકાઉન્ટ ઓવરડ્યૂ રહે, તો 30 મે, 2021 ના રોજ 'દિવસના અંતની પ્રક્રિયા' (ડે-એન્ડ પ્રક્રિયા) ચલાવવા પર તેને SMA-2 તરીકે ટૅગ કરવામાં આવશે અને જો વધુ ઓવરડ્યૂ રહે છે, તો 29 જૂન, 2021 ના રોજ 'દિવસના અંતની પ્રક્રિયા' (ડે-એન્ડ પ્રક્રિયા ચલાવવા પર તેને NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવશે..*

(c) ઉધારકર્તા બાકી રકમની પુનઃચુકવણીમાં ડિફૉલ્ટ કરે છે અને પરિણામે એકાઉન્ટને નોન-પર્ફોર્મિંગ એસેટ ("**NPA**") તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે, RBI દ્વારા ઇશ્યૂ કરાયેલ માર્ગદર્શિકા અનુસાર ઉધારકર્તાના અન્ય તમામ ઉધાર એકાઉન્ટ્સને પણ NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

(d) તે સ્પષ્ટ કરવામાં આવે છે કે લોન અને વ્યાજની રકમ સહિતની તમામ ઓવરડ્યૂ રકમની ચુકવણી કરવા પર જ (એવા કિસ્સાઓ સિવાય કે જ્યાં લોન રિકૉલ નોટિસ ઇશ્યૂ કરવામાં આવી હોય અથવા આ એગ્રીમેન્ટની જોગવાઈઓ અનુસાર ધિરાણકર્તા દ્વારા અમલીકરણ/વસૂલાતની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય), ઉધારકર્તાના લોન એકાઉન્ટનું વર્ગીકરણ હાલની RBI માર્ગદર્શિકા અનુસાર સ્ટાન્ડર્ડ તરીકે અપગ્રેડ કરી શકાય છે.

**11. પુનઃકબજો (રીપઝેશન), સમાપ્તિ અને ધિરાણકર્તાઓના અન્ય અધિકારો**

(a) ડિફૉલ્ટની કોઈપણ ઘટના ઘટિત થવા પર, કોઈપણ નોટિસ વિના, અસ્કયામત પર ઉધારકર્તાના અધિકારો કોઈપણ નોટિસ વિના આપોઆપ રદબાતલ ગણાશે અને ઉધારકર્તા તરત જ તે અસ્કયામત, ઉધારકર્તા દ્વારા મૂળ રૂપે પ્રાપ્ત થઈ હતી તે જ સ્થિતિમાં, સામાન્ય ઘસારો બાદ કરતાં અને ઉધારકર્તા દ્વારા કરવામાં આવેલા તમામ વધારાના ફેરફારો અથવા એક્સેસરીઝ સાથે ધિરાણકર્તાને સોંપવા માટે બંધાયેલા રહેશે. ઉધારકર્તા દ્વારા અસ્કયામત સરેન્ડર કરવામાં નિષ્ફળતા અથવા ઇનકાર ગેરકાયદેસર અટકાયત (રીટેન્શન) ગણાશે જેના માટે ધિરાણકર્તાના પાસે ઉપલબ્ધ અન્ય અધિકારો/કાનૂની ઉપાયો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, ધિરાણકર્તા ફોજદારી કાર્યવાહી શરૂ કરવા માટે હકદાર રહેશે.

i. **નોટિસ:** ઉપરોક્ત ડિફૉલ્ટની કોઈપણ ઘટના અને/અથવા ઉપર ઉલ્લેખિત અસ્કયામત સરેન્ડર કરવામાં નિષ્ફળતા સહિત પુનઃચુકવણીમાં કોઈપણ ડિફૉલ્ટના કિસ્સામાં, ધિરાણકર્તા ધિરાણકર્તા પાસે ઉપલબ્ધ તેમના સરનામે ઉધારકર્તાને 7 (સાત) દિવસની નોટિસ ઇશ્યૂ કરશે. ધિરાણકર્તા દ્વારા નોટિસ મોકલ્યાના 24 (ચોવીસ) કલાકની અંદર ઉધારકર્તાને નોટિસ મળી ગઈ હોવાનું માનવામાં આવશે.

ii. **પુનઃકબજો (રીપઝેશન):** જો ઉધારકર્તા આ એગ્રીમેન્ટ હેઠળ બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય અથવા અસ્કયામત ધિરાણકર્તાને સરેન્ડર કરવામાં નિષ્ફળ જાય અને/અથવા ઉપરોક્ત નોટિસનું પાલન કરીને ધિરાણકર્તાના સંતોષ મુજબ એગ્રીમેન્ટની શરતોના ઉલ્લંઘનને સુધારવામાં, નિષ્ફળ જાય, આ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તા પાસે ઉપલબ્ધ અન્ય અધિકારોને નુકસાન પહોંચાડ્યા વિના, ધિરાણકર્તા અસ્કયામતનો કબજો લેવા માટે હકદાર રહેશે, આ હેતુ માટે ધિરાણકર્તા તેના પ્રતિનિધિ દ્વારા, જે તે વતી યોગ્ય રીતે અધિકૃત છે અથવા કોઈપણ અધિકૃત પ્રતિનિધિ, કર્મચારી અને/અથવા એજન્ટ દ્વારા અસ્કયામતનો કબજો લેવાનો હકદાર રહેશે જેમને અસ્કયામતનો કબજો લેવા માટે નિયુક્ત કરવામાં આવી શકે છે (જેને "**પુનઃકબજો (રીપઝેશન)**" તરીકે સંદર્ભિત કરવામાં આવે છે) અને આ હેતુ માટે કોઈપણ સ્થાન અથવા સ્થળોએ પ્રવેશ કરવાનો અધિકાર રહેશે જ્યાં અસ્કયામત હોઈ શકે છે અથવા હોવાની શક્યતા છે, અને ત્યાંથી અસ્કયામતને દૂર કરી શકશે અથવા તેનો કબજો લઈ શકશે. ઉધારકર્તા સંમત થાય છે અને વચન આપે છે કે ડિફૉલ્ટ ઘટિત થવાની ઘટનામાં સિક્યોરિટી પર પુનઃકબજો (ફરીથી કબજે) કરવાના તેના અધિકારનો ઉપયોગ કરવાથી ધિરાણકર્તાને અટકાવશે નહીં અથવા તેનો અવરોધ કરશે નહીં. ઉધારકર્તા(ઓ) આ દ્વારા ધિરાણકર્તા અથવા તેમના સંબંધિત એજન્ટોને તે પરિસરમાં પ્રવેશવા માટે અધિકૃત કરે છે જ્યાં હાઈપોથિકેટ (ગીરો) કરાયેલ અસ્કયામત સ્થિત છે અથવા સ્થિત હોવાનું માનવામાં આવે છે અને ઉધારકર્તા(ઓ) ધિરાણકર્તા અથવા તેમના સંબંધિત એજન્ટો સામે અનધિકૃત પ્રવેશ (ટ્રેસ્પાસ) માટે કોઈ દાવો નહીં કરવા અથવા ધિરાણકર્તા સામે કોઈપણ કાયદા હેઠળ કાર્યવાહી નહીં કરવા સંમત થાય છે. અસ્કયામત દૂર કરવાથી જમીન અથવા ઇમારતને થયેલા કોઈપણ નુકસાનની સંપૂર્ણ જવાબદારી ઉધારકર્તા(ઓ)ની રહેશે. જો ટોઇંગ (ખેંચી જવાની સેવા)નો ઉપયોગ કરવાની જરૂર પડે, તો ઉધારકર્તા અહીંના શેડ્યૂલમાં દર્શાવ્યા મુજબ ટોઇંગ ચાર્જિસ અને અન્ય ખર્ચ ચૂકવવા માટે જવાબદાર રહેશે.

ધિરાણકર્તા દ્વારા અસ્કયામતનો પુનઃકબજો લેતી વખતે તેમાં રહેલી કોઈપણ ચીજવસ્તુઓ (નાશવંત અથવા બિન-નાશવંત) દૂર કરવાની એકમાત્ર જવાબદારી ઉધારકર્તાની રહેશે અને ઉધારકર્તા આવી ચીજવસ્તુઓનેને ઉપરોક્ત અસ્કયામતમાંથી ટ્રાન્સફર કરવા અને તેના પોતાના ખર્ચે પરત લઈ જવા માટે પોતાની વ્યવસ્થા કરશે અને ધિરાણકર્તા કોઈપણ હાનિ અથવા નુકસાન, મૂલ્યમાં અવમૂલ્યન, પરિવહન દરમિયાન થયેલ નુકસાન વગેરે, અથવા આવી પુનઃકબજા દરમિયાન અથવા પછી કોઈને પણ તે ન ડિલિવર ન થવાને કારણે થતા કોઈપણ નુકસાન માટે ઉધારકર્તાને જવાબદાર રહેશે નહીં.



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

ધિરાણકર્તા હાઈપોથિકેટ (ગીરો) કરાયેલ અસ્કયામતની કોઈપણ હાનિ અથવા વિનાશ અને નુકસાન માટે જવાબદાર રહેશે નહીં, પછી ભલે તે પુનઃકબજે કરેલી અસ્કયામતની ચોરી, આગ, વરસાદ પૂર, ધરતીકંપ, વીજળી પડવી કે કોઈપણ પ્રકારના અકસ્માત અથવા અન્ય કોઈપણ કારણસર થયેલ હોય.

iii. **પુનઃકબજા (રીપઝેશન) પછી**: ધિરાણકર્તા દ્વારા અસ્કયામતનો પુનઃકબજો મેળવ્યા પછી અથવા ઉધારકર્તા દ્વારા સરેન્ડર કર્યા પછી, ધિરાણકર્તા ઉધારકર્તાને જપ્તી અથવા સરેન્ડર પછી નોટિસ મોકલશે, જેમાં કરારનું સમાધાન કરવા માટે 7 (સાત) દિવસનો સમય આપવામાં આવશે (અસ્કયામતનો કબજો લેવા માટે ધિરાણકર્તા દ્વારા કરાયેલા અમલીકરણ અને કાનૂની ચાર્જીસ તથા ખર્ચાઓનો સમાવેશ થાય છે). ઉપર દર્શાવેલ સમય મર્યાદામાં કરારનું સમાધાન કરવામાં નિષ્ફળ જવાની સ્થિતિમાં ઉધારકર્તા R.C. બુક, પરમિટ, ટેક્સ રસીદ, વીમા પ્રમાણપત્ર, પૉલિસી વગેરે સહિત અસ્કયામતને લગતા તમામ મૂળ દસ્તાવેજો ડિલિવર કરશે. જો ઉધારકર્તા મૂળ દસ્તાવેજો ધિરાણકર્તાને ડિલિવર કરવામાં નિષ્ફળ જાય અને અસ્કયામત/વાહન ધિરાણકર્તાની તરફેણમાં ટ્રાન્સફર કરવામાં નિષ્ફળ જાય, તો ધિરાણકર્તા તાત્કાલિક સંબંધિત અધિકારીઓ સમક્ષ નવા દસ્તાવેજ મેળવવા અથવા તેની ડુપ્લિકેટ નકલ મેળવવા માટે અરજી કરવાનો હકદાર રહેશે, તે માટે થતા ખર્ચાઓ ઉધારકર્તાના એકાઉન્ટમાં વસૂલ કરવામાં આવશે અને અમલીકરણ ખર્ચનો ભાગ ગણાશે.

iv. **નોટિસમાં માફી:** ઉપરોક્ત નોટિસ ધિરાણકર્તાની વિવેકબુદ્ધિ મુજબ માફ (waive) કરવામાં આવી શકે છે, જો ધિરાણકર્તાના મત મુજબ આવી નોટિસ આપવાથી અસ્કયામત અથવા ધિરાણકર્તાના હિતને જોખમમાં મૂકે તેવી શક્યતા છે.

v. **વેચાણ/ટ્રાન્સફર/સોંપણી:** ઉધારકર્તા આ દ્વારા ધિરાણકર્તાને કોર્ટના હસ્તક્ષેપ વિના, ખાનગી સમજૂતી દ્વારા અથવા જાહેર હરાજી દ્વારા અથવા ધિરાણકર્તા યોગ્ય ગણે તેવી અન્ય કોઈ રીતે, અસ્કયામત વેચવા/ટ્રાન્સફર કરવા/સોંપવા માટે અપરિવર્તનીય રીતે અધિકૃત કરે છે. ઉધારકર્તા કોઈપણ રીતે ધિરાણકર્તા દ્વારા હાથ ધરવામાં આવેલા વેચાણ અને/અથવા હરાજી અંગે કોઈ વાંધો ઉઠાવવા માટે હકદાર રહેશે નહીં.

vi. અસ્કયામતના વેચાણ પર અને વેચાણમાંથી મળતી રકમનું લોનની બાકી રકમ સામે સમાયોજન (જેમાં વાહનના પાર્કિંગ/વેચાણ, અમલ માટે લાગતા ચાર્જિસ અને લાગુ પડતા કાનૂની ખર્ચાઓનો સમાવેશ થાય છે) કર્યા પછી, જો કોઈ ખૂટતી રકમ દેય અને ચૂકવવાપાત્ર રહેતી હોય, તો તે ઉધારકર્તા અને ગેરેન્ટર દ્વારા ચૂકવવામાં આવશે, જેના માટે ઉધારકર્તા અને ગેરેન્ટર કોઈ વાંધો ઉઠાવશે નહીં.

(b) કાયદામાં અને/અથવા ઇક્વિટીમાં, ફાઇનાન્સિંગ દસ્તાવેજો હેઠળના અન્ય અધિકારો અને ઉપાયો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, ધિરાણકર્તા પાસે કોઈપણ કાયદા હેઠળ તેને મળેલા તમામ અધિકારો અને ઉપાયો પ્રાપ્ત રહેશે, જેમાં સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ("**SARFAESI એક્ટ**")નો સમાવેશ થાય છે અને જેમાં નીચે મુજબના ઉપાયો પણ ઉપલબ્ધ રહેશે:

i. ધિરાણકર્તા શેડ્યૂલમાં ઉલ્લેખિત મુજબ ઉધારકર્તા પાસેથી પુનઃચુકવણી ચેક(ચેક્સ)ના બાઉન્સિંગ અથવા અસ્વીકાર માટેના ચાર્જિસ, દંડાત્મક ચાર્જિસ અને અન્ય કોઈપણ ચાર્જિસ વસૂલ કરવા માટે હકદાર રહેશે;

ii. ઉધારકર્તા તેના પોતાના ખર્ચે ધિરાણકર્તા દ્વારા જરૂરી હોય તેવા સ્વરૂપ અને રીતે વધારાના સિક્યોરિટી હિતનું નિર્માણ કરશે;

iii. લોન પેન્ડિંગ હોય તે દરમિયાન, નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, 1881 ની કલમ 138 અને પેમેન્ટ ઓફ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ, 2007 ની કલમ 25 (1) હેઠળ ઉપલબ્ધ ઉપાયોના સમાવેશ સહિત, પરંતુ માત્ર તેના પૂરતું જ મર્યાદિત નહીં, કાયદા હેઠળ ઉપલબ્ધ કોઈપણ અન્ય ઉપાયોનો ઉપયોગ કરી શકાય છે;



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

iv. તેના કબજેદાર પાસેથી સિક્યોરિટી/અસ્કયામત મેળવવા અને તેનો કબજો લેવા અને તેની એકમાત્ર અને સંપૂર્ણ વિવેકબુદ્ધિથી જેમ ધિરાણકર્તા યોગ્ય માને તે રીતે સિક્યોરિટી/અસ્કયામતનો ઉપયોગ કરવાનો અધિકાર રહેશે;

v. સિક્યોરિટી/અસ્કયામત અથવા તેના કોઈપણ ભાગને વેચવા, ટ્રાન્સફર કરવા, સરેન્ડર કરવા, લીઝ પર આપવા, પેટા-લીઝ કરવા, ભાડે આપવા, લિવ-એન્ડ- લાઇસન્સ પર આપવા, છોડવા, ટ્રાન્સફર કરવા, નિકાલ કરવા, હસ્તાંતરણ કરવા અને સિક્યોરિટી/અસ્કયામત અથવા તેના કોઈપણ ભાગમાં અથવા તેના પર કોઈપણ તૃતીય-પક્ષ અધિકારો બનાવવા અથવા સિક્યોરિટી/અસ્કયામત અથવા કોઈપણ ભાગ સાથે તેની એકમાત્ર અને સંપૂર્ણ વિવેકબુદ્ધિથી ધિરાણકર્તા જેમ યોગ્ય માને તેવા નિયમો અને શરતો પર વ્યવહાર કરવાનો અધિકાર રહેશે.

(c) **સમાપ્તિ**

i. આ એગ્રીમેન્ટમાં વિપરીત કંઈપણ હોવા છતાં, ધિરાણકર્તા કોઈપણ સમયે તેની એકમાત્ર અને સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, કોઇપણ જવાબદારી અને કોઈપણ કારણ આપવાની જવાબદારી વિના લોન અથવા તેના કોઈપણ ભાગને સમાપ્ત, રદ અથવા રિકૉલ કરી શકે છે, જેના પરિણામે તમામ મુદ્દલ નાણાં, તેના પર વ્યાજ, દંડાત્મક ચાર્જિસ (*જો કોઈ* હોય તો) અને ચૂકવવાપાત્ર અન્ય તમામ ખર્ચ, ચાર્જિસ, વ્યય અને અન્ય નાણાં ધિરાણકર્તા દ્વારા માંગણી પર તરત જ ધિરાણકર્તાને દેય અને ચૂકવવાપાત્ર બનશે.

ii. ઉધારકર્તા દ્વારા અસ્કયામત સરેન્ડર કરવામાં આવે અથવા ધિરાણકર્તા દ્વારા તેનો પુન:કબજો લેવામાં આવે ત્યારે, શેડ્યૂલમાં ઉલ્લેખિત લોનની રકમ હોવા છતાં, આ એગ્રીમેન્ટ ઉધારકર્તા/ઓ અને ગેરેન્ટર/રોને કોઈપણ નોટિસ આપ્યા વિના સમાપ્ત થયેલ માનવામાં આવશે.

iii. ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને સંપૂર્ણ પુનઃચુકવણી કરવામાં આવે ત્યારે, જેમાં લોનની રકમ, વ્યાજદર મુજબ ચૂકવવાના નાણાં, દંડાત્મક ચાર્જીસ (*જો હોય* તો) તેમજ આ એગ્રીમેન્ટ હેઠળ ઉધારકર્તા અને ગેરેન્ટર દ્વારા ધિરાણકર્તાને ચૂકવવાના તમામ અન્ય ખર્ચાઓ, ચાર્જિસ અને વ્યયનો સમાવેશ થાય છે.

iv. ધિરાણકર્તા દ્વારા ઉધારકર્તા અને ગેરેન્ટરને આ બાબતે પોતાનો નિર્ણય લેખિત નોટિસ દ્વારા અગાઉથી જાણ કરવામાં આવે તે મુજબ.

(d) **ધિરાણકર્તાઓના અન્ય અધિકારો**

i. તે ખાસ કરીને પક્ષકારો વચ્ચે સંમત કરવામાં આવે છે કે, ઉધારકર્તા અને ગેરેન્ટર દ્વારા જેમ લાગુ પડે તે મુજબ, ધિરાણકર્તાની તરફેણમાં બનાવવામાં આવેલ ચાર્જ ચાલુ રહેશે અને આ એગ્રીમેન્ટ હેઠળ ઉધારકર્તા દ્વારા ચૂકવવાની કોઈપણ રકમ બાકી હોય અથવા ઉધારકર્તા અને ધિરાણકર્તા વચ્ચે અમલ મૂકવામાં આવેલા કોઈપણ અન્ય એગ્રીમેન્ટ અથવા દસ્તાવેજ હેઠળ ચૂકવવાની કોઈપણ રકમ દેય અને ચૂકવવાપાત્ર હોય તે કિસ્સામાં, ધિરાણકર્તા કોર્ટના હસ્તક્ષેપ વિના, નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) રોકવા અને અસ્કયામત/વાહનનો પુનઃકબજો મેળવવા અને વેચવા માટે સ્વતંત્ર રહેશે.

ii. આ એગ્રીમેન્ટ હેઠળ હાઈપોથિકેટ (ગીરો) કરાયેલ અસ્કયામતોના વેચાણની ઘટનામાં આ એગ્રીમેન્ટ અનુસાર ઉધારકર્તા/ગેરેન્ટર દ્વારા પ્રદાન કરવામાં આવેલ કોઈપણ અન્ય સિક્યોરિટીના અમલ માટે, ધિરાણકર્તા પ્રાપ્ત થયેલી રકમમાં કોઈપણ નુકસાન અથવા ખાધ માટે જવાબદાર રહેશે નહીં અથવા અસ્કયામતના મૂલ્યમાં થયેલ કોઈપણ ઘટાડા માટે જવાબદાર રહેશે નહીં. આવા વેચાણ ધિરાણકર્તા દ્વારા ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર પ્રત્યે કોઈપણ જવાબદારી રાખ્યા વિના કરવામાં આવશે અને ધિરાણકર્તા કોઈપણ હાનિ/નુકસાન માટે જવાબદાર રહેશે નહીં. ધિરાણકર્તા દ્વારા તેના અધિકારના ઉપયોગને કારણે અસ્કયામતના મૂલ્યમાં ઘટાડા માટે ધિરાણકર્તા જવાબદાર ગણાશે નહીં અને ઉધારકર્તા/ગેરેન્ટર એવા



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

આધારે ધિરાણકર્તા સામે કોઈ દાવો કરવા હકદાર રહેશે નહીં કે આ એગ્રીમેન્ટ હેઠળ મોટી રકમ અથવા રકમ પ્રાપ્ત થઈ શકે છે અથવા થવી જોઈતી હતી, તેમજ તેઓ આ એગ્રીમેન્ટ હેઠળની બાકી રહેતી દેય રકમ માટેની પોતાની જવાબદારી અંગે ધિરાણકર્તા સામે કોઈ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં.

iii. ચૂકવવાપાત્ર રકમની વસૂલાત માટે કોઈપણ/તમામ કાનૂની કાર્યવાહી શરૂ કરવા માટે ધિરાણકર્તાના અધિકાર પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, ઉધારકર્તા/ગેરેન્ટર સ્પષ્ટપણે સ્વીકારે છે કે ધિરાણકર્તા તેને યોગ્ય લાગે તે રીતે તૃતીય પક્ષો/એજન્ટની નિમણૂક કરશે અને આવા તૃતીય પક્ષ/એજન્ટ આ એગ્રીમેન્ટ હેઠળ તેના તમામ અથવા કોઈપણ કાર્ય, અધિકારો અને સત્તા ધરાવી શકે છે, જેમાં ઉધારકર્તાની કોઈપણ પૂર્વ સંમતિ વિના, ઉધારકર્તા પાસેથી ચૂકવવાપાત્ર રકમ વસૂલ કરવાની સત્તાનો સમાવેશ થાય છે.

iv. તે સ્પષ્ટપણે સંમત અને સમજવામાં આવ્યું છે કે કોઈપણ ડિફૉલ્ટની ઘટના ઘટિત થવા પર અસ્કયામતનો પુનઃકબજો અને/અથવા વેચાણ, આ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તા દ્વારા ઉધારકર્તા અને ગેરેન્ટર સામે બાકી રહેલી કોઈપણ રકમના દાવાના અમલીકરણ માટે પૂર્વવર્તી શરત ગણાશે નહીં.

v. અસ્કયામતનો પુનઃકબજો લેવામાં ધિરાણકર્તા તરફથી કોઈપણ અસમર્થતા, નિષ્ફળતા અથવા ચૂક (ઓમિશન), જો તે નક્કી કરે તો કોઈપણ સમયે એગ્રીમેન્ટ સમાપ્ત કરવાના તેના અધિકારને અસર કરશે નહીં, ન તો તે ડિફૉલ્ટની માફી અથવા હકનો ત્યાગ ગણાશે નહીં, અથવા આ એગ્રીમેન્ટ હેઠળ ઉધારકર્તા અને ગેરેન્ટર પાસેથી વ્યક્તિગત રીતે દેય તમામ રકમની વસૂલાતના અધિકારને અસર કરશે નહીં.

vi. આ એગ્રીમેન્ટમાં જણાવેલ કંઈપણ હોવા છતાં, આવી સમાપ્તિ પછી લોન ચાલુ રાખવાનો અધિકાર ધિરાણકર્તાના એકમાત્ર અને સંપૂર્ણ વિવેકબુદ્ધિ પર રહેશે અને ઉધારકર્તાની ચૂકવવાપાત્ર રકમ ધિરાણકર્તાને ચૂકવવાની રહેશે, જે સંબંધિત સમયે ધિરાણકર્તા દ્વારા નક્કી કરવામાં આવશે. ધિરાણકર્તા કોઈપણ સમયે તેની એકમાત્ર વિવેકબુદ્ધિથી અને કોઈપણ કારણ આપ્યા વિના ઉધારકર્તાને ઉધારકર્તાની ચૂકવવાપાત્ર રકમ ચૂકવવા માટે કહી શકે છે અને ત્યારબાદ ઉધારકર્તા તરત જ, કોઈપણ વિલંબ વિના ધિરાણકર્તાને સંપૂર્ણ ચૂકવવાપાત્ર રકમ ચૂકવી દેશે. ઉધારકર્તા દ્વારા ચૂકવવાપાત્ર હોવાનું જણાવેલ બાકી રકમ ઉધારકર્તા માટે અંતિમ અને બંધનકર્તા ગણાશે.

vii. ઉધારકર્તા અને ગેરેન્ટર/રો પાસેથી અસ્કયામતનું સ્થાન શોધવા, તેનો કબજો લેવા, ગેરેજમાં રાખવા, વીમો લેવા, પરિવહન કરવા અને વેચાણ કરવા માટે થયેલ તમામ અમલીકરણ સંબંધિત વ્યય અને ખર્ચાઓ, અને એગ્રીમેન્ટની જોગવાઈઓનો અમલ કરવા માટે ધિરાણકર્તા દ્વારા અથવા વતી ફાઈલ કરવામાં આવતી કોઈપણ કાનૂની કાર્યવાહીમાં ઉધારકર્તા અને ગેરેન્ટર/રો દ્વારા કરવામાં આવેલા તમામ અમલીકરણ સંબંધિત વ્યય અને ખર્ચ વસૂલ કરવા માટે હકદાર રહેશે. તે સ્પષ્ટપણે સ્પષ્ટ કરવામાં આવે છે કે ઉપર ઉલ્લેખિત ઉપાયો આ એગ્રીમેન્ટ હેઠળ, અથવા અન્ય કોઈપણ એગ્રીમેન્ટ/વચન હેઠળ, અથવા કાયદા અથવા ઇક્વિટી હેઠળ ધિરાણકર્તાને ઉપલબ્ધ કોઈપણ અન્ય ઉપાય ઉપરાંત અને તેના પ્રત્યે પૂર્વગ્રહ વિના રહેશે.

viii. ઇન્ડિયન કોન્ટ્રાક્ટ એક્ટ, 1872, માં સમાવિષ્ટ કોઈપણ વિપરીત બાબત હોવા છતાં, ધિરાણકર્તા અથવા તેના અધિકારીઓ, એજન્ટો અથવા નોમિનીઓ કોઈપણ રીતે કોઈપણ હાનિ, નુકસાન, મર્યાદા અથવા અવમૂલ્યન માટે જવાબદાર રહેશે નહીં જે હાઈપોથિકેટ (ગીરો) કરાયેલ અસ્કયામત કોઈપણ રીતે ભોગવી શકે અથવા તેને પહોંચી શકે જ્યારે તે ધિરાણકર્તા અથવા તેના અધિકારીઓ, એજન્ટો અથવા નોમિનીઓના કબજામાં હોય અથવા ધિરાણકર્તા અથવા તેના અધિકારીઓ, એજન્ટો અથવા નોમિનીઓને ઉપલબ્ધ અધિકારો, સત્તાઓ અથવા ઉપાયોના ઉપયોગ અથવા બિન-ઉપયોગના કારણે અને આવા તમામ હાનિ, નુકસાન અથવા અવમૂલ્યન, ભલે તે ગમે તે રીતે થયા હોય, ઉધારકર્તા અને ગેરેન્ટરના એકાઉન્ટમાં ડેબિટ કરવામાં આવશે.



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

ix. આ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તાને ઉપલબ્ધ અન્ય કોઈપણ અધિકારો હોવા છતાં, ધિરાણકર્તા ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર(રો) સામે કોઈપણ અન્ય યોગ્ય કાર્યવાહી શરૂ કરવા માટે હકદાર રહેશે જો કોઈપણ સમયે ધિરાણકર્તાને તેની એકમાત્ર વિવેકબુદ્ધિથી એવું માનવાનું પૂરતું કારણ હોય કે ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર(રો) એ કોઈ ખોટી રજૂઆત કરી છે/કર્યા છે અને/અથવા કોઈપણ બનાવટી દસ્તાવેજો અથવા ખોટો ડેટા ધિરાણકર્તાને સબમિટ કર્યો છે.

**12. પ્રાપ્તિ**

નિમ્નલિખિત માટે, ધિરાણકર્તા યોગ્ય માને તે મુજબના દરે, ઉધારકર્તા દ્વારા ચૂકવવાપાત્ર રકમ પ્રત્યે સમગ્ર અથવા આંશિક રીતે ચૂકવવામાં આવે તેવી કોઈ પણ દેય અને ચૂકવવાપાત્ર ચુકવણી પ્રાપ્ત કરવાનો અધિકાર ધિરાણકર્તા ધરાવે છે:

(a) પુનઃચુકવણી ચેક/ECS/ E-NACH બાઉન્સ ચાર્જિસ અને બેંક ચાર્જિસ;

(b) હપ્તા;

(c) આ એગ્રીમેન્ટ હેઠળ ચૂકવવાપાત્ર ખર્ચ, ચાર્જિસ, વ્યય, કર, વૈધાનિક દેય રકમ અને અન્ય નાણાં;

(d) દંડાત્મક ચાર્જિસ; અને

(e) અન્ય કોઈપણ કરાર હેઠળ દેય રકમની પુનઃચુકવણી.

**13. ઉધારકર્તા અને ગેરેન્ટરના કરારો અને રજૂઆતો**

ઉધારકર્તા અને ગેરેન્ટર આ દ્વારા પુષ્ટિ કરે છે અને ધિરાણકર્તાને નીચેની બાબતો જાહેર કરે છે:

(a) ઉધારકર્તા અને ગેરેન્ટર સામાન્ય નિવાસી ભારતીય નાગરિકો છે અને આ એગ્રીમેન્ટ હેઠળ લોનની મુદત દરમિયાન તેઓ તેમ જ રહેશે.

(b) ઉધારકર્તા અને ગેરેન્ટર પાસે આ એગ્રીમેન્ટમાં પ્રવેશ કરવા અને તેનો અમલ કરવા માટે પૂરતી કાનૂની ક્ષમતા છે.

(c) ઉધારકર્તા અને ગેરેન્ટર કોઈપણ કાયદા, અધિનિયમ, ચુકાદા, ડિક્રી, નિર્ણય અને કરાર હેઠળ અથવા અન્યથા આ એગ્રીમેન્ટનો અમલ કરવા અને તેના હેઠળની જવાબદારીઓને હાથ ધરવા માટે કોઈપણ રીતે પ્રતિબંધિત અથવા અટકાવવામાં આવતા નથી;

(d) આ એગ્રીમેન્ટના અમલીકરણ પછી, તે ઉધારકર્તા અને ગેરેન્ટરની માન્ય અને કાયદેસર રીતે બંધનકર્તા પ્રતિબદ્ધતા હશે જે આ એગ્રીમેન્ટની શરતો અનુસાર અમલપાત્ર છે.

(e) ઉધારકર્તા અને ગેરેન્ટર અને આ એગ્રીમેન્ટમાં પ્રવેશ કરવા માટે યોગ્ય રીતે અધિકૃત છે.

(f) આ એગ્રીમેન્ટનું અમલીકરણ કોઈપણ કાયદા / બંધારણીય દસ્તાવેજો અથવા ઉધારકર્તા/ગેરેન્ટર પર બંધનકર્તા હોય તેવા કોઈપણ અન્ય દસ્તાવેજ સાથે વિરોધાભાસમાં નથી.

(g) ઉધારકર્તા/ગેરેન્ટર (દીવાની કે ફોજદારી અથવા અન્યથા) સામે કોઈ દાવો, કાર્યવાહી અથવા ક્લેઇમ પેન્ડિંગ નથી અથવા ફાઈલ થવાની અથવા કાર્યવાહી થવાની સંભાવના નથી.

(h) અહીં હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામત પર કોઈપણ પ્રકારનો કોઈ બોજો અથવા કોઈપણ લિયન (પૂર્વાધિકાર) અસ્તિત્વમાં નથી.

(i) ઉધારકર્તા અને ગેરેન્ટરનું નામ, તેમજ તેના સંબંધિત ડિરેક્ટરો, પ્રમોટરો, પાર્ટનરો, માલિકો, ટ્રસ્ટી અથવા સભ્યોના નામ (લાગુ પડતું હોય તે મુજબ) RBI અથવા કોઈપણ બેંક અને નાણાંકીય સંસ્થા દ્વારા પ્રસારિત ડિફૉલ્ટર્સની કોઈપણ યાદીમાં શામેલ નથી અને ઉધારકર્તા અને ગેરેન્ટર અને તેના સંબંધિત ડિરેક્ટરો, પ્રમોટરો, પાર્ટનરો, માલિકો, ટ્રસ્ટી અથવા સભ્યોના નામ (લાગુ પડતું હોય તે મુજબ) RBI/એક્સપોર્ટ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમિટેડ/ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ વગેરે દ્વારા ઇશ્યૂ કરાયેલ ચેતવણી યાદીમાં દેખાતા નથી. જો ઉધારકર્તા અને ગેરેન્ટરના ડિરેક્ટરો, પ્રમોટરો, પાર્ટનરો, માલિકો, ટ્રસ્ટી



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

અથવા સભ્યો (લાગુ પડતું હોય તે મુજબ)ના નામ આવી કોઈપણ યાદીમાં ઉમેરવામાં આવે છે, તો આવી વ્યક્તિ/એન્ટિટી આવી વ્યક્તિને તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી અથવા ઉધારકર્તા અને ગેરેન્ટરના વ્યવસ્થાપનના નિયંત્રણમાંથી દૂર કરવા માટે ઝડપી અને પ્રભાવી પગલાં લેશે. ઉધારકર્તા અને ગેરેન્ટર એવી વ્યક્તિને સામેલ કરશે નહીં, જેને વિલફુલ ડિફૉલ્ટર તરીકે ઓળખવામાં આવે છે અથવા જેનું નામ વિલફુલ ડિફૉલ્ટરની યાદીમાં આવે છે અથવા જે કોઈપણ અન્ય કંપનીના બોર્ડ પર ડિરેક્ટર છે અથવા કોઈપણ કોર્પોરેટ એન્ટિટીના બિઝનેસમાં સામેલ છે, જેને કોઈપણ બેંક અથવા નાણાંકીય સંસ્થા દ્વારા વિલફુલ ડિફૉલ્ટર તરીકે ઓળખવામાં આવે છે, તેને પોતાના બોર્ડ પર અથવા ઉધારકર્તા અને ગેરેન્ટરના વ્યવહારોના મેનેજમેન્ટ માટે જવાબદાર અને ઈન-ચાર્જ વ્યક્તિ તરીકે અથવા પ્રમોટર, પાર્ટનર, સભ્ય અથવા ટ્રસ્ટી તરીકે તેની/તેણીની ક્ષમતામાં (લાગુ પડતું હોય તેમ) નિયુક્ત કરશે નહીં;

(j) ઉધારકર્તા અને ગેરેન્ટર બેંકિંગ કંપની (ધિરાણકર્તા સહિત) ના ચેરમેન/મેનેજિંગ ડિરેક્ટર અથવા ડિરેક્ટરનો સંબંધી (RBI દ્વારા નિર્દિષ્ટ) નથી અથવા ધિરાણકર્તાના વરિષ્ઠ અધિકારી (RBI દ્વારા નિર્દિષ્ટ) ના સંબંધી નથી અથવા બેંકિંગ કંપની (ધિરાણકર્તા સહિત) ના ચેરમેન/મેનેજિંગ ડિરેક્ટર અથવા ડિરેક્ટરનો કોઈ સંબંધી (RBI દ્વારા નિર્દિષ્ટ) નથી અથવા ધિરાણકર્તાના વરિષ્ઠ અધિકારી (RBI દ્વારા નિર્દિષ્ટ) ના સંબંધી નથી, નોંધપાત્ર હિત ધરાવતો નથી અથવા ઉધારકર્તા અથવા ગેરેન્ટરના ડિરેક્ટર/પાર્ટનર/મેનેજર/કર્મચારી/સલાહકાર/ગેરંટર તરીકે રસ ધરાવતા નથી;

(k) ઉધારકર્તા અને ગેરેન્ટર કોઈપણ બેંકિંગ કંપનીના ડિરેક્ટર નથી અથવા ધિરાણકર્તા સહિત બેન્કિંગ કંપનીના ડિરેક્ટરના નિર્ધારિત નજીકના સંબંધિત નથી અથવા ઉધારકર્તા અને ગેરેન્ટરના ડિરેક્ટર્સમાંથી કોઈ પણ બેંકિંગ કંપની ડિરેક્ટર નથી અથવા ધિરાણકર્તા સહિત બેન્કિંગ કંપનીના ડિરેક્ટરના નિર્ધારિત નજીકના સંબંધિત નથી;

(l) ઉધારકર્તા અને ગેરેન્ટર પુષ્ટિ કરે છે કે ઉધારકર્તા, ગેરેન્ટર અને તેમના સંબંધિત અધિકૃત અધિકારીઓનો જે મોબાઇલ નંબર (જો લાગુ હોય તો) ધિરાણકર્તા સાથે રજીસ્ટર્ડ છે તે જ મોબાઇલ નંબર તેમના સંબંધિત આધાર સાથે રજીસ્ટર છે અને ઉધારકર્તા અને ગેરેન્ટર આથી વચન આપે છે કે ધિરાણકર્તાની પૂર્વ લેખિત સંમતિ વિના, ધિરાણકર્તાના રેકોર્ડમાં રજીસ્ટર અને આધાર સાથે રજીસ્ટર્ડ તેમના સંબંધિત મોબાઇલ નંબરો (આધાર *સાથે રજીસ્ટર્ડ)* બદલશે નહીં અથવા અપડેટ કરશે નહીં.

(m) ઉધારકર્તા એ સુનિશ્ચિત કરશે કે સમગ્ર લોનની રકમનો ઉપયોગ માત્ર નિર્ધારિત હેતુ માટે જ કરવામાં આવશે અને અન્ય કોઈ હેતુ માટે નહીં.

(n) ઉધારકર્તા આ એગ્રીમેન્ટના અસ્તિત્વમાં હોવા દરમિયાન દરેક સમયે સુનિશ્ચિત કરશે કે, જે વ્યક્તિ વાહન ચલાવે છે, તેની પાસે માન્ય ડ્રાઇવિંગ લાઇસન્સ છે જે તેને વાહન ચલાવવા માટે હકદાર બનાવે છે.

(o) ઉધારકર્તા અને ગેરેન્ટરે આ એગ્રીમેન્ટ, કોલેટરલ દસ્તાવેજ અને હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામતના સંબંધમાં જરૂરી તમામ અધિકૃતતા, મંજૂરી, સંમતિ, લાઇસન્સ અને પરવાનગીને સંપૂર્ણ બળ અને પ્રભાવ આપવા માટે જરૂરી હોય તે બધું મેળવ્યું અને કર્યું.

(p) તમામ પત્રવ્યવહાર ઉધારકર્તા અને ગેરેન્ટર દ્વારા આપવામાં આવેલા સરનામે સંબોધવામાં આવશે અને તે મોકલવાની તારીખથી 3 (ત્રણ) દિવસની અંદર તે સરનામા પર પહોંચાડવામાં આવેલ માનવામાં આવશે અને ઉધારકર્તા અને ગેરેન્ટરના સરનામામાં કોઈપણ ફેરફારની સ્થિતિમાં, તેઓ તાત્કાલિક ધિરાણકર્તાને આની જાણ કરશે, અને જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો, ઉધારકર્તા અને ગેરેન્ટર દ્વારા આપવામાં આવેલા છેલ્લા સરનામે કરવામાં આવેલ પત્રવ્યવહાર તેમને પહોંચ્યો હોવાનું જ માનવામાં આવશે.

(q) ધિરાણકર્તા આ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તાના અધિકાર અને જવાબદારીઓને ધિરાણકર્તાની પસંદગીના કોઈપણ વ્યક્તિ(ઓ)ને સંપૂર્ણ અથવા આંશિક રીતે અને ધિરાણકર્તા નક્કી કરી શકે એવી રીતે અથવા એવી શરતો હેઠળ વેચવા, સોંપવા અથવા ટ્રાન્સફર કરવા માટે હકદાર હશે જે ઉધારકર્તા અને ગેરેન્ટરને કોઈપણ



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

નોટિસ આપ્યા વિના નિર્ણય કરી શકે છે અને આવા કોઈપણ વેચાણ, સોંપણી, ટ્રાન્સફર ઉધારકર્તા અને ગેરેન્ટર પર બંધનકર્તા રહેશે.

(r) ઉધારકર્તાનું પ્રતિનિધિત્વ કરતી વ્યક્તિ પાસે ઉધાર લેવા અંગેની સત્તાનો અભાવ અથવા અક્ષમતા હોય અથવા તેનો ઉપયોગ કરવામાં કોઈ અનિયમિતતા હોય તો પણ, આ એગ્રીમેન્ટ હેઠળ ઉધારકર્તા અને ગેરેન્ટર સામે ધિરાણકર્તાના અધિકારોને અસર કરશે નહીં;

(s) ઉધારકર્તા સરકાર, મ્યુનિસિપલ કોર્પોરેશન, પ્રાદેશિક પરિવહન સત્તા અથવા અન્ય કોઈપણ સત્તાને કરેલ ટ્રાન્ઝેક્શન અને હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામત(તો)ના સંદર્ભમાં તમામ કર, આકારણી, દરો, ડ્યૂટી, દંડ, ચાર્જિસ અને અન્ય કોઈપણ ઇમ્પોસ્ટ, ખર્ચાઓ (આઉટગોઇંગ) અને જવાબદારી, વર્તમાન તેમજ ભવિષ્યમાં વહન કરશે અને ચૂકવશે અને માંગણી પર કરવામાં આવેલ ચુકવણીની રસીદ રજૂ કરશે.

(t) ઉધારકર્તા/ગેરેન્ટરે તેના દ્વારા ચૂકવવાપાત્ર તમામ કર અને વૈધાનિક દેય રકમની ચુકવણી કરી દીધી છે અને તેને કોઈપણ વ્યક્તિ અથવા સત્તા તરફથી કોઈ માંગ, દાવો અથવા નોટિસ પ્રાપ્ત થઈ નથી.

(u) ઉધારકર્તા અને ગેરેન્ટર વચન આપે છે અને પુષ્ટિ કરે છે કે લોનમાંથી મળેલી રકમનો ઉપયોગ વિશિષ્ટપણે ફક્ત નિર્ધારિત હેતુ/અંતિમ ઉપયોગ માટે જ કરવામાં આવશે અને કોઈપણ સંજોગોમાં તેનો ઉપયોગ કોઈપણ ગુનાહિત તત્વો/મની લોન્ડરિંગ/આતંકવાદી નાણાં પુરવઠા માટે કરવામાં આવશે નહીં.

(v) અસ્કયામત નવું વાહન હોવાના કિસ્સામાં, ઉધારકર્તાને મોટર વેહિકલ એક્ટ, 1988 હેઠળ યોગ્ય સત્તા સાથે રજીસ્ટર કરશે અને સુનિશ્ચિત કરશે કે ધિરાણકર્તાની તરફેણમાં હાઈપોથિકેશન (ગીરો)ને યોગ્ય રીતે સમર્થન છે અને રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર બુક /R.C. બુકમાં રેકોર્ડેડ છે.

(w) ઉધારકર્તા ડીલર અથવા ઉત્પાદક પાસેથી અસ્કયામતની ડિલિવરી લેવા અને યોગ્યતા, ગુણવત્તા, સ્થિતિ વગેરેની ચકાસણી કરવા માટે એકમાત્ર જવાબદાર રહેશે અને અસ્કયામતની ડિલિવરી લીધા પછી તરત જ ધિરાણકર્તાને જાણ કરશે.

(x) ઉધારકર્તાએ અસ્કયામતની ડિલિવરી મેળવ્યા પછીના 7 (સાત) દિવસની અંદર વીમા પૉલિસીની નકલ સાથે તેના પર ધિરાણકર્તાના નામ સાથે યોગ્ય રીતે સમર્થન આપેલ R. C. બુકની અસલ ઇનવોઇસ અને નકલ સબમિટ કરવી પડશે. જો ઉધારકર્તા તે સબમિટ કરવામાં નિષ્ફળ જાય, તો ઉધારકર્તા દંડાત્મક ચાર્જિસ ચૂકવવા માટે જવાબદાર રહેશે અને તે ધિરાણકર્તાના અન્ય નિહિત અધિકારો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના લાગુ પડશે.

(y) સુનિશ્ચિત કરશે કે વીમા પૉલિસીની નકલ અને તેનું અનુગામી નવીકરણ પ્રમાણપત્ર ધિરાણકર્તા સાથે સબમિટ કરવામાં આવે છે.

(z) તમામ પત્રવ્યવહારમાં ઉધારકર્તા દ્વારા લોન એકાઉન્ટ નંબર તેમજ વાહનની સંપૂર્ણ વિગતો, જેમ કે રજીસ્ટ્રેશન નંબર, એન્જિન અને ચેસીસ નંબર/અસ્કયામતની વિગતો ક્વોટ કરવી આવશ્યક રહેશે.

(aa) હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામતનો ઉપયોગ કોઈપણ અયોગ્ય અથવા ગેરકાયદેસર અથવા ગુનાહિત અથવા અનધિકૃત પ્રવૃત્તિઓ માટે કરશે નહીં અથવા કોઈપણ કાર્ય માટે અસ્કયામત અપનાવશે નહીં અથવા તેમાં ફેરફાર કરશે નહીં, જે અયોગ્ય અથવા ગેરકાયદેસર અથવા અનધિકૃત હોય.

(bb) લોન ચાલુ હોય તે સમયગાળા દરમિયાન અસ્કયામતને સારી સ્થિતિમાં જાળવી રાખશે અને જરૂરી મરામત, ઉમેરાઓ, સુધારણા કરશે.

(cc) ધિરાણકર્તાને અસ્કયામતના સ્થાન વિશે હંમેશા માહિતગાર રાખશે.

(dd) અસ્કયામતની R.C. બુક, વીમા પૉલિસી ગુમ થાય, નાશ પામે, અથવા ખોવાઈ જાય, તો ખોવાઈ થયાના 3 (ત્રણ) દિવસની અંદર ધિરાણકર્તાને લેખિતમાં જાણ કરશે.

(ee) ધિરાણકર્તાની સ્પષ્ટ લેખિત પૂર્વ સંમતિ વિના, હાઈપોથિકેટ (ગીરો) કરેલ અસ્કયામત અથવા તેના કોઈપણ ભાગ સાથે કોઈપણ પ્રકારની જપ્તી (અટેચમેન્ટ) અથવા ટાંચ (ડિસ્ટ્રેસ) સહન કરશે નહીં અથવા થવા દેશે



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

નહીં અથવા અહીં આપેલી સિક્યોરિટીને નુકસાન પહોંચાડી શકે તેવી અથવા જોખમમાં મૂકે તેવી કોઈપણ વસ્તુને મંજૂરી આપશે નહીં.

(ff) અહીં નિર્મિત સિક્યોરિટી અને આ હેઠળ આપવામાં આવેલા અધિકારો, સત્તાઓ અને ઉપાયોને વધુ ખાતરી અને પુષ્ટિ આપવા માટે ધિરાણકર્તા દ્વારા જરૂરી હોય તેવા કૃત્યો, ડીડ, ખાતરીઓ, બાબતો અને વસ્તુઓ કરવા માટે વચન આપશે અને આ સંદર્ભમાં જરૂરી હોય તેવા દસ્તાવેજો તેના પોતાના ખર્ચે અમલમાં મૂકશે.

(gg) ધિરાણકર્તાને ક્ષતિપૂર્તિ કરવા અને ક્ષતિપૂરિત રાખવા માટે સંમત થશે અને તમામ ખર્ચ, વ્યય, દાવાઓ અને કાર્યવાહી (અકસ્માત, નુકસાન અથવા અન્યથા કિસ્સામાં તૃતીય પક્ષની જવાબદારી સહિત)થી અને તેની સામે સુરક્ષિત રાખવા અને કાનૂની ખર્ચ, ફી, ભાડું, સંપત્તિનો કબજો લેવાનો ખર્ચ, વીમો અને અસ્કયામતના વેચાણ અથવા તેના પરના અધિકારો માટે કાર્યવાહી, બચાવ અથવા સ્થાપના માટે ચૂકવવામાં કોઈપણ ચાર્જિસ, ફી માટેના કર સહિત તમામ ચુકવણીઓની ભરપાઈ કરશે.

(hh) ધિરાણકર્તાની સ્પષ્ટ લેખિત સંમતિ વિના અસ્કયામત અથવા તેના કોઈપણ ભાગનું વેચાણ, ટ્રાન્સફર, ચાર્જનું નિર્માણ, સોંપણી, મોર્ટગેજ, પ્લેજ, હાઈપોથિકેટ (ગીરો) કરશે, ભાડે આપશે અથવા સોંપણી કરશે નહીં.

(ii) ધિરાણકર્તાની લેખિત સંમતિ વિના અન્ય કોઈપણ રાજ્યમાં અસ્કયામતને પુનઃરજીસ્ટર (ફરી રજીસ્ટર) કરશે નહીં.

(jj) અસ્કયામત હાઈપોથિકેશન (ગીરો)માંથી રિલીઝ (મુક્ત) ન થાય ત્યાં સુધી, ધિરાણકર્તા અને તેના અધિકારીઓ, આ હેતુ માટે અધિકૃત એજન્ટોને અસ્કયામતનું નિરીક્ષણ કરવાની અને અસ્કયામત રાખવામાં આવી શકે તેવા કોઈપણ પરિસરમાં પ્રવેશવાની મંજૂરી આપશે. ઉધારકર્તા દ્વારા કોઈપણ સમયે નિરીક્ષણ કરવાનો અધિકાર નકારવામાં આવશે નહીં અથવા ટાળવામાં આવશે નહીં.

(kk) ધિરાણકર્તાને દેય ચુકવણી એકત્રિત કરવા અથવા એકત્રિત કરવાનો પ્રયાસ કરવા બદલ ધિરાણકર્તા દ્વારા કરવામાં આવેલા કોઈપણ ખર્ચની ચુકવણી કરવી જેમાં ટપાલ, ટેલિગ્રામ, ટેલિફોન અને નોટિસ ચાર્જિસ વગેરે માટે કરવામાં આવેલા ખર્ચાઓ સમાવિષ્ટ છે, જે આ દસ્તાવેજના શેડ્યૂલ હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવ્યા છે.

(ll) ઉધારકર્તા અને ગેરેન્ટર દ્વારા આપવામાં આવેલા બધા દસ્તાવેજો, રજૂઆતો, ઘોષણાઓ અને માહિતી તમામ રીતે સાચી, ખરી, સંપૂર્ણ અને અપ-ટુ-ડેટ (અદ્યતન), માન્ય અને બધી રીતે અસ્તિત્વમાં છે અને કોઈપણ માહિતી છુપાવવામાં આવી નથી. જ્યારે પણ જરૂર પડે ત્યારે ઉધારકર્તા અને ગેરંટરે જરૂરી અપડેટ પ્રદાન કરવું પડશે.

(mm) જો ઉધારકર્તા/ગેરેન્ટરે વ્યક્તિ સિવાયની કોઈ એન્ટિટી હોય તો તે તેમના પર અથવા તેમના બિઝનેસ / એન્ટિટી પર લાગુ પડતા તમામ કાયદાઓનું પાલન કરશે.

(nn) ઉધારકર્તા/ગેરેન્ટરે ધિરાણકર્તા દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતા ધિરાણકર્તાના નિયમો / પૉલિસીઓનું પાલન કરવું પડશે અને તેનાથી બંધાયેલા રહેશે.

(oo) ધિરાણકર્તા પાસે ઉધારકર્તા/ગેરેન્ટરના તમામ સંબંધિત એકાઉન્ટ્સ પર પૂર્વાધિકાર (લિયન)નો અધિકાર છે, જેમાં પછીથી દાખલ થઈ શકે તેવા/ઉધારકર્તા/ગેરેન્ટર સાથે સંબંધિત હોવાનું જાણવા મળે તેવા અન્ય એકાઉન્ટ્સનો સમાવેશ થાય છે (આ સંદર્ભમાં સંબંધિત એકાઉન્ટ્સનો અર્થ એ થશે કે તેમાં એવા બધા એકાઉન્ટ્સનો સમાવેશ થાય છે જ્યાં ઉધારકર્તા ગેરેન્ટર છે અને ગેરેન્ટર ઉધારકર્તા છે, અથવા તેમના/તેના/તેણીના કોઈપણ સંબંધી કંપનીઝ એક્ટ, 2013 હેઠળ વ્યાખ્યાયિત ડિરેક્ટર છે અને તેમના પાર્ટનરો ઉધારકર્તા/ગેરેન્ટર છે જે ધિરાણકર્તા પાસેથી મેળવેલી કોઈપણ નાણાંકીય સુવિધા હેઠળ છે).

(pp) ઉધારકર્તા/ગેરેન્ટર આ દ્વારા વચન આપે છે કે તેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એવી કોઈપણ પ્રવૃત્તિમાં સંકળાયેલા નથી કે જે ધિરાણકર્તાની સમયાંતરે બદલાતી ક્રેડિટ પૉલિસીની બાકાત યાદીમાં આવતી હોય,



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

અથવા એવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ નથી જે દેશના સામાજિક અને આર્થિક વાતાવરણને જોખમમાં મૂકી શકે અથવા તેના પર પ્રતિકૂળ અસર કરી શકે.

(qq) ઉધારકર્તા પુષ્ટિ કરે છે કે ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તા પાસે ડિપોઝીટ કરાયેલા પુનઃચુકવણી ચેક્સ મુખ્યત્વે લોનની સમયસર પુનઃચુકવણી અને/અથવા ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને દેય અને ચૂકવવાપાત્ર લોનના હપ્તાની પુનઃચુકવણી માટે છે, જેથી ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને દેય અને ચૂકવવાપાત્ર લોનની જવાબદારી / દેવું ડિસ્ચાર્જ કરી શકાય. જો ઉધારકર્તા દ્વારા ડિફૉલ્ટ કરવામાં આવે તો, ઉધારકર્તા આ દ્વારા બિનશરતી અને વિરોધ અને વાંધા વિના સંમત થાય છે કે ઉધારકર્તા અને ગેરેન્ટરને જાણ કર્યા વિના ધિરાણકર્તાને દેય દેવાની વસૂલાત માટે પુનઃચુકવણી ચેક્સ ડિપોઝીટ કરાવવા માટે ધિરાણકર્તાને અધિકૃત કરે છે.

(rr) ઉધારકર્તા પુષ્ટિ કરે છે કે લોન માટે અરજી કરતી તારીખે તેના/તેણીના પરિવારના સભ્ય, સંબંધી રાજકીય સ્તરે સંકળાયેલી વ્યક્તિ નથી, આ સ્થિતિમાં કોઈપણ ફેરફાર થશે તો તેની જાણ તાત્કાલિક ધિરાણકર્તાને કરવામાં આવશે.

(ss) ઉધારકર્તા ધિરાણકર્તાની પૂર્વ મંજૂરી વિના કોઈપણ હેતુ માટે અસ્કયામતોને દેશની પ્રાદેશિક સરહદોની બહાર દૂર કરશે નહીં અથવા ખસેડશે નહીં.

(tt) ધિરાણકર્તાની વિનંતી પર, ઉધારકર્તા આ એગ્રીમેન્ટના ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે સિક્યોરિટીને સંપૂર્ણ કરવા માટે જરૂરી ગણી શકે તેવા કાર્યો, ડીડ, બાબતો અને વસ્તુઓ કરશે, પાલન કરશે અને અમલ કરશે.

(uu) ઉધારકર્તા, નિરીક્ષણના હેતુ માટે હાઈપોથિકેટ (ગીરો) કરેલી અસ્કયામતોમાં મુક્ત પ્રવેશ મેળવવા માટે ધિરાણકર્તા દ્વારા અધિકૃત કોઈપણ વ્યક્તિને પરવાનગી આપશે.

(vv) ઉધારકર્તા સંમત થાય છે કે ધિરાણકર્તાની સંમતિ વિના ઉધારકર્તા હાઈપોથિકેટ (ગીરો) કરેલી અસ્કયામતોની બાબતમાં કોઈ સમાધાન કરશે નહીં અથવા તેને મુક્ત કરશે નહીં, અને એવું કંઈ કરશે નહીં જેનાથી તેની વસૂલાતમાં અવરોધ, વિલંબ અથવા વસૂલાત અટકી જાય.

(ww) ઉધારકર્તા(ઓ) તેના બિઝનેસ(બહુવિધ) પ્રવૃત્તિઓ સંબંધિત યોગ્ય અને નિયમિત હિસાબીના ચોપડા (બુક્સ ઑફ એકાઉન્ટ) જાળવવા સંમત થાય છે અને ધિરાણકર્તા દ્વારા દરેક સમયે અને જ્યારે જરૂરી હોય ત્યારે, આવા હિસાબના ચોપડા અને હાઈપોથિકેટ (ગીરો) કરાયેલા અસ્કયામતોને લગતા અને તેની સાથે સંબંધિત બધા વાઉચર્સ, કાગળો અને દસ્તાવેજો ધિરાણકર્તાની તપાસ માટે અને ધિરાણકર્તા અને તેના કોઈપણ અધિકારીઓ, એજન્ટો, કન્સલ્ટન્ટ્સ, સલાહકારો, ઓડિટરો (બાહ્ય અથવા આંતરિક) દ્વારા ઓડિટ કરાવવાના હેતુસર રજૂ કરશે. વધુમાં, ઉધારકર્તા આવા નિરીક્ષણ/ઓડિટ હાથ ધરવા માટે તેમને સંપૂર્ણ સહકાર અને જરૂરી સહાય પ્રદાન કરશે અને અને તે ઉધારકર્તા(ઓ) ના એકમાત્ર ખર્ચ અને વ્યય પર થશે.

(xx) જો ધિરાણકર્તા દ્વારા જરૂરી હોય, તો ઉધારકર્તા, સ્વતંત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસેથી ધિરાણકર્તાને સ્વીકાર્ય હોય તેવા સ્વરૂપમાં અને રીતે સબમિટ કરશે, જે પ્રમાણિત કરશે કે લોનનો ઉપયોગ ફક્ત આ એગ્રીમેન્ટમાં જણાવેલ હેતુ માટે જ કરવામાં આવ્યો છે.

(yy) લોન મેળવવાના હેતુસર ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર દ્વારા સબમિટ કરાયેલા દસ્તાવેજોમાં કોઈપણ અપડેટના કિસ્સામાં, ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર (*લાગુ પડતું* હોય તે મુજબ) દસ્તાવેજોમાં અપડેટના ૩૦ (ત્રીસ) દિવસની અંદર ધિરાણકર્તાને આવા દસ્તાવેજોનું અપડેટ સબમિટ કરશે.

(zz)જો ઉધારકર્તા બિન-લાભકારી સંસ્થા હોય, તો ઉધારકર્તા તેની વિગતો નીતિ આયોગ (NITI Aayog)ના DARPAN પોર્ટલ પર રજીસ્ટર કરશે અથવા સુનિશ્ચિત કરશે કે તેની વિગતો તેના પર રજીસ્ટર્ડ હોય;

(aaa) ઉધારકર્તા(ઓ) અને ગેરેન્ટર આ દ્વારા પુષ્ટિ કરે છે અને જાહેર કરે છે કે તેઓ અંગ્રેજી ભાષા સમજે છે અને અંગ્રેજી ભાષામાં વાંચી અને લખી શકે છે. ઉધારકર્તા(ઓ) અને ગેરેન્ટર આ દ્વારા વધુમાં પુષ્ટિ આપે છે કે તેઓએ આ એગ્રીમેન્ટમાં નિર્ધારિત નિયમો અને શરતોને વાંચ્યા અને સમજી લીધા છે અને તે કે



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

ઉધારકર્તા(ઓ) અને ગેરેન્ટર, હાલમાં અથવા ભવિષ્યમાં, આ એગ્રીમેન્ટના અંગ્રેજી ભાષામાં અમલ માટે કોઈપણ વાંધો ઉઠાવવાનો પોતાનો અધિકાર ત્યાગ કરે છે.

(bbb) ધિરાણકર્તા દ્વારા જેમ અને જરૂરી હોય ત્યારે, ધિરાણકર્તાને સ્વીકાર્ય હોય તે સ્વરૂપ અને રીતે, ઉધારકર્તા(ઓ) પ્રમાણપત્ર સબમિટ કરશે જે પ્રમાણિત કરશે કે લોનનો ઉપયોગ ફક્ત આ એગ્રીમેન્ટમાં જણાવેલ હેતુઓ માટે જ કરવામાં આવ્યો છે.

(ccc) જો લાગુ પડતું હોય, ધિરાણકર્તાની વિનંતી પર, તેના ઓડિટર દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસનું કારણ બનશે જેથી ઉધારકર્તા(ઓ) દ્વારા ફંડના ડાયવર્ઝન/સાઇફનિંગની કોઈ ઘટના ઘટિત થઇ હતી કે કેમ તે નિર્ધારિત કરી શકાય. આ ક્લોઝમાં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, ઉધારકર્તા(ઓ) સંમત થાય છે કે ધિરાણકર્તા તેના ઓડિટરને તપાસ કરવા માટે સીધી સૂચનાઓ આપી શકે છે કે શું ઉધારકર્તા(ઓ) દ્વારા ફંડ્સના ડાયવર્ઝન/સાઇફનિંગની કોઈ ઘટના ઘટિત થઈ હતી કે કેમ. ઉધારકર્તા(ઓ) સંમત થાય છે કે આવી તપાસનો ખર્ચ ઉધારકર્તા(ઓ) દ્વારા વહન કરવામાં આવશે.

**14. બહિષ્કૃતિઓ (એક્સકલૂઝન)**

(a) આ એગ્રીમેન્ટ ધિરાણકર્તા, ઉધારકર્તા અને ગેરેન્ટર વચ્ચે કરવામાં આવ્યું છે, જે ઉધારકર્તા દ્વારા શેડ્યૂલમાં ઉલ્લેખિત હેતુ માટે લોન મેળવવાની વિનંતીના આધારે ધિરાણકર્તા સાથે હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી અસ્ક્યામતની સિક્યોરીટી સામે કરવામાં આવ્યું છે. આ બાબતે, સ્પષ્ટપણે સંમતિ આપવામાં આવે છે કે અસ્ક્યામત/વાહનની તમામ વિગતો, વિશિષ્ટતાઓ, વર્ણન ઉધારકર્તાની જાણમાં છે અને ઉધારકર્તાએ જ અસ્ક્યામત, તે ખરીદવા માટેના ડીલર અને ઉત્પાદક તથા તેની કિંમત ઓળખી અને નક્કી કરી છે. ઉધારકર્તા સ્વીકારે છે કે અપાલન, ઉલ્લંઘન અથવા હલકી ગુણવત્તા યુક્ત અથવા ક્ષતિગ્રસ્ત અસ્ક્યામત પૂરી પાડવા સંબંધિત સમગ્ર જોખમ સંપૂર્ણપણે ઉધારકર્તા પર રહેશે અને આ બાબતમાં ધિરાણકર્તા ઉધારકર્તા સામે કોઈ પણ રીતે જવાબદાર અથવા ઉત્તરદાયી રહેશે નહીં.

(b) ઉપરોક્તની સામાન્યતા પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, ઉધારકર્તા સ્વીકારે છે અને ધિરાણકર્તા સાથે નીચે મુજબ સંમત થાય છે:

(i) ઉધારકર્તા શેડ્યૂલમાં ઉલ્લેખિત અસ્ક્યામતથી સંતુષ્ટ છે અને તેના દ્વારા ઉપયોગમાં લેવાના હેતુ માટે યોગ્ય છે.

(ii) ઉધારકર્તાએ ધિરાણકર્તા તરફથી કોઈપણ બળજબરી અથવા અનુચિત પ્રભાવ વિના સિક્યોરીટી તરીકે આપવામાં આવતી અસ્ક્યામતની ઓળખ કરી છે.

(iii) ધિરાણકર્તાએ કોઈપણ રીતે અસ્ક્યામતની વેપારિતા, સ્થિતિ, ગુણવત્તા, ટકાઉપણું અથવા યોગ્યતા અંગે કોઈ રજૂઆત અથવા વોરંટી પ્રદાન કરી નથી અને આ દ્વારા પ્રદાન કરતા નથી.

(iv) તમામ વચનો, વોરંટીઓ અને શરતો, જે કાયદા દ્વારા સ્પષ્ટ અથવા ગર્ભિત હોય અથવા અન્યથા, પછી આ એગ્રીમેન્ટમાં કોલેટરલ હેઠળ આપવામાં આવી હોય કે અન્યથા, તે આ દ્વારા અમલમાં મૂકવામાં આવે છે.

(v) ધિરાણકર્તાના અધિકારોને અસર થશે નહીં અને ઉધારકર્તાની જવાબદારીઓ, પછી ભલે તે કોઈપણ પ્રકારની જવાબદારી, દાવા, નુકસાન, હાનિ અથવા કોઈપણ પ્રકારના અથવા પ્રકૃતિના ખર્ચ (1 ) ઉત્પાદક અથવા ડીલર તરફથી અસ્ક્યામતની ડિલિવરી ન થવાને કારણે સીધી કે આડકતરી રીતે થાય, કોઈપણ વિલંબ, વ્યય અથવા અસ્ક્યામતની ગુણવત્તા/સ્થિતિ/ફિટનેસ અથવા કોઈપણ હેતુ માટે તેમાં કોઈ અયોગ્યતા અથવા તેમાં અથવા તેના ઉપયોગ દ્વારા કોઈપણ ખામી હોય; અથવા (2 ) કોઈપણ સમારકામ, સેવા, જાળવણી અથવા તેમાં સમાયોજન અથવા તે પૂરી પાડવામાં કોઈપણ વિલંબ અથવા તે પૂરી પાડવામાં નિષ્ફળતા અથવા કોઈપણ વિક્ષેપ અથવા નુકસાન અથવા તેના ઉપયોગ અથવા વ્યવસાયના



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

કોઈપણ નુકસાન અથવા કોઈપણ અને કોઈપણ રીતે થયેલી કોઈપણ હાનિના સંબંધમાં અમલમાં મૂકવા યોગ્ય રહેશે.

(vi) ઉધારકર્તા હપ્તાઓ અને અન્ય રકમ આ એગ્રીમેન્ટ હેઠળ તેમની નિયત તારીખે ચૂકવવા માટે બંધનકારક છે, પછી ભલે અસ્ક્યામત ડિલિવર કરવામાં આવી હોય કે ન હોય અથવા કોઈપણ કારણોસર. જોકે, જો લોનની ચુકવણીની તારીખથી 3 (ત્રણ) મહિનાની અંદર ઉધારકર્તાને અસ્ક્યામત ડિલીવર કરવામાં ન આવે, અથવા લોનના વિતરણ (સંપૂર્ણ અથવા આંશિક રીતે) ની તારીખથી ઉધારકર્તા દ્વારા ડિલિવરી લેવામાં ન આવે (સંપૂર્ણ અથવા આંશિક રીતે), તો ધિરાણકર્તા, તેના એકમાત્ર વિકલ્પ અને વિવેકબુદ્ધિથી, એગ્રીમેન્ટ સમાપ્ત કરી શકે છે અને આવી સમાપ્તિ પર, ઉધારકર્તા, આ એગ્રીમેન્ટ અનુસાર ધિરાણકર્તા દ્વારા ચૂકવવામાં આવેલી કોઈપણ રકમ ધિરાણકર્તાને ચૂકવશે. આવી રકમ, માસિક ચક્રવૃદ્ધિ વ્યાજ દરે ગણતરી કરાયેલ વ્યાજ સાથે દંડાત્મક ચાર્જિસ (*જો કોઈ* હોય તો) સાથે, જે તારીખથી ધિરાણકર્તા દ્વારા આ રકમ ચૂકવવામાં આવી હોયથી લઈને ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને પુનઃચુકવણી કરવામાં આવે નહીં ત્યાં સુધી ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને પરત કરવામાં આવશે.

**15. અસ્ક્યામતનો ઉપયોગ**

(a) ઉધારકર્તા સુનિશ્ચિત કરશે કે હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી અસ્ક્યામતનો ઉપયોગ ફક્ત કાયદેસરના વ્યવસાયિક હેતુઓ માટે જ થાય અને પ્રતિબંધ એક્સાઇઝ અને કેન્દ્ર અથવા રાજ્યના અન્ય કાયદાના સંબંધમાં કોઈપણ કાનૂની જોગવાઈનું ઉલ્લંઘન કરશે નહીં.

(b) ઉધારકર્તા પોતે અથવા તેના નોકર, એજન્ટ દ્વારા વીમા પૉલિસીના નિયમો અને શરતો દ્વારા મંજૂર ન હોય તેવા કોઈપણ હેતુ માટે અસ્ક્યામતનો ઉપયોગ નહીં કરવાનું અને વીમાને અમાન્ય બનાવી શકે તેવું કોઈપણ કાર્ય અથવા વસ્તુ નહીં કરવાનું અથવા કરવાની પરવાનગી નહીં આપવાનું વચન આપે છે.

(c) ઉધારકર્તા વચન આપે છે કે તે અસ્ક્યામતનો ઉપયોગ કોઈપણ ગેરકાયદેસર અથવા ગેરકાનૂની પ્રવૃત્તિ માટે કરશે નહીં.

(d) ઉધારકર્તા અથવા તેના નોકર અથવા એજન્ટ દ્વારા અસ્ક્યામતના કોઈપણ ખોટા અથવા ગેરકાયદેસર ઉપયોગના પરિણામે અસ્ક્યામતના સંદર્ભમાં ધિરાણકર્તા દ્વારા થયેલા કોઈપણ નુકસાન અથવા હાનિ માટે ઉધારકર્તા જવાબદાર રહેશે.

(e) ઉધારકર્તા આ એગ્રીમેન્ટમાં જણાવ્યા મુજબ ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને દર્શાવેલ ઉપયોગ માટે જ અસ્ક્યામતનો ઉપયોગ કરવાનું વચન આપે છે.

**16. વીમો અને જાળવણી**

(a) ઉધારકર્તા આ એગ્રીમેન્ટના અમલ પછી તરત જ અને અસ્ક્યામત હાઈપોથિકેશન (ગીરો)માંથી મુક્ત ન થાય ત્યાં સુધી, અકસ્માત, આગ, રમખાણો, જાહેર અશાંતિને કારણે થતા કોઈપણ નુકસાન, હાનિ સામે અસ્ક્યામતનો વીમો જાળવી રાખશે. ત્યારબાદ, અમર્યાદિત તૃતીય-પક્ષ જવાબદારીઓ સામે જરૂરી વ્યાપક અથવા વીમાની અન્ય પૉલિસીઓ દ્વારા પૂર વગેરે જેવા તમામ જોખમો સામે અસ્ક્યામતનો વીમો કરવામાં આવશે કે જેનું જોખમ અસ્ક્યામતને સામાન્ય રીતે હોય.

(b) ઉધારકર્તા આવી પૉલિસીઓ પરના તમામ પ્રીમિયમ યોગ્ય અને સમયસર ચૂકવશે અને ધિરાણકર્તાના રેકોર્ડ માટે તેની યોગ્ય પ્રમાણિત નકલો રજૂ કરશે.

(c) ઉધારકર્તા એવું કંઈ કરશે નહીં અથવા કરવાની પરવાનગી આપશે નહીં જેના કારણે આવી વીમા પોલિસી રદ થઈ શકે.



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

(d) ઉધારકર્તા નિયમિતપણે અસ્ક્યામતનો વીમો જાળવી રાખશે અને હાલની વીમા પૉલિસીની સમાપ્તિના ઓછામાં ઓછા 30 (ત્રીસ) દિવસ પહેલાં, ધિરાણકર્તાના પક્ષમાં યોગ્ય રીતે પૂર્વાધિકાર (લિયન) ચિહ્નિત થયેલ વીમા પૉલિસીની નકલ મોકલશે.

(e) જો ઉધારકર્તા અસ્ક્યામતનો વીમો ન કરાવે અથવા કોઈપણ કારણોસર વીમા પૉલિસી ઇશ્યૂ કરવામાં વિલંબ થાય/ઇશ્યૂ થાય નહીં, તો કોઈપણ ઘટનાના કિસ્સામાં સમગ્ર જોખમ ફક્ત ઉધારકર્તા દ્વારા જ વહન કરવામાં આવશે.

(f) દાવાઓની પતાવટના સંદર્ભમાં, વીમા કંપનીના પક્ષમાં ધિરાણકર્તા દ્વારા ઇશ્યૂ કરાયેલ ડિસ્ચાર્જ રસીદ અંતિમ અને ઉધારકર્તા પર બંધનકર્તા રહેશે.

(g) ઉધારકર્તા એ સુનિશ્ચિત કરશે કે અસ્ક્યામત સંબંધિત તમામ વીમા પૉલિસી/ઓ હેઠળ ધિરાણકર્તાને 'નુકસાન વળતર પ્રાપ્તકર્તા' તરીકે નિયુક્ત કરવામાં આવે, જેથી ધિરાણકર્તા વીમાની રકમનો દાવો કરી શકે અને આ એગ્રીમેન્ટ હેઠળ દેય અને ચૂકવવાપાત્ર રકમ સામે તેને પ્રાપ્ત કરી શકે. આ દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે કે જો લોનની સંપૂર્ણ રકમની અને તેના સંબંધમાં બાકી રહેલી અન્ય રકમની પુનઃચુકવણી સંબંધિત વીમા કંપની પાસેથી પ્રાપ્ત વીમાની રકમમાંથી થાય નહીં, તો ઉધારકર્તા(ઓ) અને/અથવા ગેરેન્ટર ફાઇનાન્સિંગ દસ્તાવેજો હેઠળ બાકી રહેલી ચૂકવવાપાત્ર રકમની ચુકવણી કરવા માટે જવાબદાર રહેશે.

(h) અસ્ક્યામતનો વીમો લેવાની જવાબદારી ઉધારકર્તાની હોવા છતાં, ધિરાણકર્તા પોતાની એકમાત્ર વિવેકબુદ્ધિથી ઉધારકર્તા વતી વીમા પ્રીમિયમ ચૂકવી શકે છે અને ઉધારકર્તા પાસેથી તે વસૂલ કરી શકે છે. તેમ છતાં, ધિરાણકર્તા દ્વારા વીમા પ્રીમિયમની ચુકવણી ન કરવામાં આવે તો પણ તે પ્રીમિયમની ચુકવણી કરવાની ઉધારકર્તાની જવાબદારી પર કોઈ અસર પડશે નહીં.

(i) કોઈપણ વીમા પ્રક્રિયા પરનો પહેલો દાવો ધિરાણકર્તાનો રહેશે. ઉધારકર્તા આ દ્વારા અપરિવર્તનીય રીતે ધિરાણકર્તાને તેના એકમાત્ર વિવેકાધિકાર મુજબ ધિરાણર્તાના હિતની સુરક્ષા માટે વીમા રકમનો દાવો કરવાની તથા તેમાંથી પ્રાપ્ત થતી રકમને ઉધારકર્તા દ્વારા ચૂકવવાપાત્ર રકમ સામે પ્રાપ્ત કરવાની સત્તા અને અધિકાર આપે છે.

(j) ઉધારકર્તા પોતાના ખર્ચે અને અનુચિત વિલંબ વિના વીમા કંપની/વીમા પ્રદાતાને અકસ્માત વિશે જાણ કરશે/કોઈપણ અકસ્માત દ્વારા અથવા અન્ય કોઈપણ કારણોસર (જેમ કિસ્સો બને તે મુજબ) અસ્ક્યામતનું સમારકામ કરશે અને દાવાની ઔપચારિકતાઓ અંગે વીમા કંપની/વીમા પ્રદાતા સાથે સહયોગ કરશે.

(k) ઉધારકર્તા વાહનને ધિરાણકર્તાના સંતોષ મુજબ સારી અને સેવાયોગ્ય સ્થિતિમાં રાખશે અને તેને જાળવવા માટેના તમામ ખર્ચાઓનું વહન કરશે.

(l) ધિરાણકર્તા વીમા દાવા અથવા કાર્યવાહી સંબંધે કોઈ કાર્યવાહી ન કરવાની પસંદગી કરે તેવા કિસ્સામાં, અને/અથવા વધુ મોટી રકમનો દાવો અથવા સમાધાન પ્રાપ્ત થઈ શક્યું હોત અથવા મળવું જોઈતું હતું એવા આધાર પર, ઉધારકર્તાને ધિરાણકર્તા સામે કોઈપણ દાવો કરવાનો હક રહેશે નહીં, તેમજ આવા સમાયોજન પછી બાકી રહેલી ઉધારકર્તાની બાકી ચૂકવવાપાત્ર રકમ અંગે પોતાની જવાબદારી અંગે વિવાદ ઊભો કરવાનો હક પણ રહેશે નહીં.

**17. ગેરેન્ટર/રોની જવાબદારીઓ**

(a) આ એગ્રીમેન્ટ હેઠળ ગેરેન્ટરની જવાબદારી ઉધારકર્તા/ઓની સાથે હપ્તા, દંડાત્મક ચાર્જિસ અને આ એગ્રીમેન્ટ હેઠળ ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તાને ચૂકવવાપાત્ર તમામ ચાર્જિસ, ફી, ખર્ચ અને અન્ય કોઈપણ બાકી રકમ સહિતની તમામ રકમ માટે સમાન હદ સુધી (કો-એક્સટેન્સિવ) રહેશે.

(b) આ એગ્રીમેન્ટ હેઠળ ગેરેન્ટર/રોની જવાબદારી કોઈપણ રીતે કોઈપણ ફેરફારો, કૃત્ય અથવા અધિકારના અમલમાં વિલંબ (ફોરબેરન્સ) અથવા ઉધારકર્તા માટે લંબાવવામાં આવેલા સમયના કારણથી અથવા સિક્યોરિટીના



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

સંબંધમાં અન્ય કોઈપણ અધિકારના અમલમાં વિલંબ (ફોરબેરન્સ), કૃત્ય અથવા ચૂક (ઓમિશન) થવાથી અથવા જામીન (શ્યોરિટી) ને લગતા કાયદા હેઠળ, આ જોગવાઈ સિવાય, ગેરેન્ટર/રોને મુક્ત કરવાની અસર ધરાવતી કોઈપણ અન્ય બાબત અથવા બાબતો દ્વારા કોઈપણ રીતે પ્રભાવિત થશે નહીં.

(c) આ એગ્રીમેન્ટની શરતો અને નિયમોમાં ગેરેન્ટરની સંમતિ વિના કરવામાં આવેલ કોઈપણ ફેરફારો ગેરેન્ટર/રોને આ એગ્રીમેન્ટ હેઠળ અથવા આવા ફેરફારો પછીની શરતોમાંથી તેમની જવાબદારીમાંથી મુક્ત કરશે નહીં.

(d) ગેરેન્ટર/રો આ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તા દ્વારા માંગવામાં આવે ત્યારે બાકી રકમ ચૂકવવા માટે સંમત થાય છે અને વચન આપે છે, ભલે આ એગ્રીમેન્ટની કોઈપણ જોગવાઈ અથવા અન્ય કોઈપણ સંબંધિત દસ્તાવેજોના સંદર્ભમાં ધિરાણકર્તા અને ઉધારકર્તા વચ્ચે વિવાદ પેન્ડિંગ હોય.

**18. પ્રિ-ક્લોઝર/પૂર્વચુકવણી**

જો ઉધારકર્તા ચૂકવવાપાત્ર લોનની પૂર્વચુકવણી કરવા માંગે, તો કુલિંગ ઑફ સમયગાળાની સમાપ્તિ પછી ગમે ત્યારે, ધિરાણકર્તા, તેની એકમાત્ર વિવેકબુદ્ધિથી લોનના પ્રિ-ક્લોઝરની પરવાનગી આપી શકે છે, ધિરાણકર્તાને તેના સંબંધમાં ચૂકવવાપાત્ર અન્ય તમામ રકમો સાથે, જે ધિરાણકર્તા દ્વારા અહીં શેડ્યૂલમાં નિર્ધારિત લોન રદ કરવાના ચાર્જિસની ચુકવણીને આધિન છે. પ્રિ-ક્લોઝર/પૂર્વચુકવણી ફક્ત ત્યારે જ પ્રભાવી બનશે જ્યારે રોકડ ચૂકવવામાં આવે અથવા ચેક ક્લિયર કરવામાં આવે અને રકમ ધિરાણકર્તાના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવે. જો ધિરાણકર્તા કોઈપણ પ્રિ-ક્લોઝર/પૂર્વચુકવણીની પરવાનગી આપે છે, તો ધિરાણકર્તા દ્વારા (જો જરૂરી હોય તો) ઉધારકર્તાની વિનંતી પર પુનઃચુકવણી શેડ્યૂલમાં ફેરફાર કરવામાં આવશે અને ઉધારકર્તા બદલાયેલ પુનઃચુકવણી શેડ્યૂલનું પાલન કરવા સંમત થાય છે અને બદલાયેલ પુનઃચુકવણી શેડ્યૂલ આ એગ્રીમેન્ટનો એક ભાગ બનશે.

**19. વિલંબિત ચુકવણી ચાર્જિસ**

**ધિરાણકર્તાના સમાપ્તિના અધિકાર અને આ એગ્રીમેન્ટ હેઠળ સોંપાયેલા અન્ય કોઈપણ અધિકાર પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, હપ્તાની અથવા નિયત તારીખે ચૂકવવાપાત્ર કોઈપણ અન્ય દેય ચૂકવવાપાત્ર રકમની ચુકવણીમાં ડિફૉલ્ટ/વિલંબની સ્થિતિમાં, ઉધારકર્તા/ગેરેન્ટર દંડાત્મક ચાર્જિસ ચૂકવવા માટે જવાબદાર રહેશે. આ દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે કે દંડાત્મક ચાર્જિસનું ધિરાણકર્તા દ્વારા મૂડીકરણ કરવામાં આવશે નહીં.**

**20. પાવર ઓફ એટર્ની**

(a) ઉધારકર્તા અને ગેરેન્ટર આ દ્વારા અપરિવર્તનીય રીતે ધિરાણકર્તાને તેના એજન્ટ અથવા એટર્ની તરીકે નિયુક્ત કરશે (અને સંબંધિત તૃતીય પક્ષને અપરિવર્તનીય રીતે નિયુક્ત કરશે) જે તેના નામે અને તેના વતી માંગણી કરશે, દાવો કરશે, પ્રાપ્ત કરશે અને વસૂલાત કરશે અને પુનઃચુકવણી માટે અસરકારક ડિસ્ચાર્જ આપશે અને તે હેતુ માટે દાવો દાખલ કરશે, ફરિયાદો જાહેર કરશે, સોગંદનામા કરશે, સોલિસિટર અને એડવોકેટ્સને નિયુક્ત કરશે, સમાધાન કરશે અને મધ્યસ્થતા માટે સંદર્ભિત કરશે અને ઉધારકર્તા અને ગેરેન્ટર (અથવા સંબંધિત તૃતીય પક્ષ) દ્વારા ઉક્ત દેવાની વસૂલાતની બાબતમાં અથવા અસ્કયામતો સાથેના અન્ય કોઈપણ વ્યવહારમાં થઈ શકે તેવા તમામ કાર્યો અને વસ્તુઓ કરશે.

(b) ઉધારકર્તા અને ગેરેન્ટર આ દ્વારા અપરિવર્તનીય રીતે (અને સંબંધિત તૃતીય પક્ષ દ્વારા પણ અપરિવર્તનીય રીતે એવી અધિકૃતિ મેળવવાની વ્યવસ્થા કરશે) કે ધિરાણકર્તા પોતાના કોઈપણ કર્મચારી અથવા અન્ય વ્યક્તિ અથવા એન્ટિટી (સંસ્થા) મારફતે, ઉધારકર્તા અને ગેરેન્ટરના નામે, લાગુ પડતા કાયદા અનુસાર ધિરાણકર્તાના સિક્યોરિટી હિતને સંપૂર્ણ બનાવવા અથવા તેની હાંસલ કરવા અથવા યોગ્ય માનવામાં આવતા કોઈપણ ફોર્મ, ફાઇનાન્સિંગ અથવા અન્ય સ્ટેટમેન્ટ્સ, અથવા કોઈપણ પ્રમાણપત્રો, અરજીઓ અથવા અન્ય દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવા, અમલમાં મૂકવા, એન્ડોર્સ કરવા, હસ્તાંતરણ કરવા, દાખલ કરવા અથવા ડિલિવર કરવા



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

ધિરાણકર્તાને અધિકૃત કરે છે. આ અધિકૃતતા આ એગ્રીમેન્ટને વાજબી રીતે પ્રભાવી બનાવવા માટે જરૂરી કૃત્યો અને ધિરાણકર્તાની વિવેકબુદ્ધિમાં જરૂરી અથવા ઇચ્છનીય કૃત્યો સુધી મર્યાદિત છે જે અહીં આપેલ દેવાની રકમ સુરક્ષિત કરવા અને ચૂકવવા અને અસ્ક્યામતો વેચવા અને/અથવા તેની મૂલ્યપ્રાપ્તિ કરવા માટે છે.

(c) ઉધારકર્તા અને ગેરેન્ટર આ દ્વારા ધિરાણકર્તાને નીચે મુજબની બાબતો માટે અપરિવર્તનીય રીતે અધિકૃત કરે છે (અને સંબંધિત તૃતીય પક્ષ દ્વારા પણ અપરિવર્તનીય રીતે એવી અધિકૃતિ મેળવવાની વ્યવસ્થા કરશે):

(i) હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી કોઈપણ અસ્ક્યામત રાખવામાં આવી હોય તેવી કોઈપણ જગ્યાએ પ્રવેશ કરવા માટે.

(ii) હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી કોઈપણ અસ્ક્યામતો અને/અથવા તેને લગતા દસ્તાવેજોનો કબજો લેવા માટે

(iii) ઉધારકર્તા(ઓ) માટે અને વતી અને ઉધારકર્તા(ઓ)ના જોખમે કોઈપણ હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી અસ્ક્યામતોનું વેચાણ, નિકાલ કરવા અને વેચાણની રકમનો સંપૂર્ણ અથવા કોઈપણ ભાગ અથવા હિસ્સો પ્રાપ્ત કરવા અને તેની ડિલિવરી આપવા માટે જરૂરી અથવા અનુકૂળ હોય તેવા તમામ એગ્રીમેન્ટો, ઘોષણાઓ અને દસ્તાવેજો પર હસ્તાક્ષરો કરવા અને તેમનું અમલીકરણ કરવું.

(iv) વાહન/અસ્ક્યામતની ટ્રાન્સફરને પ્રભાવી બનાવવા માટે એડવોકેટ્સ અથવા કોઈપણ અધિકૃત વ્યક્તિ દ્વારા પ્રાદેશિક પરિવહન અધિકારી, પરોક્ષ કર અધિકારી, પોલીસ અધિકારીઓ અથવા કોઈપણ અન્ય અધિકારીઓના કાર્યાલય સમક્ષ હાજર થવું.

(v) કોઈપણ ક્લેઇમ, દાવાઓ, પિટિશન અથવા અન્ય કાનૂની પ્રક્રિયાની સ્થાપના સહિત, કોઈપણ હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી અસ્ક્યામતની વસૂલાત માટે જરૂરી તમામ પગલાં લેવા અને ઉપરોક્ત હેતુ માટે જરૂરી તમામ વકાલાતનામા અને દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવા અને તેમનું અમલીકરણ કરવું અને આવા દાવાઓ અથવા કાર્યવાહીનું સમાધાન અથવા પતાવટ કરવી.

(vi) આ દસ્તાવેજો અને/અથવા લોન હેઠળ અને તેના અનુસંધાનમાં ઉધારકર્તા(ઓ) જે કરવા માટે બંધનકારક હશે તે બધા કાગળો, પત્રવ્યવહાર, વાઉચર્સ, ફોર્મ, અરજીઓ, પિટિશન્સ, રસીદો, દસ્તાવેજો, એગ્રીમેન્ટો, ઇન્ડેન્ચર્સ અને લખાણો પર હસ્તાક્ષર કરવા અને પ્રાદેશિક પરિવહન અધિકારી, વેચાણ વેરા અધિકારી, પોલીસ સત્તાવાળાઓ, સબ-રજિસ્ટ્રાર ઓફ એશ્યોરન્સ અથવા કોઈપણ અન્ય સંબંધિત સત્તાવાળા સમક્ષ હાજર થવું અને તેના અમલીકરણને સ્વીકારવું.

(vii) સામાન્ય રીતે, આ દસ્તાવેજો હેઠળ અથવા તેનાથી સંબંધિત અથવા તેમને લગતી બધી બાબતોમાં તમામ કાર્યો કરવા અને અમલમાં મૂકવા અથવા કરાવવાનું કામ કરવું, એ બાબતો અને દસ્તાવેજો જે રીતે ઉધારકર્તા(ઓ) પોતે કરી શકે છે અથવા અમલમાં મૂકી શકે છે.

(viii) અને ઉપરોક્ત વિવિધ બાબતો અને કાર્યોને વધુ સારી અને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવા અને પૂર્ણ કરવા માટે, સમય સમય પર અથવા સામાન્ય રીતે, ધિરાણકર્તા જે મુજબ યોગ્ય માને તેવી અન્ય વ્યક્તિઓની સંસ્થાઓ કંપનીઓ, સંગઠનો અથવા એજન્સીઓને નિયુક્ત કરવા માટે, ઉપરોક્ત મુજબના બધા અથવા કોઈપણ કાર્યો અને બાબતોને અમલમાં મૂકવા અને કરવા અને આવા પ્રતિનિધિ અથવા પ્રતિનિધિઓને પોતાની ઇચ્છા મુજબ હટાવી તેમના સ્થાને અન્ય વ્યક્તિ અથવા વ્યક્તિઓની નિમણૂક પણ કરી શકશે.

(d) ઉધારકર્તા(ઓ) સંમત થાય છે કે ઉપરોક્ત સત્તાઓનો ઉપયોગ ઉધારકર્તા(ઓ)ને કોઈપણ પૂર્વ નોટિસ આપ્યા વિના કરી શકાય છે અને વધુમાં સંમત થાય છે કે ધિરાણકર્તા અથવા ધિરાણકર્તા દ્વારા નિયુક્ત કોઈપણ પ્રતિનિધિ અથવા પ્રતિનિધિઓ ઉપરોક્ત સત્તાઓનો ઉપયોગ કરીને કાયદેસર રીતે કરી શકે છે અથવા કરાવી શકે છે, તે તમામ બાબતોને બહાલી આપે છે અને પુષ્ટિ આપે છે. ઉધારકર્તા(ઓ) વધુમાં ઉપરોક્ત કોઈપણ સત્તાનો ઉપયોગ



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

કરવા માટે ધિરાણકર્તા અને તેના અધિકારીઓ અને અધિકૃત પ્રતિનિધિઓને તમામ સહાય આપવા માટે સંમત થાય છે, જેમાં દસ્તાવેજોનું સમર્થન, કાગળો પર હસ્તાક્ષર અને ધિરાણકર્તા અને તેના અધિકારીઓને આ દ્વારા આપવામાં આવેલી બધી સત્તાઓનો ઉપયોગ કરવા માટે જરૂરી હોય તેવી બધી બાબતોનો સમાવેશ થાય છે. ઉધારકર્તા(ઓ) વધુમાં સંમત થાય છે કે ઉપરોક્ત સત્તાઓની પ્રકૃતિ અપરિવર્તનીય રહેશે, જ્યાં સુધી ઉપરોક્ત લોન અને/અથવા આ દસ્તાવેજો હેઠળ અથવા તેના સંદર્ભમાં અથવા તેના અનુસંધાનમાં કોઈપણ રકમ દેય અથવા ચૂકવવાપાત્ર રહેતી હોય.

(e) ઉધારકર્તા અને ગેરેન્ટર સંમત થાય છે અને વચન આપે છે કે, ધિરાણકર્તા દ્વારા માંગણી પર, ઉધારકર્તા અને ગેરેન્ટર તરત જ ધિરાણકર્તાને સ્વીકાર્ય સ્વરૂપમાં અને રીતે એક અપરિવર્તનીય પાવર ઓફ એટર્ની અમલમાં મૂકશે અને ડિલિવર કરશે, ધિરાણકર્તા, તેના કર્મચારીઓ અને ધિરાણકર્તા દ્વારા અધિકૃત અન્ય વ્યક્તિઓને ઉપરોક્ત તમામ અથવા કોઈપણ કૃત્યો કરવા માટે અધિકૃત કરશે.

**21. સિક્યોરિટાઇઝેશન**

ધિરાણકર્તા આ એગ્રીમેન્ટ હેઠળ તેના કોઈપણ અથવા બધા અધિકારો, લાભ, જવાબદારીઓ, ફરજો અને ઉત્તરદાયિત્વ મંજૂર કરવા, વેચવા, સોંપવા અથવા ટ્રાન્સફર કરવા માટે સંપૂર્ણ હકદાર રહેશે અને તેમની પાસે સંપૂર્ણ સત્તા અને અધિકાર રહેશે, જેમાં ઉધારકર્તા અને ગેરેન્ટરને નોટિસ આપ્યા વિના કોઈપણ વ્યક્તિ અથવા એન્ટિટીને વેચાણ, ટ્રાન્સફર, સિક્યોરિટાઇઝેશન, ચાર્જિસ અથવા સિક્યોરિટી અથવા અન્યથા હપ્તા અને બાકી લોન એકત્રિત કરવાનો અધિકાર શામેલ છે અને આવા કોઈપણ વેચાણ, સોંપણી અથવા ટ્રાન્સફર ઉધારકર્તા અને ગેરેન્ટર પર નિર્ણાયક રીતે બંધનકર્તા રહેશે અને ઉધારકર્તા અને ગેરેન્ટર આ એગ્રીમેન્ટ હેઠળ આવા અસાઈનીઓ/ ટ્રાન્સફરી/ ખરીદનાર પ્રત્યેની તેમની જવાબદારી નિભાવશે. ઉધારકર્તા અને ગેરેન્ટર સ્પષ્ટપણે માન્ય કરે છે અને સ્વીકારે છે કે ધિરાણકર્તા સંપૂર્ણપણે હકદાર રહેશે અને તેમની પાસે સંપૂર્ણ સત્તા અને અધિકાર હશે કે તેઓ કોઈપણ રીતે તેના બધા અધિકારો અને હિતોને સંપૂર્ણ અથવા આંશિક રીતે વેચી શકે અને એવી રીતે અને એવી શરતો પર જે ધિરાણકર્તા નક્કી કરી શકે છે, તેમાં ધિરાણકર્તાને તેની સત્તા જાળવી રાખવાનો અધિકાર અનામત રાખવાનો સમાવેશ થાય છે, જેમાં ખરીદનાર/ અસાઈનીઓ /ટ્રાન્સફરી વતી ઉધારકર્તા અને ગેરેન્ટર સામે ઉધારકર્તા અને ગેરેન્ટરને લેખિત સૂચના આપ્યા વિના અથવા તેના વિના, ઉધારકર્તા અને ગેરેન્ટર સામે કાર્યવાહી કરવાનો અધિકાર અનામત રાખવામાં આવે છે.

**22. સેટ-ઑફ અને પૂર્વાધિકાર (લિયન)**

(a) આ એગ્રીમેન્ટમાં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, ધિરાણકર્તા પાસે ઉધારકર્તા અને અને ગેરેન્ટરની માલિકીની તમામ અસ્કયામતો પર પૂર્વાધિકાર (લિયન) હશે અને તે ધિરાણકર્તાના કબજા અને નિયંત્રણમાં હશે, ઉધારકર્તા અને ગેરેન્ટર પાસેથી ધિરાણકર્તાને ચૂકવવાપાત્ર કોઈપણ નાણાં સામે તેને સેટ-ઑફ કરવાનો અધિકાર રહેશે અને ઉધારકર્તાના તમામ એકાઉન્ટ્સને અહીં અથવા અન્ય કોઈપણ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તાના બાકી લેણાંની વસૂલાત માટે એકત્રિત કરવાનો અધિકાર રહેશે.

(b) લોન હેઠળ બાકી રહેલી રકમની વસૂલી થાય ત્યાં સુધી, ધિરાણકર્તાને ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર સામે રહેલા કોઈપણ કાયદેસર અધિકાર, દાવા અથવા લિયન અથવા અન્ય કોઈપણ દાવા હેઠળ ધિરાણકર્તાને સંપૂર્ણ બાકી રકમની પુનઃચુકવણી થાય ત્યાં સુધી અસ્ક્યામત રાખવાનો અને પોતાના કબજામાં રાખવાના ધિરાણકર્તાના અધિકારને ઉધારકર્તા અને ગેરેન્ટર માન્ય કરે છે. બાકી રહેલા દાવાઓની વિગતો સાથે ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટરને નોટિસ મોકલવાની શરતે, તમામ દાવાઓ સંપૂર્ણપણે પતાવવામાં અથવા ચૂકવવામાં ન આવે ત્યાં સુધી ધિરાણકર્તાને સંપત્તિ રાખવાનો અધિકાર રહેશે.

(c) આ દ્વારા ઉધારકર્તા અને ગેરેન્ટર સંમત થાય છે અને સમજે છે કે જો, જો ઉધારકર્તા અને ગેરેન્ટર આ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તાને ચૂકવવાપાત્ર હપ્તો અથવા અન્ય કોઈ પણ દેય અને ચૂકવવાપાત્ર રકમની ચુકવણીમાં



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

ડિફૉલ્ટ કરે, તો ધિરાણકર્તાને ઉપલબ્ધ સમાપ્તિના અધિકાર પ્રત્યે પૂર્વગ્રહ વિના, ધિરાણકર્તાને ઉધારકર્તા અને ગેરેન્ટરના એકાઉન્ટમાં રહેલી રકમને સેટ ઑફ કરવાનો અધિકાર રહેશે, જે રકમના સંદર્ભમાં આ એગ્રીમેન્ટ હેઠળ ડિફૉલ્ટ કરવામાં આવ્યો છે.

**23. ક્ષતિપૂર્તિ**

ઉધારકર્તા અને ગેરેન્ટર, ઉધારકર્તાને બધી ક્રિયાઓ, દાવાઓ, કાર્યવાહીઓ અને તમામ વ્યય, ચાર્જિસ, ખર્ચ, નુકસાન અને હાનિ સામે ધિરાણકર્તાને ક્ષતિપૂર્તિ કરશે અને તેને ક્ષતિપૂરિત રાખશે, જે ધિરાણકર્તા દ્વારા તર્કસંગતપણે ઘટિત થઈ શકે છે અથવા વહન કરવામાં આવી શકે, જો ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર દ્વારા આ હેઠળ કોઈપણ નિયમો, શરતો, એગ્રીમેન્ટ અને જોગવાઈઓની ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતી આપવામાં આવે છે. ઉધારકર્તા આ દ્વારા સ્વીકારે છે અને માન્ય કરે છે કે આ ક્ષતિપૂર્તિ ઉધારકર્તાની વોરંટીના ભાગ પરના તમામ કાર્યો અને ભૂલોને આવરી લેશે. ધિરાણકર્તાને આ ક્લોઝ હેઠળ ઉધારકર્તા દ્વારા ચૂકવવાપાત્ર કોઈપણ રકમને આ એગ્રીમેન્ટનો વિષય બનેલી ઉપરોક્ત દેય રકમોમાં સમાવેશ કરવાનો અધિકાર રહેશે.

**24. નોટિસ**

આ એગ્રીમેન્ટ હેઠળ કોઈપણ નોટિસ, વિનંતી, માંગ અથવા અન્ય સંદેશાવ્યવહાર, જો ઉપર ઉલ્લેખિત ઉધારકર્તા અને ગેરેન્ટરના સરનામે રજિસ્ટર્ડ પોસ્ટ/કુરિયર/ફેક્સિમાઇલ/ઇમેઇલ/ટ્રાન્સમિશન દ્વારા મોકલવામાં આવે તો તે યોગ્ય રીતે બજાવવામાં આવ્યા હોવાનું માનવામાં આવશે અને આવી નોટિસ મોકલવામાં આવી હોય તે તારીખ અથવા પ્રાપ્તિની વાસ્તવિક તારીખ, જે પણ પહેલા હોય તે પછીના ત્રીજા કામકાજના દિવસે અમલમાં આવશે તેવું માનવામાં આવશે.

**25. એજન્સી નિયુક્ત કરવાનો ધિરાણકર્તાનો અધિકાર**

ધિરાણકર્તા અને ગેરેન્ટર સ્પષ્ટપણે માન્ય કરે છે અને સ્વીકારે છે કે ધિરાણકર્તા પોતે અથવા તેના અધિકારીઓ, નોકરો અથવા કર્મચારીઓ દ્વારા આવી પ્રવૃત્તિઓ કરવાના તેમના અધિકાર પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, ધિરાણકર્તાની પસંદગીના એક અથવા વધુ તૃતીય પક્ષની નિમણૂક કરવાનો અને આ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તા વતી હપ્તો અથવા ધિરાણકર્તાને ચૂકવવાના અન્ય ચાર્જિસ વસૂલવાનો અધિકાર અને સત્તા આવા તૃતીય પક્ષોને સોંપવાનો સંપૂર્ણ હકદાર રહેશે અને તેમાં નોટિસ મોકલવી, માંગ કરવી, ઉધારકર્તા અને ગેરેન્ટરના રહેઠાણ/કાર્યાલય/વ્યવસાય સ્થળની મુલાકાત લેવી, હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી અસ્ક્યામતનો કબજો લેવો અથવા બાકી રકમ વસૂલ કરવા માટે ઉધારકર્તા અને ગેરેન્ટરનો સંપર્ક કરવાના અન્ય અધિકારોનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત હેતુ માટે અને અન્ય કોઈપણ હેતુ માટે ધિરાણકર્તાની એકમાત્ર વિવેકબુદ્ધિથી, ધિરાણકર્તા તૃતીય પક્ષને ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર(રો), લોન, ચૂકવવાપાત્ર રકમ અને તૃતીય પક્ષને સોંપાયેલ કાર્યને અસરકારક રીતે પૂર્ણ કરવા માટે અન્ય માહિતી જાહેર કરવાના હકદાર રહેશે અને ઉધારકર્તા અને ગેરેન્ટર(રો) આ રીતે ધિરાણકર્તા દ્વારા આવા પ્રગટીકરણને સંમતિ આપે છે.

**26. અસ્વીકરણ (ડિસ્ક્લેમર)**

આ એગ્રીમેન્ટ ધિરાણકર્તા અને ઉધારકર્તા વચ્ચે ઉધારકર્તાની લોનની રકમમાંથી વાહન ખરીદવાની સ્પષ્ટ ઇચ્છા અને વિનંતીના આધારે કરવામાં આવ્યો છે. આ એગ્રીમેન્ટમાં પક્ષકારો વચ્ચે વિશિષ્ટ સંમતિ અને સમજવામાં આવ્યું છે કે વાહનની વિગતો, વાહનની વિશિષ્ટતાઓ અને વર્ણન ઉધારકર્તાના જાણમાં છે અને વાહનની ગુણવત્તા, સ્થિતિ, ફિટનેસ, કામગીરી અને કોઈપણ સમારકામ અને જાળવણીના સંબંધમાં વાહનને સીધી કે આડકતરી રીતે થતી કોઈપણ જવાબદારી, દાવા, નુકસાન અથવા ખર્ચ માટે ધિરાણકર્તા કોઈપણ રીતે ઉધારકર્તાને જવાબદાર નથી.



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

**27. ડિફૉલ્ટરની માહિતી પ્રકાશિત કરવાનો અધિકાર**

ધિરાણકર્તા દ્વારા ઉધારકર્તાને આપવામાં આવેલી લોનની શરત તરીકે ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર આ દ્વારા બિનશરતી અને અપરિવર્તનીય રીતે સંમત થાય છે કે જો ઉધારકર્તા લોનની પુનઃચુકવણીમાં અથવા તેના પર વ્યાજની ચુકવણીમાં, અથવા નિયત તારીખે લોનની સંમત ચુકવણી/હપ્તામાં, અથવા ગેરેન્ટર ફાઇનાન્સિંગ દસ્તાવેજોની શરતો અનુસાર તેના દ્વારા પૂરી પાડવામાં આવેલી ગેરેંટીના આહવાન પર લોનની ચુકવણીમાં ડિફૉલ્ટ કરે, તો ધિરાણકર્તા અને/અથવા ભારતીય રિઝર્વ બેંકને ફોટોગ્રાફ સાથે અથવા વગર, ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટરનું નામ અથવા તેની સંસ્થા/એન્ટિટી/કંપનીનું નામ અને અથવા તેના ડિરેક્ટર્સ/ ભાગીદાર/ સભ્ય/ટ્રસ્ટી/માલિકનું નામ ડિફૉલ્ટર/રો તરીકે જાહેર કરવાનો અથવા પ્રકાશિત કરવાનો પૂર્ણ અધિકાર રહેશે, જે રીતે અને માધ્યમો દ્વારા ધિરાણકર્તા અથવા રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાને તેમની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી યોગ્ય લાગે.

**28. ક્રેડિટ માહિતી**

ઉધારકર્તા(ઓ) અને ગેરેન્ટર આ દ્વારા સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે ધિરાણકર્તા, જેમ જરૂરી લાગે તેમ, કોઈપણ એન્ટિટીને, જેમાં RBI, ટ્રાન્સયુનિયન CIBIL લિમિટેડ અથવા RBI દ્વારા અધિકૃત કોઈપણ અન્ય એજન્સી અથવા ક્રેડિટ માહિતી કંપનીઓ અથવા કોઈપણ અન્ય ધિરાણકર્તા અથવા તેના કોઈપણ સહયોગી, એજન્ટો અને પ્રતિનિધિઓ અથવા કોઈપણ વ્યક્તિ કે જેની સાથે તે આ એગ્રીમેન્ટના સંબંધમાં કોઈપણ પ્રકારના એગ્રીમેન્ટ અથવા વ્યવહારોમાં પ્રવેશ કરવા માંગે છે, અથવા પ્રવેશ કર્યો છે, ઉધારકર્તા(ઓ) અથવા અન્યથા (ઉધારકર્તા(ઓ) ના કોઈપણ ક્રેડિટર સહિત), ઉધારકર્તા(ઓ), ગેરેન્ટર, લોન, અસ્ક્યામત અથવા ઉધારકર્તા પાસેથી ઉધારકર્તા(ઓ) અને/અથવા ગેરેન્ટર દ્વારા મેળવવામાં આવેલી/ મેળવવામાં આવનારી કોઈપણ અન્ય ક્રેડિટ સુવિધા, અને તેમના દ્વારા ઉધારકર્તા(ઓ) અને/અથવા ગેરેન્ટરને પૂરી પાડવામાં આવેલી કોઈપણ નાણાંકીય સહાય અથવા ઉધારકર્તા(ઓ) અને/અથવા ગેરેન્ટર દ્વારા ધારણ કરવામાં આવેલી અથવા ધારણ કરવામાં આવનારી કોઈપણ જવાબદારીઓ અથવા તેના અનુસંધાનમાં કરવામાં આવેલા કોઈપણ ડિફૉલ્ટને લગતી બધી અથવા કોઈપણ માહિતી અને ડેટા જાહેર કરવાનો અધિકાર ધરાવે છે. ઉધારકર્તા(ઓ) અને/અથવા ગેરેન્ટર દ્વારા ધિરાણકર્તા પ્રત્યેની તેમની કોઈપણ જવાબદારીઓ પૂર્ણ કરવામાં, એવી રીતે અને એવા માધ્યમ દ્વારા જે ધિરાણકર્તાને તેના સંપૂર્ણ વિવેકાધિકાર મુજબ યોગ્ય માનવામાં આવે તેવી રીત અને તેવા માધ્યમ દ્વારા પ્રગટ કરી શકે છે.

ઉધારકર્તા(ઓ)/ગેરેન્ટર વધુમાં સંમત થાય છે અને ધિરાણકર્તાને આવી માહિતી ગ્રૂપની કંપનીઓ, ધિરાણકર્તાની પેટાકંપની અથવા ધિરાણકર્તા યોગ્ય માને તેવી કોઈપણ અન્ય વ્યક્તિને જાહેર કરવા માટે સંમતિ આપે છે.

**29. ગોપનીયતા**

(a) ઉધારકર્તા(ઓ) અને ગેરેન્ટર સ્વીકારે છે કે આ એગ્રીમેન્ટ ગોપનીય છે અને ઉધારકર્તા(ઓ) અને ગેરેન્ટર, ધિરાણકર્તાની પૂર્વ લેખિત સંમતિ વિના, આ એગ્રીમેન્ટ અથવા તેની સામગ્રી અન્ય કોઈપણ વ્યક્તિને જાહેર કરશે નહીં સિવાય કે કાયદા દ્વારા અથવા કોઈપણ લાગુ સરકારી અથવા અન્ય નિયમનકારી સત્તા દ્વારા જરૂરી હોય.

(b) ધિરાણકર્તા (અને ખાતરી કરશે કે તેના કર્મચારીઓ, એજન્ટો, પ્રતિનિધિઓ પણ) ડેટા સુરક્ષા પૉલિસીઓ અને તમામ ડેટા સુરક્ષા કાયદાઓ (ડેટા પ્રોટેક્શન લેજિસ્લેશન)નું પાલન કરશે. આ એગ્રીમેન્ટના હેતુ માટે, "**ડેટા સુરક્ષા કાયદો (ડેટા પ્રોટેક્શન લેજિસ્લેશન)**" નો અર્થ છે વ્યક્તિગત ડેટાના રક્ષણ અને પ્રક્રિયા, સંગ્રહ, ઉપયોગ, કલેક્શન અને/અથવા વ્યક્તિગત ડેટાનો ઉપયોગ, અથવા વ્યક્તિની ગોપનીયતા સંબંધિત કાયદા અને નિયમનો થાય છે, જેમાં (મર્યાદા વિના) નીચેનો સમાવેશ થાય છે:



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

(i) માહિતી ટેકનોલોજી અધિનિયમ, 2000 (સમયાંતરે થયેલા સુધારાઓ સહિત), જેમાં માહિતી ટેકનોલોજી (વાજબી સિક્યોરિટી પ્રથાઓ અને પ્રક્રિયાઓ અને સંવેદનશીલ વ્યક્તિગત ડેટા અથવા માહિતી) નિયમો, 2011 ("**નિજતા નિયમો**") અને તેના હેઠળ રચાયેલ કોઈપણ અન્ય લાગુ નિયમોનો સમાવેશ થાય છે;

(ii) કોઈપણ નિયમનકાર દ્વારા પક્ષકારોમાંથી કોઈને ઇશ્યૂ કરાયેલ વ્યક્તિગત ડેટા અને પ્રક્રિયા, સંગ્રહ, ઉપયોગ, કલેક્શન અને/અથવા વ્યક્તિગત ડેટાના ઉપયોગ અથવા વ્યક્તિની ગોપનીયતાના સંરક્ષણ સંબંધિત અન્ય તમામ લાગુ ઉદ્યોગ માર્ગદર્શિકા (ભલે તે વૈધાનિક હોય કે બિન-વૈધાનિક) અથવા આચાર સંહિતાઓ; અને

(iii) વ્યક્તિગત ડેટા અને પ્રક્રિયા, સંગ્રહ, ઉપયોગ, કલેક્શન અને/અથવા વ્યક્તિગત ડેટાના ઉપયોગ અથવા વ્યક્તિની ગોપનીયતાના સંરક્ષણ સંબંધિત અન્ય કોઈપણ નિયમનો અને લાગુ કાયદાઓ.

(iv) "**વ્યક્તિગત ડેટા**" નો અર્થ એ જ હોવો જોઈએ જે નિજતા નિયમો (સમયાંતરે થયેલા સુધારાઓ સાથે) હેઠળ 'સંવેદનશીલ વ્યક્તિગત ડેટા અથવા માહિતી' શબ્દને દર્શાવવામાં આવ્યો છે.

(c) ધિરાણકર્તા (અને ખાતરી કરશે કે તેના કર્મચારીઓ, એજન્ટો, પ્રતિનિધિઓ પણ) ઉધારકર્તાના વ્યક્તિગત ડેટાની ગોપનીયતાના સંદર્ભમાં ડિજિટલ ધિરાણ માર્ગદર્શિકામાં નિર્ધારિત ગોપનીયતા અને નિજતાની તમામ જવાબદારીઓનું પાલન કરશે.

**30. સુધારાઓ**

આ એગ્રીમેન્ટની જોગવાઈમાં સુધારો કરવામાં આવશે જો, અને માત્ર ત્યારે જ, જ્યારે ધિરાણકર્તા આવી જોગવાઈમાં લેખિતમાં સુધારો કરે. ઉપરોક્ત વાક્ય પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, આ દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે, અને પક્ષો સંમત થાય છે કે આ એગ્રીમેન્ટની શરતો આપમેળે સંશોધિત અને/અથવા સુધારેલ રહેશે જે તારીખથી અને તે તારીખથી સરકારી સત્તાના કોઈપણ કાયદા, નિર્દેશ(શો), અથવા RBI નિર્દેશ, જે આ એગ્રીમેન્ટમાં ફેરફાર અથવા સુધારો કરવાની અસર ધરાવે છે, તેને અહીં અથવા ધિરાણકર્તાને લાગુ કરવામાં આવશે. ધિરાણકર્તા ઉધારકર્તાને આવા નિયમનકારી ફેરફારોથી ઉદ્ભવતા ફેરફારો/સુધારાઓની જાણ કરતી નોટિસ આપશે.

**31. નિયમનકારી ફેરફારો**

આ એગ્રીમેન્ટની શરતો અને ફાઇનાન્સિંગ દસ્તાવેજો લાગુ કાયદા, કોઈપણ સરકારી સત્તાની ચકાસણી અને નિર્દેશો, અને સમયાંતરે આ એગ્રીમેન્ટ અથવા ધિરાણકર્તાને લાગુ પડતા કોઈપણ RBI નિર્દેશોને આધિન છે. તદનુસાર, ઉધારકર્તા આ દ્વારા સ્વીકારે છે અને માન્ય કરે છે કે ધિરાણકર્તા આવા કોઈપણ કાયદા, સંબંધિત સરકારી સત્તાના નિર્દેશો, અથવા આવા RBI નિર્દેશોને અમલમાં મૂકવા માટે બંધનકારક રહેશે, અને ઉધારકર્તા આ દ્વારા સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે તે ધિરાણકર્તા દ્વારા આ સંદર્ભમાં લેવામાં આવતી તમામ કાર્યવાહીથી બાધ્ય રહેશે.

**32. સમકક્ષો**

આ કરાર જરૂર મુજબ અલગ-અલગ નકલો (કાઉન્ટરપાર્ટ્સ)માં હસ્તાક્ષરિત કરી શકાય છે, જેમાંની દરેકને મૂળ માનવામાં આવશે અને તમામ મળીને એક જ દસ્તાવેજ ગણાશે.

**33. ઇલેક્ટ્રોનિક હસ્તાક્ષરો**

ઉધારકર્તા આ દ્વારા પુષ્ટિ કરે છે, સ્વીકૃતિ આપે છે અને સંમત થાય છે કે વેબસાઇટ અથવા આવા અન્ય ઇન્ટરનેટ અથવા ધિરાણકર્તા દ્વારા શેર કરાયેલ કોઈપણ અન્ય તૃતીય-પક્ષ લિંક અથવા કોઈપણ વેબ-આધારિત માધ્યમ દ્વારા આ એગ્રીમેન્ટની ઓનલાઈન સ્વીકૃતિ પક્ષો વચ્ચે બંધનકર્તા એગ્રીમેન્ટમાં પરિણમે છે. દરેક પક્ષ સંમત થાય છે કે આ કરાર અને તેની સાથે સંબંધિત અન્ય દસ્તાવેજો પર ઇલેક્ટ્રોનિક રીતે હસ્તાક્ષર કરી શકાય છે, અને આ કરાર અથવા



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

આવા અન્ય દસ્તાવેજો પર દેખાતા કોઈપણ ઇલેક્ટ્રોનિક હસ્તાક્ષરો માન્યતા, અમલક્ષમતા અને સ્વીકાર્યતા માટે હસ્તલિખિત હસ્તાક્ષરો જેટલા જ સમાન ગણાશે.

**34. વ્યય અને ખર્ચ**

આ એગ્રીમેન્ટ અથવા આ મુજબ અમલમાં મૂકાયેલા કોઈપણ દસ્તાવેજના સંદર્ભમાં તમામ વ્યય, ખર્ચ, દસ્તાવેજ એકત્રિકરણ ચાર્જિસ, કર, ડ્યુટીઝ, સ્ટેમ્પ ડ્યુટી અને કોઈપણ સિક્યોરીટીની રચના, અમલીકરણ, પ્રાપ્તિ ઉધારકર્તા અને ગેરેન્ટર દ્વારા ઉઠાવવામાં આવશે અને ચૂકવવામાં આવશે.

**35. આંશિક અમાન્યતા**

જો આ એગ્રીમેન્ટની કોઈપણ જોગવાઈ અથવા કોઈપણ વ્યક્તિ અથવા સંજોગો પર તેનો ઉપયોગ કોઈપણ કાયદા, નિયમન અથવા સરકારી નીતિ સહિત કોઈપણ કારણોસર કોઈપણ હદ સુધી અમાન્ય અથવા બિન-અમલપાત્ર રહેશે, તો આ એગ્રીમેન્ટનો બાકીનો ભાગ અને અમાન્ય અથવા બિન-અમલપાત્ર ન ગણાતા તે સિવાયની વ્યક્તિ અથવા સંજોગો પર આવી જોગવાઈનો ઉપયોગ તેનાથી પ્રભાવિત થશે નહીં, અને આ એગ્રીમેન્ટની દરેક જોગવાઈ કાયદા દ્વારા મંજૂર કરાયેલ સંપૂર્ણ હદ સુધી માન્ય અને અમલપાત્ર રહેશે. આ એગ્રીમેન્ટની કોઈપણ અમાન્ય અથવા બિન-અમલપાત્ર જોગવાઈને એવી જોગવાઈ સાથે બદલવામાં આવશે જે માન્ય અને અમલપાત્ર હોય અને લગભગ પરસ્પર સંમત રીતે, બિન-અમલપાત્ર જોગવાઈના મૂળ હેતુને પ્રતિબિંબિત કરે.

**36. છૂટછાટ**

આ એગ્રીમેન્ટ અથવા ધિરાણકર્તા દ્વારા પૂરા પાડવામાં આવેલા કોઈપણ અન્ય એગ્રીમેન્ટ, દસ્તાવેજ અથવા છૂટ હેઠળ ધિરાણકર્તાને મળેલા કોઈપણ અધિકાર, સત્તા અથવા ઉપાયનો ઉપયોગ કરવામાં અથવા તેનો ઉપયોગ કરવામાં વિલંબ કરવાથી આવા કોઈપણ અધિકાર, સત્તા અથવા ઉપાયને નુકસાન થશે નહીં અને તેને કોઈપણ ડિફૉલ્ટમાં તેની માફી અથવા કોઈપણ ડિફૉલ્ટમાં તેના દ્વારા કોઈપણ સંમતિ તરીકે નિર્મિત કરવામાં આવશે નહીં, તેમજ કોઈપણ ડિફૉલ્ટના સંદર્ભમાં ધિરાણકર્તાની કાર્યવાહી અથવા નિષ્ક્રિયતા અથવા કોઈપણ ડિફૉલ્ટમાં તેના દ્વારા કોઈપણ સંમતિથી કોઈપણ અન્ય ડિફૉલ્ટના સંદર્ભમાં ધિરાણકર્તાના કોઈપણ અધિકાર, સત્તા, ઉપાયને અસર થશે નહીં અથવા નુકસાન થશે નહીં.

**37. તીવ્રતા**

જો આ એગ્રીમેન્ટની કોઈપણ જોગવાઈ ગેરકાયદેસર અથવા કોઈપણ કારણોસર અથવા વૈધાનિક કાયદાઓમાં સુધારા માટે બિન-અમલપાત્ર હશે, તો એગ્રીમેન્ટની બાકીની જોગવાઈઓની કાયદેસરતા અને અમલપાત્રતાને અસર થશે નહીં અથવા નુકસાન થશે નહીં. આ કરારની કોઈપણ અમાન્ય અથવા અમલ ન કરી શકાય તેવી જોગવાઈને એવી જોગવાઈથી બદલવામાં આવશે, જે માન્ય અને અમલ ન કરી શકાય તેવી હોય અને તેને માન્ય બનાવવા માટે જરૂરી હોય તે રીતે અમલ ન કરી શકાય તેવી જોગવાઈના મૂળ હેતુને લગભગ પ્રતિબિંબિત કરતી હોય.

**38. સંપૂર્ણ એગ્રીમેન્ટ**

આ એગ્રીમેન્ટ અને અહીં દર્શાવેલ તમામ પુરાવા દસ્તાવેજો (એક્ઝિબિટ્સ), પરિશિષ્ટો અને શેડ્યૂલ્સ તેમાં આવરી લેવામાં આવેલી બાબતોના સંદર્ભમાં પક્ષકારો વચ્ચે સંપૂર્ણ એગ્રીમેન્ટ અને સમજૂતીને સમાવિષ્ટ કરે છે અને પક્ષકારો દ્વારા અથવા તેમની વચ્ચે, લેખિત અથવા મૌખિક, કોઈપણ પૂર્વ સમજૂતીઓ, એગ્રીમેન્ટો અથવા રજૂઆતોને રદ કરે છે અને પ્રાધાન્ય મેળવી અમાન્ય બનાવશે અને પૂર્વગામી રીતે અગ્રતા પ્રાપ્ત કરશે.

**39. એગ્રીમેન્ટ અંગે સંપૂર્ણ સમજ**



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

ઉધારકર્તાઓ સંમત થાય છે કે તેઓએ એગ્રીમેન્ટ અને લોન મંજૂરીની શરતો વાંચી અને સમજી છે અને તે મુજબ તે સ્વીકારે છે. ઉધારકર્તાઓ સ્પષ્ટપણે સંમત થાય છે કે બધી શરતો ઉધારકર્તાઓને નકલો પૂરી પાડીને, ઇલેક્ટ્રોનિક સ્વરૂપ દ્વારા અથવા અન્ય કોઈપણ રીતે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઉધારકર્તાઓ સંમત થાય છે કે તેણે/તેઓએ લોન મંજૂરીની શરતો પ્રાપ્ત કરી છે, જે ઉધારકર્તા સાથે ઉધાર સુવિધાઓના સંચાલનની શરતો પર ઉધારકર્તાની સમજણ માટે વિગતવાર સમજાવાયેલ વ્યાપક શરતો છે અને આ એગ્રીમેન્ટ તેના હેઠળ એક નાણાંકીય દસ્તાવેજ નિર્મિત કરે છે, જે વિશિષ્ટપણે લોનના હેતુ માટે નિર્મિત કરવામાં આવ્યું છે. જો કોઈ પણ ઉધારકર્તા નિરક્ષર હોય અને/અથવા અંગ્રેજી ભાષા વાંચી શકતો ન હોય, તો આ એગ્રીમેન્ટની શરતો અને નિયમો અને લોન મંજૂરીની શરતો ઉધારકર્તાને સ્થાનિક ભાષામાં વાંચી, અનુવાદિત અને વિગતવાર સમજાવવામાં આવી છે અને ઉધારકર્તાએ આ સંદર્ભમાં સ્થાનિક ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા છે.

ઉધારકર્તાઓ આ દ્વારા વિશિષ્ટપણે સંમત થાય છે, સ્વીકાર કરે છે અને પુષ્ટિ આપે છે કે ઉધારકર્તાઓને ચુકવણી માટેની નિશ્ચિત તથા ચોક્કસ તારીખોની સંપૂર્ણ સમજ છે અને તેઓ તેના વિશે સારી રીતે માહિતગાર છે, તેમજ ચોક્કસ તારીખોએ ચુકવણી ન થવાના કારણે SMA અને NPA તરીકે વર્ગીકરણ કેવી રીતે થશે અને તે પછી કયા પરિણામો આવશે તેની પણ તેમને સંપૂર્ણ જાણકારી છે. ઉધારકર્તાઓના સંતોષ માટે, ઉધારકર્તાઓ દ્વારા લેવામાં આવતી લોન માટે વિશિષ્ટ ઉદાહરણો અને રેખાચિત્રો સાથે ઉધારકર્તાઓને ઉધારકર્તાઓના પ્રતિનિધિઓ દ્વારા પણ આ જ વાત વિગતવાર સમજાવવામાં આવી છે.

**40. માહિતીનો ખુલાસો**

(a) ઉધારકર્તા અને ગેરેન્ટર(રો), ધિરાણકર્તા દ્વારા ઉધારકર્તા(ઓ), ગેરન્ટર, લોન તથા અન્ય સુવિધાઓ, ઉધારકર્તા દ્વારા ધિરાણકર્તા સાથે કરવામાં આવેલા અન્ય કોઈપણ ટ્રાન્ઝેક્શન્સ, ઉધારકર્તાના એકાઉન્ટ, તેમજ સુવિધાઓ અને ટ્રાન્ઝેક્શન્સ સંબંધિત એગ્રીમેન્ટ્સ અને દસ્તાવેજો અંગેની તમામ અથવા કોઈપણ માહિતી અને ડેટાના પ્રગટીકરણ અને શેરિંગ માટે સ્વીકાર કરે છે, પુષ્ટિ કરે છે અને પોતાની સંમતિ આપે છે; જેમાં, જો કોઈ હોય તો, ઉધારકર્તા અને/અથવા ગેરન્ટર દ્વારા તેમની સંબંધિત જવાબદારીઓની પુર્તિ દરમિયાન સુવિધાઓ અથવા અન્ય ટ્રાન્ઝેક્શન્સ સંબંધિત કરવામાં આવેલા ડિફૉલ્ટ સંબંધિત માહિતીનો સમાવેશ થાય છે પરંતુ માત્ર તેના સુધી જ મર્યાદિત નથી; અને આવી માહિતી ધિરાણકર્તા દ્વારા યોગ્ય અને જરૂરી ગણાય તે મુજબ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (“**RBI**”) ને અને/અથવા ક્રેડિટ માહિતી કંપનીઓને અને/અથવા RBI દ્વારા આ બાબતમાં સત્તાધિકૃત અન્ય કોઈ એજન્સી અથવા સંસ્થાને, અન્ય બેંકો અને ધિરાણકર્તાઓને, જેમાં અસાઇનીઓ અને સંભવિત અસાઇનીઓનો સમાવેશ થાય છે, તેના વ્યાવસાયિક સલાહકારો અને કન્સલ્ટન્ટ્સને અને લોન સુવિધા સંબંધિત તેના દ્વારા નિયુક્ત સેવા પ્રદાતાઓને, અને/અથવા કાયદા અથવા લાગુ પડતા નિયમો હેઠળ જરૂરી હોય તે મુજબ, અથવા કોર્ટના આદેશ મુજબ, અથવા તે સામાન્ય રીતે અનુસરે છે એવા કોઈ પણ વૈધાનિક, નિયમનકારી અથવા દેખરેખ સત્તાધિકારીની વિનંતી અથવા આદેશ મુજબ જાહેર અને પ્રદાન કરવામાં આવી શકે છે.

(b) ઉધારકર્તા વચન આપે છે અને કરાર કરે છે કે તે ઉધારકર્તા દ્વારા માણવામાં આવતી અન્ય ક્રેડિટ સુવિધાઓ સંબંધિત માહિતી સહિત, જે સ્વરૂપે અને જ્યારે ધિરાણકર્તા દ્વારા જરૂરી હોય ત્યારે તમામ માહિતી પૂરી પાડશે. ઉધારકર્તા જાહેર કરે છે કે સમયાંતરે ધિરાણકર્તાને આપવામાં આવેલી માહિતી ખરી અને સાચી છે અને રહેશે.

(c) ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર(રો) આ દ્વારા આગળ સંમત થાય છે કે જો ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર(રો) ધિરાણકર્તાને ચૂકવવાપાત્ર રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય છે અથવા નિયત તારીખ(ખો) પર હપ્તાની પુનઃચુકવણીમાં ડિફૉલ્ટ કરે, અથવા ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર(રો)ના એકાઉન્ટ RBI ના ધોરણો અનુસાર NPA બની જાય છે, તો ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર(રો)ના ફોટોગ્રાફ(ફોટોગ્રાફ્સ), નામ(નામો) અને સરનામું (સરનામાં)ને પ્રિન્ટ અને/અથવા ઇલેક્ટ્રોનિક મીડિયામાં જાહેર કરવા અથવા પ્રકાશિત કરવા માટે ધિરાણકર્તા સ્વતંત્ર



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

રહેશે, જેમાં આવા ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર(રો) દ્વારા ધિરાણકર્તાને ચૂકવવાપાત્ર દેય રકમની વિગતોનો સમાવેશ થાય છે.

(d) ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર(રો):

i. સ્વીકારે છે કે RBI અથવા ક્રેડિટ માહિતી કંપનીઓ અને અથવા કોઈપણ અન્ય એજન્સી, અથવા કોઈપણ વૈધાનિક, નિયમનકારી અથવા દેખરેખ સત્તાધિકારી અથવા અન્ય ધિરાણકર્તાઓ / સંભવિત ધિરાણકર્તાઓ, કોઈપણ ચોક્કસ સંજોગોમાં તેમને યોગ્ય લાગે તે રીતે ધિરાણકર્તા દ્વારા પ્રગટ કરાયેલી ઉપરોક્ત માહિતી અને ડેટાનો ઉપયોગ, પ્રક્રિયા અને પ્રસાર કરી શકે છે; અને

ii. આ સંદર્ભમાં ધિરાણકર્તાને જવાબદાર કે ઉત્તરદાયી ઠેરવશે નહીં.

ઉધારકર્તા અને/અથવા ગેરેન્ટર(રો) ધિરાણકર્તાને સેવાઓ અને ઉત્પાદનોના માર્કેટિંગ અને તેના રોકાણકારો માટે સમયાંતરે લોન સંબંધિત કોઈપણ માહિતી ધિરાણકર્તાની કોઈપણ પેરેન્ટ કંપની/ પેટાકંપની / આનુષંગિકો / સહયોગી એન્ટિટી અને ધિરાણકર્તા દ્વારા રોકાયેલા તૃતીય પક્ષોને જાહેર કરવા માટે અધિકૃત કરે છે.

**41. સ્વીકૃતિ**

ઉધારકર્તા અને ગેરેન્ટર આ દ્વારા નીચે મુજબ જાહેર કરે છે:

(a) તેઓએ સમગ્ર એગ્રીમેન્ટ અને શેડ્યૂલ અને/અથવા પરિશિષ્ટોમાં આપેલી વિગતો વાંચી છે.

(b) તેઓ આ એગ્રીમેન્ટના તમામ નિયમો અને શરતોથી બંધનકારક રહેશે.

(c) આ એગ્રીમેન્ટ અને અન્ય દસ્તાવેજો તેમને સમજાતી ભાષામાં સમજાવવામાં આવ્યા છે અને તેઓએ અહીં આપેલા તમામ ક્લોઝ અને શેડ્યૂલ્સ/પરિશિષ્ટો સમજ્યા છે.

(d) તેઓ સંમત થાય છે કે આ એગ્રીમેન્ટ પૂર્ણ થશે અને જ્યારે ઉધારકર્તા અને ગેરેન્ટર આ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરશે તે તારીખથી કાયદેસર રીતે બંધનકર્તા બનશે.

(e) આ એગ્રીમેન્ટ ભારતના કાયદા દ્વારા સંચાલિત થશે અને શેડ્યૂલમાં ઉલ્લેખિત અદાલતો કોઈપણ ક્લોઝ અથવા જોગવાઈમાંથી ઉદ્ભવતી કોઈપણ બાબત, દાવો અથવા વિવાદના સંદર્ભમાં અધિકારક્ષેત્ર ધરાવશે.

**42. સંદેશાવ્યવહાર અને પ્રમોશન**

ઉધારકર્તા વધુમાં ધિરાણકર્તાને નીચે મુજબ અધિકૃત કરે છે:

(a) SMS/ઇમેઇલ ટ્રાન્ઝેક્શન સંબંધિત સંદેશાઓ મોકલવા;

(b) કોઈપણ વ્યાવસાયિક, પ્રમોશનલ, માર્કેટિંગ સંદેશાઓ / સંદેશાવ્યવહાર અથવા આવી અન્ય માહિતી સંબંધિત SMS / ઇમેઇલ મોકલવા; અને/અથવા

(c) ઉધારકર્તા દ્વારા પ્રદાન કરાયેલ મોબાઇલ / લેન્ડલાઇન નંબર/રો અને/અથવા ઇમેઇલ ID પર કોઈપણ તહેવાર/પ્રસંગોપાત શુભેચ્છાઓ વગેરે SMS / ઇમેઇલ મોકલવા, જોકે, ઉધારકર્તાએ પહેલાથી જ TRAI, NDNC અથવા અન્ય સમાન ડેટાબેઝ અથવા સત્તા દ્વારા જાળવવામાં આવેલા રાષ્ટ્રીય ગ્રાહક પસંદગી રજિસ્ટર સાથે નોંધણી કરાવી હોઈ શકે છે.

ઉધારકર્તા વધુમાં પુષ્ટિ આપે છે કે ઉધારકર્તા અનિચ્છનીય વ્યાવસાયિક સંદેશાવ્યવહાર અને TDSAT, NCPR, અને NDNC હેઠળના મહત્વ, જરૂરિયાતો અને સુવિધાના સંદર્ભમાં TRAI નિયમો / નિર્દેશોથી વાકેફ છે અને ઉધારકર્તા ભવિષ્યમાં આ અધિકૃતતાના આધારે ધિરાણકર્તા દ્વારા કોઈપણ SMS/ઇમેઇલ અથવા ટેલિ-કૉલ સંદેશ, વ્યાવસાયિક, પ્રમોશનલ, માર્કેટિંગ અથવા આવા અન્ય સંદેશાવ્યવહાર સામે અથવા તેના સંદર્ભમાં કોઈપણ સત્તાધિકારીઓ અથવા નિયમનકારી સંસ્થાઓ સમક્ષ કોઈ ફરિયાદ અથવા દાવા કરશે નહીં અને, ધિરાણકર્તા, તેના ડિરેક્ટરો, અધિકારીઓ,



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

કર્મચારીઓ, એજન્ટો / સેવા પ્રદાતાઓને આ સંદર્ભમાં તેમને થયેલા કોઈપણ નુકસાન અથવા હાનિ, જો કોઈ હોય, તો તેને માટે ઉધારકર્તા ક્ષતિપૂર્તિ પ્રદાન કરશે.

**43.** વિવિધ

(a) **ધિરાણકર્તા કોઈપણ નિયમો અને શરતો** (વ્યાજ દર, લોન રદ કરવાના ચાર્જિસ અને આ એગ્રીમેન્ટ હેઠળ લાદવામાં આવેલા કોઈપણ અન્ય ચાર્જિસ સહિત) **માં ભાવિ ધોરણે ફેરફાર, સુધારો અથવા પુનઃસમીક્ષા કરવાનો અધિકાર અનામત રાખે છે.** વિતરણ શેડ્યૂલ, વ્યાજ દર, લોન રદ કરવાના ચાર્જિસ અને/અથવા દંડાત્મક ચાર્જિસ, અન્ય લાગુ ફી/ચાર્જિસ વગેરે સહિત નિયમો અને શરતોમાં કોઈપણ ફેરફાર, સ્થાનિક ભાષામાં અથવા ઉધારકર્તા દ્વારા સમજી શકાય તેવી કોઈપણ ભાષામાં ઉધારકર્તાને આવા ફેરફારની જાણ કર્યા પછી સુધારવામાં આવશે અને આવા સુધારા ભાવિ ધોરણે અમલમાં આવશે.

(b) ઉધારકર્તા / ગેરેન્ટરના સરનામામાં કોઈપણ ફેરફાર આવા ફેરફારોના 4 (ચાર) દિવસની અંદર ધિરાણકર્તાને લેખિતમાં જાણ કરવામાં આવશે.

(c) આ એગ્રીમેન્ટનું સંચાલન અને તેનું અર્થઘટન ભારતના કાયદાઓ દ્વારા કરવામાં આવશે.

(d) જો બે કે તેથી વધુ ઉધારકર્તાઓ હોય, તો આ એગ્રીમેન્ટ હેઠળ ઉધારકર્તાની જવાબદારીઓ સંયુક્ત અને વ્યક્તિગત હશે.

(e) તમામ પત્રવ્યવહારમાં, લોન એકાઉન્ટ નંબર તેમજ સંપૂર્ણ વાહન વિગતો એટલે કે, રજીસ્ટ્રેશન નંબર, એન્જિન અને ચેસીસ નંબર / અસ્ક્યામત વિગતો ઉધારકર્તા અને ગેરેન્ટર દ્વારા ટાંકવામાં આવશે.

(f) આ એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તાના તમામ ઉપાયો, ભલે અહીં આપવામાં આવ્યો હોય કે કાયદા, નાગરિક કાયદા, સામાન્ય કાયદા, રિવાજો, વેપાર અથવા ઉપયોગ દ્વારા આપવામાં આવ્યો હોય, સંચિત ગણાશે અને વૈકલ્પિક નહીં અને ક્રમિક અથવા એક સાથે અમલ કરી શકાય છે.

(g) આ એગ્રીમેન્ટમાં, જ્યાં સુધી સંદર્ભ અથવા તેનો અર્થ અન્યથા જરૂરી ન હોય ત્યાં સુધી:

(i) એકવચનમાં બહુવચનનો સમાવેશ થશે અને તેનાથી વિપરીત પણ એ જ રીતે લાગુ પડશે.

(ii) પુરુષ લિંગને રજૂ કરતા શબ્દમાં સ્ત્રીલિંગ અને તટસ્થ લિંગનો સમાવેશ થશે.

(iii) તે, તેણી, તે, તેમનું વગેરે સર્વનામ સમાન ભિન્નતાનો ઉપયોગ એકબીજાના બદલે કરવામાં આવે છે અને સંદર્ભ અનુસાર અર્થઘટન કરવું જોઈએ.

(iv) વ્યક્તિને દર્શાવતા શબ્દમાં વ્યક્તિ, કોર્પોરેશન, કંપની, પાર્ટનરશીપ ફર્મ, ટ્રસ્ટ અથવા અન્ય કોઈપણ એન્ટિટીનો સમાવેશ થશે.

(v) શીર્ષકો ફક્ત સંદર્ભ હેતુ માટે જ છે.

(h) આ એગ્રીમેન્ટ પ્રભાવી હોવા દરમિયાન, જો ઉધારકર્તા/ગેરેન્ટર પાર્ટનરશીપ ફર્મ/કંપની/હિન્દુ અવિભાજિત પરિવાર (HUF) હોય, તો તેમની રચના અથવા બંધારણમાં થયેલ કોઈપણ ફેરફાર ઉધારકર્તા/ગેરેન્ટરની જવાબદારીને કોઈ રીતે અસર કરશે નહીં અથવા તેને મુક્ત કરશે નહીં.

(i) ઉધારકર્તાઓ આ દ્વારા સ્પષ્ટપણે ધિરાણકર્તાને, તેના સહયોગીઓ અથવા અન્ય કોઈપણ સેવા પ્રદાતા પાસેથી ચૂકવવાપાત્ર રકમ, માર્કેટિંગ યોજનાઓ, વિવિધ નાણાંકીય, મૂલ્યવર્ધિત અને વીમા ઉત્પાદનો વગેરે અંગેની માહિતી નીચેની કોઈપણ એક અથવા વધુ પદ્ધતિઓ દ્વારા મેળવવા માટે સંમતિ આપે છે: [A] ટેલિફોન - ઉધારકર્તાનું નામ 'ડુ નોટ કૉલ' રજિસ્ટરમાં દેખાય તો પણ; [B] ઈ-મેલ [C] SMS; [D] વોટ્સએપ; [E] લાગુ કાયદા હેઠળ અન્ય સંદેશાવ્યવહાર ચેનલો.

(j) ઉધારકર્તા(ઓ) આ દ્વારા સ્પષ્ટપણે (i) આ એગ્રીમેન્ટ અથવા કોઈપણ સંભવિત ટ્રાન્ઝેક્શનના સંદર્ભમાં ઉધારકર્તાના સંબંધિત કર્મચારીઓ સાથે ટેલિફોન વાતચીતના રેકોર્ડિંગ માટે સંમતિ આપે છે, (ii) જો ઉધારકર્તા આવા રેકોર્ડિંગના ઉપયોગને મર્યાદિત કરવા માંગે છે, તો આવા રેકોર્ડિંગના સંદર્ભમાં ધિરાણકર્તાના હિત અને



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

અધિકારો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, ધિરાણકર્તાને જરૂરી સૂચના આપવા સંમત થાય છે, અને (iii) લાગુ કાયદા દ્વારા મંજૂર હદ સુધી સંમત થાય છે કે રેકોર્ડિંગ કોઈપણ કાર્યવાહીમાં પુરાવા તરીકે રજૂ કરી શકાય છે.

(k) **કુદરતી હોનારત (ફોર્સ મેજ્યોર)** ધિરાણકર્તાને કોઈપણ ફરજ અથવા જવાબદારીના પાલન અને નિર્વહનમાંથી મુક્તિ મળશે, પછી ભલે તે કોઈપણ એગ્રીમેન્ટ હેઠળ હોય, જેમાં આ એગ્રીમેન્ટનો સમાવેશ થાય છે પરંતુ માત્ર તેના સુધી જ મર્યાદિત નથી અથવા અન્યથા યુદ્ધ, આક્રમણ, વિદેશી દુશ્મનના કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર કરવામાં આવ્યું હોય કે ન હોય), આંતરવિગ્રહ, બળવો, ક્રાંતિ, રોગચાળો, બંડ અથવા લશ્કરી અથવા હડપ કરેલી સત્તા અથવા કોઈપણ સરકાર, વિભાગ, કાઉન્સિલ અથવા અન્ય સત્તા (અન્ય સત્તા (કાયદેસર (de jure) હોય કે વાસ્તવિક રીતે અસ્તિત્વમાં (de facto) હોય) દ્વારા અથવા તેના કાર્ય દ્વારા જારી કરાયેલ કોઈપણ કાયદા, નિયમ, નિયમન, આદેશ અથવા માંગણી દ્વારા અથવા ધિરાણકર્તાના નિયંત્રણની બહારના કોઈપણ અન્ય કારણો (ભલે તે સમાન પ્રકૃતિના હોય કે ન હોય).

(l) ધિરાણકર્તા(ઓ) અને ગેરેન્ટર આ દ્વારા સંયુક્ત રીતે અને વ્યક્તિગત આધારો પર પુષ્ટિ કરે છે કે તેઓએ આ એગ્રીમેન્ટમાં નિર્ધારિત નિયમો અને શરતો વાંચી અને સમજી છે અને તેને સ્વીકારી છે.

**44. આર્બિટ્રેશન**

(a) આ એગ્રીમેન્ટ અને અન્ય ફાઇનાન્સિંગ દસ્તાવેજો, નીચે આપેલા ક્લોઝ 44 (b*)* *(*મધ્યસ્થતા) ને આધિન, ભારતના કાયદાઓ દ્વારા સંચાલિત અને અર્થઘટન કરવામાં આવશે. પક્ષકારો સંમત થાય છે કે ચેન્નાઈમાં કોર્ટ અને/અથવા ટ્રિબ્યુનલ આ એગ્રીમેન્ટમાંથી ઉદ્ભવતા અથવા તેના સંબંધમાં કોઈપણ બાબતના સંદર્ભમાં અધિકારક્ષેત્ર ધરાવશે. ઉપરોક્ત જોગવાઈ માત્ર ધિરાણકર્તાના લાભ માટે છે. પરિણામે, ધિરાણકર્તા કોઈપણ અન્ય અદાલતો અથવા ટ્રિબ્યુનલમાં આ એગ્રીમેન્ટમાંથી ઉદ્ભવતા અથવા તેના સંબંધમાં થતી કાર્યવાહી કરવા/લઇ જવા માટે હકદાર રહેશે. તે મુજબ, ધિરાણકર્તા કોઈપણ સંખ્યાના અધિકારક્ષેત્રો ખાતે સમકાલીન કાર્યવાહી શરૂ કરી શકે છે.

(b) આ અંતર્ગત લોન સંબંધિત કોઈપણ વિવાદ, અથવા આ એગ્રીમેન્ટમાંથી ઉદ્ભવતા કોઈપણ અધિકારો, જવાબદારીઓ અને ઉત્તરદાયિત્વના સંદર્ભમાં, નીચે કલમ 44(c) માં દર્શાવેલ મધ્યસ્થીઓની પેનલમાંથી ધિરાણકર્તા અને ઉધારકર્તા દ્વારા પરસ્પર નિયુક્ત કરાયેલ એકમાત્ર મધ્યસ્થી દ્વારા મધ્યસ્થતા કરીને ઉકેલવામાં આવશે. આ રીતે નિયુક્ત કરાયેલ એકમાત્ર મધ્યસ્થી કોઈપણ લાગુ કાયદાની જોગવાઈઓ હેઠળ ગેરલાયક ઠરશે નહીં. મધ્યસ્થી કાર્યવાહી આર્બિટ્રેશન એન્ડ કન્સિલિયેશન એક્ટ, 1996 દ્વારા નિર્ધારિત જોગવાઈઓ અથવા તેના હેઠળ બનાવેલા કોઈપણ કાયદાકીય સુધારા અથવા પુનઃઅધિનિયમ અને તેના હેઠળ અમલમાં રહેલા નિયમો અનુસાર હાથ ધરવામાં આવશે. મધ્યસ્થીનું સ્થળ ભારતના પ્રદેશની અંદર એક સ્થળ હશે અને તે સ્થાન હશે જ્યાં ધિરાણકર્તા ફાઇનાન્સિંગ દસ્તાવેજો અને/અથવા લોનના સંબંધમાં વિવાદનું સંચાલન કરવા માટે અનુકૂળ ગણી શકે છે, અને ઉધારકર્તા આ દ્વારા મધ્યસ્થતા સ્થળના સંબંધમાં ધિરાણકર્તાની પસંદગીનું પાલન કરવા સંમત થાય છે. મધ્યસ્થી કાર્યવાહી અંગ્રેજી ભાષામાં હાથ ધરવામાં આવશે. મધ્યસ્થી દ્વારા પસાર કરાયેલ નિર્ણય અંતિમ અને પક્ષકારો માટે બંધનકર્તા રહેશે.

(c) ઉપરોક્ત ક્લોઝમાં ઉલ્લેખિત મધ્યસ્થીઓની પેનલ નીચે મુજબ હશે:

| મધ્યસ્થીનું નામ | લાયકાત |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

| મધ્યસ્થીનું નામ | લાયકાત |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

(d) પક્ષો વચ્ચે તે બાબતે સંમતિ છે કે જો નિયુક્ત મધ્યસ્થી મૃત્યુ અને/અથવા સ્વાસ્થ્ય સમસ્યાઓ જેવા અણધાર્યા સંજોગોને કારણે મધ્યસ્થી કાર્યવાહીનું નેતૃત્વ કરવામાં અસમર્થ હોય અથવા ઉપરોક્ત ઉલ્લેખિત મધ્યસ્થી કોઈપણ કારણોસર મધ્યસ્થી તરીકે નિયુક્ત થવા માટે ઉપલબ્ધ ન હોય, તો મધ્યસ્થી કાર્યવાહીની, પક્ષકારોને તેના વિશે સૂચના આપ્યા પછી, કોઈપણ અન્ય મધ્યસ્થી દ્વારા અધ્યક્ષતા કરવામાં આવશે, જેની બંને પક્ષો દ્વારા પરસ્પર નિમણૂક કરવામાં આવશે.

(e) **વકીલની ફી, વ્યય અને ખર્ચ:** -કોઈપણ કાર્યવાહી અથવા પ્રક્રિયામાં (ઉધારકર્તા અને ધિરાણકર્તા વચ્ચે ફાઇનાન્સિંગ દસ્તાવેજોમાંથી ઉદ્ભવતા અથવા તેનાથી સંબંધિત ક્લોઝ 44 (*મધ્યસ્થતા*) માંથી ઉદ્ભવતા કોઈપણ આદેશ અથવા એવોર્ડ સહિત), પ્રવર્તમાન પક્ષ તેના વકીલની ફી અને અન્ય ખર્ચ અને વ્યય વસૂલ કરવા માટે હકદાર રહેશે, ઉપરાંત તે કોઈપણ અન્ય રાહત માટે હકદાર હોઈ શકે છે. જોકે, જ્યાં ખર્ચ શેડ્યૂલ હેઠળ આવરી લેવામાં આવે છે, ત્યાં આવા ખર્ચાઓ ઉધારકર્તા દ્વારા વહન કરવામાં આવશે. તાત્કાલિક ઉપરોક્ત વિધાન પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, ઉધારકર્તા આ દ્વારા ઘોષણા કરે છે અને પુષ્ટિ કરે છે કે તેણે ઉધારકર્તા દ્વારા જાળવી રાખેલા ફાઇનાન્સિંગ દસ્તાવેજોના પ્રતિલેખ(ખો)(કાઉન્ટરપાર્ટ્સ) પર પૂરતી સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફી (ભારતના વિવિધ રાજ્યોમાં ચૂકવવાપાત્ર તમામ તફાવતી ડ્યુટી સહિત) ચૂકવી છે, જેથી ફાઇનાન્સ દસ્તાવેજો ભારતના પ્રદેશની અંદર કોઈપણ રાજ્ય અથવા સ્થળે પહોંચાડી શકાય અથવા લાવવામાં આવી શકે (તેના અમલના

પ્રદેશ અથવા સ્થળની બહારના સ્થળો સહિત). કોઈપણ સંજોગોમાં ધિરાણકર્તા ઉધારકર્તાને પૂરા પાડવામાં આવનાર ફાઇનાન્સિંગ દસ્તાવેજોના પ્રતિલેખ(ખો)(કાઉન્ટરપાર્ટ્સ)ને સ્ટેમ્પ અને/અથવા રજીસ્ટ્રેશન કરવાની જરૂરિયાતની જાણ કરવા માટે જવાબદાર રહેશે નહીં, અથવા, અન્યથા, તે સુનિશ્ચિત કરવા માટે કે ફાઇનાન્સિંગ દસ્તાવેજોના પ્રતિલેખ(ખો)(કાઉન્ટરપાર્ટ્સ)ને ઉધારકર્તા દ્વારા યોગ્ય રીતે સ્ટેમ્પ કરાવવામાં આવ્યા છે. આવા ફાઇનાન્સિંગ દસ્તાવેજોના સંબંધમાં ચૂકવવાપાત્ર કર સંબંધિત લાગુ કાયદાઓમાંથી ઉદ્ભવતી કોઈપણ અને બધી રકમની ચુકવણી કરવાની જવાબદારી ઉધારકર્તાની રહેશે.

**45. અધિકારક્ષેત્ર**

આ એગ્રીમેન્ટ ચેન્નાઈ ખાતે ધિરાણકર્તા દ્વારા સ્વીકારવામાં આવ્યું છે અને અમલમાં મૂકવામાં આવ્યું છે અને ચુકવણી સહિત તમામ કરાર, નિયમો અને શરતોનું પાલન અને તેનું નિર્વહન ચેન્નાઈ ખાતે કરવામાં આવશે, અને ઉધારકર્તા અને ગેરેન્ટર વિશિષ્ટપણે સંમત થાય છે, અહીં સમાવિષ્ટ મધ્યસ્થતા ક્લોઝને આધિન, કે ફક્ત ચેન્નાઈની અદાલતો જ આ એગ્રીમેન્ટ હેઠળ ઉદ્ભવતા અથવા સંબંધિત કોઈપણ બાબત પર વિશિષ્ટ અધિકારક્ષેત્ર ધરાવશે. આ ક્લોઝ 45 માં સમાવિષ્ટ કોઈપણ બાબત ધિરાણકર્તાને કોઈ અન્ય સક્ષમ અધિકારક્ષેત્ર ધરાવતા ન્યાયાલય અથવા ટ્રિબ્યુનલમાં કાર્યવાહી શરૂ કરવાના તેના કોઈપણ અધિકારને મર્યાદિત કરશે નહીં. તેમજ એક અથવા વધુ અધિકારક્ષેત્રોમાં કાર્યવાહી શરૂ કરવાથી અન્ય કોઈપણ અધિકારક્ષેત્રમાં, તે એકસાથે હોય કે ન હોય, કાર્યવાહી શરૂ કરવા પર કોઈ પ્રતિબંધ લાગુ પડશે નહીં. ઉધારકર્તા અને ગેરેન્ટર પોતાના માટે અને તેમની સંપત્તિના સંદર્ભમાં, સામાન્ય રીતે અને બિનશરતી રીતે આવા ન્યાયાલય અથવા ટ્રિબ્યુનલના અધિકારક્ષેત્રનો સ્વીકાર કરે છે અને તેના આધિન રહે છે. ઉધારકર્તા અને ગેરેન્ટર હાલમાં અથવા ભવિષ્યમાં તેમને હોઈ શકે તેવા કોઈપણ વાંધાને, કાર્યવાહી માટે સ્થાન નક્કી કરવામાં આવ્યું હોય તે બાબતે, અથવા એવી કોઈ દલીલ કે આવી કાર્યવાહી અનુકૂળ ન હોય તેવા ફોરમમાં લાવવામાં આવી છે, અપરિવર્તનીય રીતે ત્યાગ કરે છે.

**46. ફરિયાદ નિવારણ**

ઉધારકર્તા(ઓ)ની તકરારો અને તેમની ફરિયાદોનું સંચાલન કરવા માટે નિયુક્ત કરાયેલા નોડલ તકરાર નિવારણ અધિકારીની વિગતો અને ઉધારકર્તા(ઓ)ની તકરારોના નિવારણ માટે તકરાર નિવારણ પદ્ધતિ અહીં શેડ્યૂલમાં દર્શાવેલ છે.

**તેના સાક્ષીરૂપે અહીં પક્ષકારોએ શેડ્યૂલમાં ઉલ્લેખિત દિવસ, મહિનાના વર્ષમાં આ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે:**

ધિરાણકર્તા, ઉધારકર્તા(ઓ), સહ-ઉધારકર્તા(ઓ) અને ગેરેન્ટર(રો) તરફથી અને તેમની તરફથી, આ એગ્રીમેન્ટના તમામ ક્લોઝ અને તમામ પૃષ્ઠો, શેડ્યૂલ તથા તેમાં સમાવિષ્ટ તમામ વિગતો અને તેમાં દર્શાવેલ તમામ શરતો અને નિયમો વાંચ્યા છે (અને/અથવા તેમને સમજાવવામાં આવ્યા છે), ચકાસ્યા છે, સમજ્યા છે, અપરિવર્તનીય રીતે સંમત થયા છે, સ્વીકાર્યા છે, પુષ્ટિ કરી છે અને જાહેર કર્યા છે તેમજ તેની ચોકસાઈ અને યોગ્યતાની ખાતરી આપી છે—અને તેની નિશાનીરૂપે અને સાક્ષીરૂપે આ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

પક્ષકારો સંમત થાય છે કે આ એગ્રીમેન્ટ તે તારીખ અને સ્થળ પર પૂર્ણ થશે અને કાયદેસર રીતે બંધનકર્તા બનશે જ્યારે ઇન્ડોસ્ટાર કેપિટલ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી આ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરશે.

**ઓનલાઇન સ્વીકૃતિ માટે**

**નીચે દર્શાવેલ દ્વારા ઇલેક્ટ્રોનિક સ્વરૂપે અરજી કરાયેલ, સ્વીકારાયેલ, પ્રમાણિત, હસ્તાક્ષરિત અને પ્રદાન કરવામાં આવેલ:**



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

| | | | | |
|---|---|---|---|---|
| આમાં નામ દર્શાવેલ ઉધારકર્તા દ્વારા **હસ્તાક્ષર કરેલ અને ડિલિવર કરેલ** | આમાં નામ દર્શાવેલ સહ-ઉધારકર્તા 1 દ્વારા **હસ્તાક્ષર કરેલ અને ડિલિવર કરેલ** | આમાં નામ દર્શાવેલ સહ-ઉધારકર્તા 2 દ્વારા **હસ્તાક્ષર કરેલ અને ડિલિવર કરેલ** | આમાં નામ દર્શાવેલ ગેરેન્ટર દ્વારા **હસ્તાક્ષર કરેલ અને ડિલિવર કરેલ** | આમાં નામ દર્શાવેલ ધિરાણકર્તા, ઈન્ડોસ્ટાર કેપિટલ ફાઇનાન્સ લિમિટેડ દ્વારા **હસ્તાક્ષર કરેલ અને ડિલિવર કરેલ**. |
| | | | | |



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

## શેડ્યૂલ

## ભાગ A

| | |
|---|---|
| **એગ્રીમેન્ટની તારીખ અને સ્થળ** | |
| **ઉધારકર્તાનું નામ અને સરનામું** | |
| **સહ-ઉધારકર્તા 1 નામ અને સરનામું** | |
| **સહ-ઉધારકર્તા 2 નામ અને સરનામું** | |
| **ગેરેન્ટરનું નામ અને સરનામું** | |
| **હેતુ/અંતિમ ઉપયોગ** | ☐ અસ્ક્યામત/વાહનની ખરીદી/પુનઃધિરાણ<br>☐ કાર્યકારી મૂડીની જરૂરિયાત<br>☐ બિઝનેસ વિસ્તરણ<br>☐ અસ્ક્યામતનો વીમો મેળવવો<br>☐ ઉધારકર્તા(ઓ) માટે આરોગ્ય વીમો મેળવવો<br>☐ ઉધારકર્તા(ઓ) માટે જીવન વીમો મેળવવો<br>☐ અન્ય (કૃપા *કરીને સ્પષ્ટ* કરો) __________<br>(*યોગ્ય હોય તે ટિક કરો*) |
| **પુનઃચુકવણીની તારીખ(ખો)** | પુનઃચુકવણી શેડ્યૂલમાં અલગથી ઉલ્લેખિત છે |
| **વાર્ષિક ટકાવારી દર** | નીચેના શેડ્યૂલના ભાગ B માં દર્શાવેલ મુજબ |
| **વ્યાજનો દર** | નીચેના શેડ્યૂલના ભાગ B માં દર્શાવેલ મુજબ |
| **મુદ્દલ અને વ્યાજ વચ્ચે બ્રેકઅપ** | પુનઃચુકવણી શેડ્યૂલમાં અલગથી ઉલ્લેખિત છે |
| **અસ્ક્યામતની વિગતો** | *બનાવટ (ઉત્પાદકનું નામ):*<br>*મોડેલ:*<br>*રજીસ્ટ્રેશન નંબર:*<br>*સિરીયલ નંબર (રજિસ્ટર કરાયેલ ન હોય તેના માટે):* |
| **વધારાની સિક્યોરીટીની વિગતો** | |
| **શુલ્ક** | નીચેના શેડ્યૂલના ભાગ B માં દર્શાવેલ મુજબ |
| **વિતરણ** | વિતરણ વિનંતી ફોર્મમાં ઉલ્લેખિત બેંક એકાઉન્ટમાં વિતરણ |
| **SMA/NPA ઉદાહરણ** | *ઉદાહરણ: જો લોન એકાઉન્ટની નિયત તારીખ 31 માર્ચ, 2021 હોય, અને ધિરાણ આપતી સંસ્થા આ તારીખ માટે 'દિવસના અંતની પ્રક્રિયા' (ડે-એન્ડ પ્રક્રિયા) ચલાવે તે પહેલાં સંપૂર્ણ દેય રકમ* |



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

| | |
|---|---|
| | *પ્રાપ્ત થઈ ન હોય, તો ઓવરડ્યૂ (મુદતવીતી)ની તારીખ 31 માર્ચ, 2021 હશે. જો તે ઓવરડ્યૂ (મુદતવીતી) રહેવાનું ચાલુ રહે છે, તો આ એકાઉન્ટ 30 એપ્રિલ, 2021 ના રોજ 'દિવસના અંતની પ્રક્રિયા' (ડે-એન્ડ પ્રક્રિયા) ચલાવવા પર એટલે કે સતત મુદતવીતી હોવાના 30 દિવસ પૂર્ણ થવા પર SMA-1 તરીકે ટૅગ કરવામાં આવશે. એ અનુસાર, તે ખાતાની SMA-1 વર્ગીકરણ તારીખ 30 એપ્રિલ 2021 હશે.*<br><br>*તેવી જ રીતે, જો એકાઉન્ટ ઓવરડ્યૂ (મુદતવીતી) રહેવાનું ચાલુ રહે, તો 30 મે, 2021ના રોજ 'દિવસના અંતની પ્રક્રિયા' (ડે-એન્ડ પ્રક્રિયા) ચાલવા પર તેને SMA-2 તરીકે ટૅગ કરવામાં આવશે અને જો વધુ ઓવરડ્યૂ (મુદતવીતી) રહેવાનું ચાલુ રહે, તો 29 જૂન, 2021 ના રોજ 'દિવસના અંતની પ્રક્રિયા' (ડે-એન્ડ પ્રક્રિયા) ચાલવા પર તેને NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.*<br><br>*તે સ્પષ્ટ કરવામાં આવે છે કે વ્યાજ અને મુદ્દલ સહિતની તમામ ઓવરડ્યૂ (મુદતવીતી) રકમની ચુકવણી કરવા પર જ (એવા કિસ્સાઓ સિવાય જ્યાં આ એગ્રીમેન્ટની જોગવાઈઓ અનુસાર ધિરાણકર્તા દ્વારા કોઈપણ લોન રિકૉલ નોટિસ ઇશ્યૂ કરવામાં આવી હોય અથવા અમલીકરણ/વસૂલાતની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય) ઉધારકર્તાના લોન એકાઉન્ટનું વર્ગીકરણ RBI માર્ગદર્શિકા મુજબ સ્ટાન્ડર્ડ તરીકે અપગ્રેડ કરી શકાય છે.* |
| નોડલ ફરિયાદ નિવારણ અધિકારી અને ફરિયાદ નિવારણ પદ્ધતિની વિગતો | *નોડલ ફરિયાદ નિવારણ અધિકારી અને કામગીરીના સંબંધિત ક્ષેત્રો માટે ફરિયાદ નિવારણ પદ્ધતિની વિગતો માટે કૃપા કરીને વેબસાઇટ* **https://www.indostarcapital.com/contact-us** *પર આપવામાં આવેલી વિગતોનો સંદર્ભ લો.* |

**ભાગ B**

| | | | | |
|---|---|---|---|---|
| 1. | **લોન દરખાસ્ત/ એકાઉન્ટ નં.** | | **લોનનો પ્રકાર** | |
| 2. | **મંજૂર લોનની રકમ (રૂપિયામાં)** | | | |
| 3. | **વિતરણ શેડ્યૂલ**<br>(i) તબક્કાવાર અથવા 100% અપફ્રન્ટ વિતરણ<br>(ii) જો તે તબક્કાવાર છે, તો સંબંધિત વિગતો ધરાવતા લોન કરારની કલમનો ઉલ્લેખ કરો | | | |
| 4. | **લોનની મુદત (વર્ષ/મહિનાઓ)** | | | |
| 5. | **હપ્તાની વિગતો** | | | |

| હપ્તાઓનો પ્રકાર | EPI/EMI ની સંખ્યા | EPI/EMI (₹ માં) | પુનઃચુકવણીની શરૂઆત, મંજૂરી પછી |
|---|---|---|---|
| માસિક | | | |



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 6. | **વ્યાજ દર (%) અને પ્રકાર (ફિક્સ્ડ અથવા ફ્લોટિંગ અથવા હાઇબ્રિડ)** | | | | | ____% ના દરે ફિક્સ્ડ વ્યાજ દર |
| 7. | **ફ્લોટિંગ વ્યાજ દરના કિસ્સામાં વધારાની માહિતી** | | | | | લાગુ પડતું નથી |
| 8. | **ફી/ચાર્જિસ** | | | | | |
| | | | ધિરાણકર્તાને ચૂકવવાપાત્ર (A) | | તૃતીય પક્ષને ધિરાણકર્તા દ્વારા ચૂકવવાપાત્ર (B) | |
| | | | એક વખત/આવર્તક | રકમ (₹ માં) અથવા % (લાગુ પડતું હોય તે મુજબ) | એક વખત/આવર્તક | રકમ (₹ માં) અથવા % (લાગુ પડતું હોય તે મુજબ) |
| (i) | પ્રક્રિયા શુલ્ક | | એક જ વખત | ₹ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (ii) | વીમા ચાર્જીસ | | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | એક જ વખત | ₹ |
| | (a) | મોટર વીમો | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | એક જ વખત | ₹ |
| | (b) | જીવન વીમો | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | એક જ વખત | ₹ |
| | (c) | રક્ષા કવચ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | એક જ વખત | ₹ |
| | (d) | અન્યો | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | એક જ વખત | ₹ |
| (iii) | વાહનની તપાસ/નિરીક્ષણ માટેના ચાર્જિસ | | એક જ વખત | ₹ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (iv) | દસ્તાવેજીકરણ ચાર્જિસ | | એક જ વખત | ₹ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (v) | સ્ટેમ્પિંગ ચાર્જિસ | | એક જ વખત | વાસ્તવિક રીતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (vi) | સિક્યોરિટી ક્રિએશન ચાર્જિસ | | એક જ વખત | વાસ્તવિક રીતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (vii) | ગેપ-ડે વ્યાજ | | એક જ વખત | ₹ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (viii) | અન્ય (જો કોઈ હોય તો) (વિગતો આપવાની રહેશે) | | | | | |
| 9. | **વાર્ષિક ટકાવારી દર (% માં APR)** | | | | | |



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

| | | |
|---|---|---|
| 10. | **આકસ્મિક ચાર્જની વિગતો (લાગુ પડતા ₹ અથવા % માં)** | |
| (i) | વિલંબિત ચુકવણીના કિસ્સામાં દંડાત્મક ચાર્જિસ (જો કોઈ હોય તો) | **વાર્ષિક 36%** |
| (ii) | ફોરક્લોઝર ચાર્જિસ (જો કુલિંગ ઑફ સમયગાળા પછી લોન રદ કરવામાં આવે તો) | ચૂકવવાપાત્ર મુદ્દલ રકમના 4% |
| (iii) | અન્ય દંડાત્મક ચાર્જિસ (જો કોઈ હોય તો); (વિગતો આપવાની રહેશે) | |
| (a) | ચેક / ઇલેક્ટ્રોનિક ક્લિયરન્સ સર્વિસ ("ECS") બાઉન્સ ચાર્જિસ | રિટર્ન કરાયેલ ECS/ચેક દીઠ ₹ 500 |
| (b) | ડુપ્લિકેટ નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ ચાર્જિસ | મુદત પૂરી થયેલા/ખોવાયેલા NOC દીઠ ₹ 500 |
| (c) | એકાઉન્ટ ચાર્જિસનું સ્ટેટમેન્ટ | ₹ 500 |
| (d) | સ્વૉપિંગ ચાર્જિસ (ECS/NACH/ પોસ્ટ ડેટેડ ચેકમાંથી) | ₹ 1000 |
| (e) | રોલ ઓવર પોસ્ટ ડેટેડ ચેક ચાર્જિસ | ₹ 500 |
| (f) | નોન પોસ્ટ ડેટેડ ચેક ચાર્જિસ (રોકડ ચુકવણી મોડ) | ₹ 500 |
| (g) | પોસ્ટેજ, ટેલિગ્રામ, ટેલિફોન અને નોટિસ ચાર્જિસ | વાસ્તવિક પર |
| (h) | ચુકવણી કલેક્શન ચાર્જિસ (FVC) | પ્રતિ ટ્રાન્ઝેક્શન ₹ 200 |
| (i) | એન્ફોર્સમેન્ટ ચાર્જિસ | વાસ્તવિક પર |
| (j) | આઉટસ્ટેશન ચેક માટે ચેક કલેક્શન ચાર્જિસ | વાસ્તવિક પર |
| (k) | અસ્કયામતના રીપેર સંબંધિત ચાર્જિસ | વાસ્તવિક પર |
| (l) | કોઈપણ ક્રિયા અથવા કાર્યવાહી સંબંધિત ફી અને ખર્ચ | વાસ્તવિક પર |
| (m) | દસ્તાવેજ રિટ્રીવલ ચાર્જિસ | વાસ્તવિક પર |
| (n) | ટોઇંગ ચાર્જિસ | વાસ્તવિક પર |
| (o) | રિપઝેશન ચાર્જિસ | વાસ્તવિક પર |
| (p) | કાનૂની શુલ્ક | વાસ્તવિક પર |
| (q) | લોન રદ કરવાના ચાર્જિસ (જો કુલિંગ ઑફ સમયગાળા પછી લોન રદ કરવામાં આવે તો) | ઓછામાં ઓછા ₹ 3000/- અથવા દિવસોનું વ્યાજ**, જે વધારે હોય તે |
| (r) | સિક્યોરિટી જાળવણી ચાર્જિસ | વાસ્તવિક પર |
| (s) | વાહનના પાર્કિંગ/વેચાણ માટેના ચાર્જિસ | વાસ્તવિક પર |
| (t) | અન્ય (જો કોઈ હોય તો) (વિગતો આપવાની રહેશે) | |
| | | |
| | | |
| | | |
| 11. | ડિજિટલ લોનના કિસ્સામાં, નીચેની વિશિષ્ટ જાહેરાતો રજૂ કરી શકાય છે: | |
| (a) | કુલિંગ ઑફ/લુક-અપ સમયગાળો | 3 (ત્રણ) દિવસ |



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

| | | |
|---|---|---|
| (b) | ઉધારકર્તા સાથે સંપર્ક કરવા માટે અધિકૃત રિકવરી એજન્ટનો વર્ણન | આજની તારીખે કોઈ વસૂલાત એજન્ટની નિમણૂક કરવામાં આવી નથી. ધિરાણકર્તા દ્વારા કોઈપણ વસૂલાત એજન્ટની નિમણૂક થયા પછી ઉધારકર્તા(ઓ)ને વસૂલાત એજન્ટની વિગતો પ્રદાન કરવામાં આવશે. |

**બધા ચાર્જિસ GST સિવાયના છે*

***દિવસોની સંખ્યા:  વિતરણની તારીખથી રદ કરવાની સંપૂર્ણ રકમ પ્રાપ્ત થયાની તારીખ સુધી.*



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

## પુન:ચુકવણીનું સમયપત્રક

| હપ્તા નંબર | ચૂકવવાપાત્ર મુદ્દલ | મુદ્દલ | વ્યાજ | હપ્તો |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

| <u>હપ્તા નંબર</u> | <u>ચૂકવવાપાત્ર મુદ્દલ</u> | <u>મુદ્દલ</u> | <u>વ્યાજ</u> | <u>હપ્તો</u> |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |



| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 | ગેરેન્ટર | ધિરાણકર્તા |

## <u>અપરિવર્તનીય પાવર ઓફ એટર્ની</u>

## <u>(લોન સહ હાઇપોથિકેશન (ગીરો) એગ્રીમેન્ટ માટે)</u>

જે કોઈને આ દસ્તાવેજો પ્રાપ્ત થાય તે તમામને જાણ થાય કે, અહીં જોડાયેલ શેડ્યૂલમાં દર્શાવેલ મુજબ હું/અમે ("**ઉધારકર્તા**")

<u>જ્યારે:</u>

**ઇન્ડસ્ટોર કેપિટલ ફાઇનાન્સ લિમિટેડ,** (CIN: L65100MH2009PLC268160) જે એક પબ્લિક લિમિટેડ કંપની છે, અને કંપનીઝ એક્ટ, 1956 હેઠળ સ્થાપિત છે, જેની રજિસ્ટર્ડ ઓફિસ સિલ્વર યુટોપિયા, ત્રીજો માળ, યુનિટ નં. 301-A, પી એન્ડ જી પ્લાઝાની સામે, કાર્ડિનલ ગ્રેસિયસ રોડ, ચકાલા, અંધેરી (પૂર્વ), મુંબઈ - 400099 ખાતે છે અને તેની શાખા ________________________________________________________________, ભારત (હવે પછી આગળ "**ધિરાણકર્તા**" તરીકે સંદર્ભિત) ખાતે છે, તેમણે અહીં શેડ્યૂલમાં ઉલ્લેખિત મહત્તમ મુદ્દલ રકમ ("**લોન**") સુધીની નાણાંકીય સુવિધાઓ આપવા અથવા મંજૂર કરવા સંમત થયા છે અથવા મંજૂરી આપી છે, લોન સહ હાઇપોથિકેશન (ગીરો) એગ્રીમેન્ટ જુઓ, જેમ કે અહીં શેડ્યૂલમાં ઉલ્લેખિત છે ("**લોન એગ્રીમેન્ટ**") જે મારા/અમારા અને ધિરાણકર્તા વચ્ચે અમલમાં મૂકાયેલ/અમલમાં મૂકવાનું છે;

અને જ્યાં હું/અમે અહીં શેડ્યૂલમાં ઉલ્લેખિત લોન એગ્રીમેન્ટના શેડ્યૂલમાં વધુ સંપૂર્ણ રીતે વર્ણવેલ અસ્ક્યામતને હાઇપોથિકેટ (ગીરો) મૂકવા સંમત થયા છીએ (હવે પછી આગળ "**અસ્ક્યામત**" તરીકે સંદર્ભિત) અને લોનની મારા/અમારા દ્વારા દેય ચુકવણી, વ્યાજના દરે ચૂકવવાપાત્ર નાણાં, દંડાત્મક ચાર્જિસ (જો લાગુ પડે તો) અને લોન એગ્રીમેન્ટ હેઠળ મારા/અમારા દ્વારા ધિરાણકર્તાને ચૂકવવાપાત્ર તમામ અન્ય ચાર્જિસ સુનિશ્ચિત કરવા માટે સિક્યોરીટી તરીકે અને ધિરાણકર્તાના પક્ષમાં અસ્ક્યામત પર ચાર્જિસ નિર્મિત કરવા માટે સંમત થયા છીએ.

અને જ્યાં હું/અમે, ઉધારકર્તા, અમારા માટે અને અમારા વારસદારો અને અસાઈનીઓ માટે, લોન એગ્રીમેન્ટ હેઠળ ધિરાણકર્તાના હિતનું રક્ષણ કરવા માટે ધિરાણકર્તાના પક્ષમાં એક અપરિવર્તનીય પાવર ઓફ એટર્ની અમલમાં મૂકવા સંમત થયા છીએ જેથી નીચેના કૃત્યો, કાર્યો, બાબતો અને વસ્તુઓ કરી શકાય:

1) લોન એગ્રીમેન્ટની જોગવાઈઓને પ્રભાવી બનાવવા માટે અને તેના હેઠળ નિર્મિત સિક્યોરીટી હિતના સંરક્ષણ, અમલીકરણ અને પ્રાપ્તિ માટે જરૂરી હોય તે રીતે અસ્ક્યામતના સંબંધમાં તમામ સાધનો અને દસ્તાવેજો તેમજ કૃત્યો, કાર્યો, બાબતો અને વસ્તુઓ કરવી.
2) આવી તમામ ડિડ્સ, દસ્તાવેજો અને ખાતરીઓ અમલમાં મૂકવી અને ધિરાણકર્તાઓ દ્વારા જરૂરી હોય તેવા તમામ કૃત્યો અને વસ્તુઓ કરવા અને ધિરાણકર્તા અથવા તેમના નોમિનીની તરફેણમાં હોય તેવા તમામ સોગંદનામા, પાવર ઓફ એટર્ની, ફોર્મ, ટ્રાન્સફર, સોંપણીઓ અને ખાતરીઓ અમલમાં મૂકવી, જે ધિરાણકર્તાને તેમના ટાઇટલને પૂર્ણ કરવા અથવા ધિરાણકર્તા અથવા તેના નોમિની અથવા તેના કોઈપણ ખરીદનારમાં ઉપરોક્ત અસ્ક્યામતને નિહિત કરવા માટે જરૂરી હોઈ શકે છે.



| | | |
|---|---|---|
| | | |
| ઋણ લેનાર | સહ-ઉધારકર્તા 1 | સહ-ઉધારકર્તા 2 |

3) વર્તમાન અને પાછલા આકારણી વર્ષો સંબંધિત મારા/અમારા ઇન્કમ ટેક્સ રિટર્ન/રિટર્ન્સ, આકારણી કાર્યવાહી, અપીલ કાર્યવાહી વગેરેનું નિરીક્ષણ કરવા માટે સીધા નિરીક્ષણ કરવા અથવા કોઈપણ એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા રજિસ્ટર્ડ ટ્રેડ પ્રેક્ટિશનરને નિયુક્ત કરવા માટે.

4) ધિરાણકર્તા પાસેથી ક્રેડિટ સુવિધા મેળવવા માટે મારા/અમારા દ્વારા કરવામાં આવેલી વિવિધ રજૂઆતોની સત્યતા ચકાસવા માટે ધિરાણકર્તાને સક્ષમ બનાવવા માટે.

5) મહત્વપૂર્ણ વિગતોની ખાતરી કરવા માટે નોકરીદાતાઓ પાસેથી જરૂરી માહિતી મેળવવા માટે.

6) R.C. બુકમાં હાઇપોથિકેશન (ગીરો)ને સમર્થન આપવા અને વાહન ટ્રાન્સફર કરવા માટે ધિરાણકર્તા દ્વારા જરૂરી ગણાતા એડવોકેટ અથવા અન્ય કોઈપણ અધિકૃત વ્યક્તિ મારફતે પ્રાદેશિક પરિવહન કાર્યાલય, પરોક્ષ કર સત્તાધિકારીઓ અને અન્ય સત્તાધિકારીઓ સમક્ષ હાજર થવું.

7) લોન એગ્રીમેન્ટની શરતો અનુસાર ડિફોલ્ટની ઘટના ઘટિત થાય તો હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી અસ્ક્યામતનો કબજો લેવો અને ધિરાણકર્તાને સંજોગોમાં યોગ્ય લાગે તે રીતે અસ્ક્યામત જાળવી રાખવી અથવા અન્યથા વ્યવહાર કરવો.

8) કોઈપણ રજીસ્ટ્રેશન સત્તાધિકારીઓ, ઉપરોક્ત અસ્ક્યામતના ઉત્પાદકો અને/અથવા તેના ડીલરો પાસેથી કોઈપણ ફોર્મ, પ્રમાણપત્રો, રજીસ્ટ્રેશન બુક્સ, બુકિંગ ઓર્ડર, વીમા પૉલિસી અથવા અન્ય દસ્તાવેજો મેળવવા, પ્રાપ્ત કરવા, માંગવા અથવા એકત્રિત કરવા.

9) હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી અસ્ક્યામતના કોઈપણ ભાગના વેચાણ અથવા નિકાલ અથવા તેના સંદર્ભમાં ઉધારકર્તાના કોઈપણ અધિકારોનો ઉપયોગ કરવા અથવા ધિરાણકર્તાને હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી અસ્ક્યામત પર નિર્મિત સિક્યોરીટી હિતનો સંપૂર્ણ લાભ આપવા માટે આપવામાં આવેલી કોઈપણ સત્તાનો ઉપયોગ કરવો.

10) ધિરાણકર્તાને યોગ્ય અથવા જરૂરી લાગે તે મુજબ કોઈપણ બાબતમાં હાઈપોથિકેટ (ગીરો) કરાયેલી અસ્ક્યામતનું ટ્રાન્સફર, વેચાણ, ભાડાપટ્ટે, ભાડે આપવા, નિકાલ કરવા, ડિલિવરી આપવા અને અન્યથા વ્યવહાર કરવા, અને તમામ એગ્રીમેન્ટ્સ, કોન્ટ્રેક્ટસ, ઘોષણા ફોર્મ, સાધનો અને અન્ય લખાણો પર હસ્તાક્ષર કરવા અને તેમનું અમલીકરણ કરવું, જેમાં પ્રતિફળ પ્રાપ્ત કરવાનો અને યોગ્ય રસીદ આપવાનો અને આવા હેતુઓ માટે જરૂરી અથવા અનુકૂળ હોય તે મુજબ માન્ય અને અસરકારક ડિસ્ચાર્જિસ આપવાનો સમાવેશ થાય છે, પરંતુ માત્ર તેના સુધી જ મર્યાદિત નથી.

11) ઉપર ક્લોઝ 7 માં સંદર્ભિત કોઈપણ ટ્રાન્સફર, વેચાણ, લીઝ, નિકાલ, ડિલિવરી અથવા અન્ય ટ્રાન્ઝેક્શન્સ (ઉપરોક્ત હાઇપોથિકેટ (ગીરો) કરાયેલી અસ્ક્યામત સાથે) કરવા માટે કોઈપણ બ્રોકરની નિમણૂક કરવી અથવા તેમને રોકવા.

